




**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

## અનુક્રમણિકા


૧. કરુણાથી ખીલે છે પ્રેમ ૧
૨. વિવેક જ આપણો સાચો માર્ગદર્શક ૨
૩. ઈશ્વર કોણ છે, ક્યાં છે, કેવો છે ? ૪
૪. નાનકડી ખોપરી, પણ છે ચમત્કારી ૭
૫. ગાયત્રી તપસ્યાનું રહસ્ય ૯
૬. સફળતાનાં છ સોનેરી સૂત્રો ૧૧
૭. આપ પણ મહાન બની શકો છો ૧૩
૮. ધરમ ન છોડો, આ જીવન ચાર દિનનું છે ૧૫
૯. તંત્ર એક સમગ્ર વિજ્ઞાન ૧૬
૧૦. સમયની માગ છે શ્રેષ્ઠ સાહિત્ય ૨૦
૧૧. દુર્બુદ્ધિ અને સદ્બુદ્ધિ ૨૩
૧૨. સ્વયં કહો- 'શિષ્યોડહમ્' ૨૪
૧૩. કલ્પના અંતર્મુખી બને અને ધારણાનું સ્વરૂપ લઈ લે ૨૬
૧૪. પરમ પૂજ્ય ગુરૂદેવની અમૃતવાણી ૨૮
૧૫. ઋષિચિંતન : જન-જન સુધી પહોંચાડવા શક્ય તેટલો પ્રયાસ કરવામાં પાછળ ન રહીએ ૩૪
૧૬. માર્ચ ૨૦૦૩માં યુગ નિર્માણ યોજના ગો-વિજ્ઞાન વિશેષાંકનું પ્રકાશન ૩૬
૧૭. આ સામયિકની આવશ્યકતા અને અમારા પ્રયાસો ૩૯
૧૮. નિસ્ત્રૈગુણ્યો ભવાર્જુન ૪૦
૧૯. ચેતનાની શિખર યાત્રા ૪૪
૨૦. અપનો સે અપની બાત ૪૭


# નવરાત્રિની અનુષ્ઠાન સાધના

શાસ્ત્રોમાં નવરાત્રિની અનુષ્ઠાન સાધનાને વધારે મહત્ત્વ આપવામાં આવ્યું છે એમાં અમુક વિશેષ પ્રકારના નિયમોનું પોતાનું આગવુ મહત્ત્વ છે. આ નિયમો સામાન્ય વ્યવહારમાં થોડા કઠોર તો લાગે છે. પણ એવા નથી કે જેને પ્રબળ ઈચ્છા શક્તિ ધરાવતી વ્યક્તિ પણ પાળી ન શકે મૂળ વાત તો એ છે કે નવરાત્રિ દરમ્યાન આ નિયમોનું પાલન કર્યા પછી એને દૈનિક જીવનમાં સામેલ કરવાથી જ પ્રગતિ અને સિદ્ધિનો પાયો મજબૂત બને છે.

નવરાત્રિ સાધનાને પ્રચંડ બનાવવા અને સાધકની નિષ્ઠાને દૃઢ કરવા માટે અનુષ્ઠાનમાં જે નિયમો નક્કી કરવામાં આવ્યા છે એને વ્રત કહેવામાં આવે છે. નવરાત્રિમાં ઉપવાસ, બ્રહ્મચર્ય, ભૂમિશયન, ચામડાની વસ્તુઓનો ત્યાગ તથા સ્વયં સેવા જેવા નિયમોનું પાલન કરવાની પરંપરા ઋષિઓએ એ દૃષ્ટિથી બનાવી છે કે ઉપાસનામાં એવી પ્રખરતા પેદા થાય કે જે સગવડતાના વાતાવરણમાં હોતી નથી. તપશ્ચર્યાના તત્ત્વજ્ઞાનનો સાર એટલો જ છે કે આદર્શવાદી હેતુ માટે સ્વેચ્છાપૂર્વક કષ્ટ સહન કરવામાં આવે અને એ અવસર પર સંકલ્પ શક્તિ તથા શ્રધ્ધાને પાકટ-દૃઢ બનાવવામાં આવે. સાધના દરમ્યાન કઠોર નિયમોનું પાલન કરવાથી મનોબળ વધે છે અને સત્કાર્યો કરવા માટેની શક્તિ પેદા થાય છે.

નવરાત્રિ અનુષ્ઠાનની એક વિશેષતા નિયમિતતા પણ છે. દરરોજ સત્તાવીશ માળા કરી ૨૪૦૦૦ જપ અથવા ૨૪૦૦ મંત્રલેખન કરવું જોઈએ. સવાર-સાંજની આરતીમાં એક પણ સમય ગેરહાજર રહેવું નહીં, આહાર-વિહાર માટે નક્કી કરેલા નિયમોનું દૃઢતાંથી પાલન કરવું જોઈએ. પૂર્ણાહુતિમાં દશાંશ આહુતિઓની વ્યવસ્થા કરવી જોઈએ. "યુગ શક્તિ ગાયત્રી" પત્રિકાના નવા સદસ્ય બનાવીને જ્ઞાનદાન કરવું જોઈએ. આ પ્રકારે અનુષ્ઠાનના નિયમોનું નિયમિતતા અને નિષ્ઠાપૂર્વક પાલન કરવાથી મૂળ હેતુ પૂરો થાય છે.

**નવરાત્રિનો શુભારંભ ૨ એપ્રિલ ૨૦૦૩ બુધવાર**




**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

ૐ ભૂર્ભુવઃ સ્વઃ તત્સવિતુર્વરેણ્યં ભર્ગો દેવસ્ય ધીમહિ ધિયો યો નઃ પ્રચોદયાત્

# યુગ શક્તિ ગાયત્રી

: સંસ્થાપક / સંરક્ષક :
વેદમૂર્તિ, તપોનિષ્ઠ યુગદ્રષ્ટા
પં. શ્રીરામ શર્મા આચાર્ય
અને
માતા ભગવતી દેવી શર્મા

: સંપાદક :
ડૉ. પ્રણવ પંડ્યા

: સહ સંપાદક :
ઘનશ્યામ પટેલ

: કાર્યાલય :
ગાયત્રી તપોભૂમિ,
મથુરા – ૨૮૧ ૦૦૩
: ટેલિફોન :
(૦૫૬૫)૨૫૩૦૩૯૯,૨૫૩૦૧૨૮

વાર્ષિક લવાજમ : ૫૫ રૂપિયા
આજીવન લવાજમ : ૭૦૦ રૂપિયા
વિદેશનું લવાજમ
વાર્ષિક ૧૦ પાઉન્ડ / ૧૫ ડૉલર રૂ. ૬૦૦=૦૦
આજીવન:૧૦૦ પાઉન્ડ/૧૫૦ ડૉલર
ભારતીય મુદ્રામાં રૂ. ૭૦૦૦-૦૦
વર્ષ - ૩૪ અંક - ૩
પ્રકાશન તિથિ ૨૫-૨-૨૦૦૩
માર્ચ - ૨૦૦૩
એક અંક : રૂ. ૫-૦૦

## કરુણાથી ખીલે છે પ્રેમ

એક ફૂલને હું પ્રેમ કરું છું, એટલો પ્રેમ કરું છું કે મને ડર લાગે છે કે કયાંક સૂરજના તાપમાં કરમાઈ ન જાય, મને ડર લાગે છે કે કયાંક વેગથી હવા આવે અને એની પાંખડીઓ ખરી ન પડે, મને ડર લાગે છે કે કોઈ જાનવર આવીને એને ખાઈ ન જાય, મને ડર લાગે છે કે પડોશીનાં બાળકો એને ઉખેડી ન નાંખે, તો હું ફૂલના છોડનાં કૂંડાંને તિજોરીમાં મૂકીને તાળું લગાવી દઉં છું. મને પ્રેમ તો ખૂબ છે, પણ કરુણા મારી પાસે નથી.

મેં છોડને બચાવવા તમામ પ્રયાસ કર્યા. તડકાથી બચાવ્યો, હવાથી બચાવ્યો, જાનવરથી બચાવ્યો, મજબૂત તિજોરી ખરીદી, એ પણ મહેનત કરીને બનાવી હતી, તાળું મારીને છોડને બંધ કરી દીધો, પરંતુ હવે આ છોડ મરી જશે. મારો પ્રેમ એને બચાવી શકશે નહિ અને તે ખૂબ જલદી મરી જશે.

જગતમાં પ્રેમ પણ રહ્યો છે, દયા પણ રહી છે, પરંતુ કરુણા નહિ. કરુણાનો અનુભવ જ રહ્યો નથી. કરુણાનો અનુભવ થાય તો જ આપણે જીવન બદલીશું અને કરુણામાંથી જો દયા નીકળે, તો તે દયા નકારાત્મક રહેશે નહિ. તેમાં અહંકારની તૃપ્તિ નહિ હોય અને કરુણામાંથી જો અહિંસા નીકળે, તો તે નિષેધાત્મક રહેશે નહિ. એ ફકત એટલું જ નહિ કહે કે દુઃખ ન દો, તે તો એમ પણ કહેશે કે દુઃખ દૂર પણ કરો. દુઃખથી બચાવો, દુઃખથી મુકત પણ કરો. સુખ પણ લાવો અને જો કરુણામાંથી પ્રેમ નીકળે, તો પ્રેમ મુકિતદાયી બની જશે. બંધનકારી રહેશે નહિ.

સદ્દગુરુનો પ્રેમ એવો જ છે. આ વાસંતી ક્ષણોમાં કરુણાની મહેક પ્રસરી રહી છે. આ મહેક છે સદ્દગુરુની કરુણાની, શિષ્યવત્સલ ગુરુવરનો પ્રેમ કરુણાથી ભરપૂર છે. એ આપણી સામાન્ય દોષ-દુર્બળતાઓથી મુકત છે. પ્રેમની સમગ્ર ફળદ્રુપતા એમાં મોજૂદ છે. એમાં સંઘર્ષ છે તો સર્જન પણ છે. પ્રગતિ અને વિકાસની બહુમુખી તક એમાં છે. વ્યકિતત્વના વિવિધ પ્રકારના વિકાસની ચમક એમાં છે. કરુણાથી ભરપૂર ગુરુપ્રેમ વસંતપર્વની આ પાવન ક્ષણોમાં આપણને સૌને સહેજે યાદ આવે છે અને ગુરુસ્મરણથી સહજ સુલભ પણ છે.



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

( પ્રકૃતિ દર્શન )

# વિવેક જ આપણો સાચો માર્ગદર્શક

કેટલીક વખત એવા પ્રસંગો સામે આવે છે કે પરસ્પર વિરોધી વિચારધારાઓ સામસામે આવી જતાં બુદ્ધિ ભ્રમિત થઈ જાય છે અને એ નિર્ણય થઈ શકતો નથી કે આમાંથી કોનો સ્વીકાર કરીએ અને કોનો અસ્વીકાર ?

વેદ-શાસ્ત્રોમાં અનેક એવા પ્રસંગો છે, જેમાં પરસ્પર ખૂબ મોટો મતભેદ છે. એક ગ્રંથમાં એક વાતનું સમર્થન કરવામાં આવ્યું છે, તો બીજામાં એનો વિરોધ. આમ ઋષિઓ, સંતો, મહાપુરુષો, નેતાઓના વિચારોમાં અને આદર્શોમાં ક્યારેક અસાધારણ વિરોધ હોય છે. આ સમસ્યાઓમાં સાધારણ વ્યક્તિનું મગજ ભમી જાય છે. ક્યાં શાસ્ત્રને, ઋષિને, મહાપુરુષને, નેતાને તે ખોટા ઠરાવે, ક્યાને સાચા ઠરાવે ? બધાંનું અનુકરણ થઈ શકતું નથી, કારણ કે વિરોધી મતોને એકસાથે માનવા અને તેનું અનુકરણ કરવું અશક્ય છે.

ગાયત્રી મંત્રનો ' ધિયો ' શબ્દ આવા પ્રસંગે વિવેકની કસોટી આપણા હાથમાં મૂકે છે અને આદેશ કરે છે કે કોઈ પુસ્તક કે વ્યક્તિ કરતાં વિવેકનું મહત્ત્વ વધારે છે. એટલા માટે જે વાત બુદ્ધિસંગત હોય, વિવેક સંમત હોય, અપનાવવા યોગ્ય હોય, ઉચિત હોય તેને જ ગ્રહણ કરવી જોઈએ.

દેશ, કાળ અને પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને અવારનવાર આચાર્યોએ ઉપદેશ આપ્યા છે. એટલા માટે જે વાત કોઈ એક સમય માટે ખૂબ ઉપયોગી અને આવશ્યક હતી, તે બીજા સમય માટે અનુચિત અને અનાવશ્યક હોઈ શકે છે. ઠંડીની મોસમમાં પહેરાતાં ઊનનાં ગરમ વસ્ત્રો ગરમીના દિવસોમાં હાનિકારક છે, એ જ રીતે ગરમીના દિવસોમાં પહેરાતાં હલકાં આછાં વસ્ત્રો ઠંડીના દિવસોમાં પહેરી રાખવાં એ ન્યુમોનિયાને નોતરું આપવા જેવું છે. જે તે સમયે જે પોશાક જરૂરી હોય છે, તે કાળ અને પરિસ્થિતિ બદલાતાં ત્યાજ્ય બની જાય છે.

અગ્નિની શોધ થતાં આદિકાળમાં મનુષ્ય આ દૈવી તત્ત્વ મેળવીને ખૂબ પ્રસન્ન થયો. તેણે પોતાની કૃતજ્ઞતા પ્રકટ કરવા માટે ઘી, મેવા, મિષ્ટાન્ન, પકવાન, સુગંધી વનસ્પતિઓનું ભોજન કરાવવાની પ્રણાલી, યજ્ઞ આરંભ કર્યો. સમય જતાં એ પવિત્ર યજ્ઞવ્યવસ્થામાં વિકાર આવ્યો અને ગાય, ઘોડો, નર વગેરેનો વધ કરીને હવન થવા લાગ્યા. આ વિકૃતિને રોકવા માટે ગૌતમ બુદ્ધમાં પણ વિકાર આવ્યો અને શંકરાચાર્યે તેનું ખંડન કરવું પડ્યું. શંકર મતના અનુયાયીઓ પણ ધીરે ધીરે શુષ્ક વેદાંતી રહી ગયા, ત્યારે પ્રેમ અને ભાવનાને જાગ્રત કરવા માટે ભક્તિમાર્ગી સંતોએ વેદાંતનો વિરોધ કરીને ભક્તિની ધજા ફરકાવી. ભક્તિમાં અંધવિશ્વાસ આવી ગયો, સ્વામી દયાનંદજીએ તેનું પણ ખંડન કર્યું. આમ જોઈએ છીએ કે એક આચાર્ય બીજાનું ખંડન કરતા આવે છે. જે રીતે એક સમયનું મિષ્ટ ભોજન કાલાંતરે વિષ્ટ બની જાય છે તેવી રીતે એક સમયની વ્યવસ્થા કાલાંતરે જીર્ણશીર્ણ થઈ જાય છે અને તેનો પુનરુદ્ધાર કરવો પડે છે. પોતપોતાના સમયે પ્રત્યેક શાસ્ત્રકાર સાચો છે, પણ કાલાંતરે એમાં સુધારો કરવો અનિવાર્ય છે. દેશ-કાળનું ધ્યાન ન રાખીને જ્યારે આપણે શાસ્ત્રોને સમકાલીન માનીને ચાલીએ છીએ ત્યારે એમાં વિરોધ દેખાવા માંડે છે, પરંતુ કાલભેદ અને પરિસ્થિતિ ભેદને ધ્યાનમાં રાખીએ છીએ તો તમામ વ્યવસ્થાઓ સાચી જણાવા લાગે છે.

કેવળ વિવેક જ આપણને બતાવી શકે છે કે આજની પરિસ્થિતિમાં શું ગ્રાહ્ય છે અને શું અગ્રાહ્ય ? એમ બની શકે કે અપરિષ્કૃત વિવેક કંઈક ભૂલ કરી બેસે અને તેનો નિર્ણય પૂર્ણ અને નિર્દોષ ન હોય, તો પણ જો નિષ્પક્ષ વિવેકને જાગ્રત રાખવામાં આવે તો બહુ જલદી જ એ ભૂલની પ્રતીતિ થઈ જશે અને સાચો માર્ગ મળી જશે. આપણો વિવેક ખોટો હશે તો ખોટા નિર્ણય પર પહોંચી જઈશું એવો ડર રાખવો યોગ્ય નથી, કારણ કે સત્યાસત્યના નિર્ણયનો માર્ગ વિવેક સિવાય બીજો કોઈ છે જ નહિ, જો કોઈ શાસ્ત્ર, સંપ્રદાય, મહાપુરુષના મતનું અનુકરણ કરવામાં આવે, તો પણ અનેક શાસ્ત્રો, સંપ્રદાયો, મહાપુરુષોમાંથી એકને આપણા પથ-પ્રદર્શક તરીકે પસંદ કરવાનું કામ વિવેક પર જ આવશે. વિવેકને અનુસરવાનું ક્યારેય હાનિકારક હોતું નથી. કારણ કે બુદ્ધિનો પવિત્ર, નિઃસ્વાર્થ, સાત્ત્વિક ભાગ હોવાને કારણે વિવેક દ્વારા એ જ નિર્ણય લેવાતા રહેશે, જે આજની આપણી મનોભૂમિ કરતાં શ્રેષ્ઠ હોય. તેનું અનુસરણ કરવાથી મનોભૂમિ દિન-બ-દિન વધુ પવિત્ર અને વિકસિત થતી જશે, તદનુસાર આપણો વિવેક પણ વધુ સૂક્ષ્મ થતો જશે. આ ઉભયપક્ષી ઉન્નતિ ધીરે ધીરે આત્મબળને વધારતી જશે અને ક્રમશઃ આપણે સત્યની



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

નજીક પહોંચતા જઈશું. આ માર્ગે ચાલતાં ચાલતાં એક દિવસ પૂર્ણ સત્યની પ્રાપ્તિ થઈ જશે.

અનેક પરંપરાઓ, પ્રથાઓ, રીતરિવાજો એવા પ્રચલિત છે, જે કોઈક સમયે ભલે ઉપયુક્ત રહ્યા હોય, પરંતુ આજે તો એ સર્વથા અનુપયોગી અને હાનિકારક જ છે. આવી પ્રથાઓ અને માન્યતાઓ વિશે એવું ન વિચારવું જોઈએ કે આપણા પૂર્વજો એ અપનાવતા રહ્યા છે તો જરૂર એનું પણ કોઈ મહત્ત્વ હશે એટલે આપણે પણ એ અપનાવી રાખીએ. આપણે પ્રત્યેક બાબત વિશે વર્તમાનકાળની આવશ્યકતાઓ અને પરિસ્થિતિઓને ધ્યાનમાં રાખીને જ નિર્ણય લેવો જોઈએ.

ભારતીય દર્શનશાસ્ત્રનો હંમેશાં એ આદેશ રહ્યો છે કે વ્યકિત અને વિચારોને પરસ્પર જોડો નહિ. શક્ય છે કે કોઈ ઉત્તમ ચરિત્રની વ્યકિત ભ્રાંત હોય અને એના વિચાર અનુપયુકત હોય. એવી રીતે એવું પણ શક્ય છે કે કોઈ હીન ચરિત્રની વ્યકિત સારગર્ભિત વાત કહેતી હોય. ઉત્તમ ચરિત્રની વ્યકિતનું સમ્માન કરવામાં ક્યારેય સંકોચ ન રાખવો જોઈએ, પરંતુ એ સમ્માનનો અર્થ એ નથી કે તેના વિચારોને સ્વીકારવા આપણે બંધાયેલા છીએ. અહીં વિવેક જ મુખ્ય છે. ભગવાન બુદ્ધના ઉત્તમ ચરિત્ર અને મહાન તપશ્ચર્યાથી શ્રદ્ધાન્વિત થઈને હિંદુ જાતિએ એમને સર્વોપરી સમ્માનની "અવતાર" ઉપાધિથી વિભૂષિત કર્યાં છે. આનાથી મોટું સમ્માન અને કૃતજ્ઞતા દર્શાવવાની રીત હિંદુ જાતિ પાસે બીજી કોઈ છે જ નહિ. આમ છતાં પણ બૌદ્ધ સિદ્ધાંતોનો સ્વીકાર કરવામાં આવ્યો નથી. ઈશ્વર પર અનાસ્થા, શૂન્યવાદ, ગૃહત્યાગમાં મોક્ષ, યજ્ઞનિષેધ વગેરે બુદ્ધની વાતોનો હિંદુ જાતિ માત્ર અસ્વીકાર જ નથી કરતી પણ કટુ વિરોધ પણ કરે છે. એક ચાર્વાક ઋષિ થઈ ગયા, એમનું નાસ્તિક દર્શન પણ અન્ય શાસ્ત્રોની જેમ આદરણીય છે, પરંતુ એ જરૂરી નથી કે એમના પ્રત્યે આદર ભાવ રાખનારને તે વિચાર પણ સ્વીકાર્ય હોય. ગાંધી અને સુભાષ બન્ને પ્રત્યે આંતરિક આદર રાખીને પણ એ બાબત આપણા વિવેક પર આધારિત રહેશે કે હિંસાનો સિદ્ધાંત માનવો કે અહિંસાનો.

સંસારમાં અનેક ધર્મ, સંપ્રદાય, મત, મજહબ, સિદ્ધાંત, શાસ્ત્ર, સંત, મહાપુરુષ, નેતા અને વિચારક છે. એમની પોતપોતાની રીતની અનેક માન્યતાઓ છે, એમાંથી આપણા માટે આજે કોનું, કેટલા અંશે, કેવી રીતે અનુસરણ કરવું જોઈએ, એનો નિર્ણય લેવાનું આપણા વિવેક પર છે. આપણો નિર્ણય, જે પક્ષમાં છે તે સિવાય પણ અન્ય ધર્મો કે મહાપુરુષો માટે ઘૃણા કે દ્વેષ રાખવાની જરૂર નથી. એમનો ઉપદેશ આજે ભલે આપણા માટે અનુકૂળ ન હોય, પરંતુ પોતાની સમજણથી પોતાની પરિસ્થિતિઓમાં એમણે પણ શુભ ઉદ્દેશથી પોતાનો મત આપ્યો હતો. એમનો ઉદ્દેશ પવિત્ર હતો, એટલા માટે તેઓ સ્વભાવથી આપણા આદરના અધિકારી બની જાય છે.

વિવેકની કસોટી પર કસીને આપણે પ્રત્યેક જગ્યાએ ભલાઈ - બુરાઈની પરખ કરી શકીએ છીએ. કોઈ દેશ, જાતિ કે મનુષ્યનાં કેટલાંક ખરાબ કામ જોઈને તેને પૂર્ણપણે ખરાબ માની લેવાં એ યોગ્ય નથી. જે સમુદાયમાં કેટલાક લોકો દુષ્ટ કે પ્રતિપક્ષી હોય, તેનાં તમામ લોકોને એવાં માની લેવા ઠીક નથી. અમુક જાતિ ખૂબ ખરાબ છે એવી માન્યતા અનુચિત છે. કારણ કે વધતા ઓછા પ્રમાણમાં તમામ સમુદાયોમાં સારા અને ખરાબ લોકો હોય છે. વિવેક જ આપણને બતાવી શકે છે કે શત્રુઓની વચ્ચે પણ મિત્ર હોઈ શકે છે અને મિત્રો પણ છૂપા દુશ્મન હોઈ શકે છે.

સારા અને ખોટાની, હાનિ અને લાભની, મિત્ર અને શત્રુની, સાચા અને ખોટાની ઓળખ કેવળ વિવેક જ કરાવી શકે છે. આકર્ષણો, પ્રલોભનો, તૃષ્ણાઓ, વિકારો, ભ્રાંતિઓ, જોખમોથી સાવધાન કરીને આપણને પતનની ઊંડી ખાઈમાં પડવામાંથી બચાવવાની શકિત ફકત વિવેકમાં જ છે. વિવેક આપણો સાચો મિત્ર છે. તે ભૂલો સુધારે છે, જોખમોથી બચાવે છે અને સફળતા તરફ અગ્રેસર કરે છે. આવા મિત્રની આવશ્યકતા સમજવી, તેને પ્રેમ કરવો અને તેને વધુમાં વધુ આદર સાથે નજીક રાખવો, એ આપણા માટે બધી રીતે કલ્યાણકારક બની શકે છે,

ગાયત્રી મંત્રના " ધિયો " શબ્દનો આદેશ છે કે આપણે વિવેકવાન બનીએ. વિવેક અપનાવીએ, વિવેકની કસોટી પર કસીને આપણા વિચાર અને કર્મોનું નિર્ધારણ કરીએ. આ શિક્ષણનો સ્વીકાર કરવો એટલે આપણી જીવનદશાઓને શીતળ, શાંતિદાયક મલયમારુત માટે ઉન્મુકત કરી દેવી. ▣

આપણું મન જ્યારે ઈમાનદારી છોડીને બેઈમાની તરફ ચાલવા લાગે તો સમજવું કે હવે આપણો સર્વનાશ નજીક આવી રહ્યો છે. બેઈમાનીથી પૈસા મળી શકે છે. પરંતુ એનાથી સાવધાન રહેજો. એ પૈસાને હાથ ન લગાડશો. કારણ કે એ અગ્નિની માફક ચમકદાર તો છે. પરંતુ અડવાથી દઝાડયા વગર રહેતા નથી.



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

# ઈશ્વર કોણ છે. કયાં છે. કેવો છે ?

સૃષ્ટિના કણ-કણમાં એનો નિવાસ છે. અણુ-અણુનો મૂલાધાર એ પરમાત્મ તત્ત્વ જ છે. બધું જ તેનાથી બને છે અને તે જ ચેતનશક્તિથી પરિચાલિત થાય છે, પ્રત્યેક પદાર્થ અને પ્રાણી એ જ એક તત્ત્વના અંશ છે, વ્યકિતગત જીવન, સમષ્ટિગત જીવન સીમિત અને અસીમિતનો મિથ્યાભેદ હોવા છતાં તત્ત્વતઃ એક જ છે.

ઉપનિષદોમાં પરમાત્મ તત્ત્વને 'સચ્ચિદાનંદ' રૂપે જોવામાં આવ્યું છે. એમાં પરમાત્માને સચ્ચિદાનંદ કહેવામાં આવ્યા છે. 'સત્' અર્થાત્ શાશ્વત, અજર-અમર અને અવિનાશી સ્વરૂપ. 'ચિત્' અર્થાત્ ચેતના. ચેતના અર્થાત્ દિવ્ય ગુણોથી સુસજ્જિત, ઉચ્ચસ્તરીય આદર્શો-આસ્થાઓથી યુકત. 'આનંદ' અર્થાત્ ભાવસંવેદનાઓ, સરસતા, મૃદુલતાથી ભરેલું. આ સચ્ચિદાનંદ સત્તા, ઉપાસ્ય રૂપે ઈશ્વર; નિરાકાર વ્યાપકતા રૂપે દેવતા; જીવોના અસ્તિત્વના કેન્દ્ર રૂપે બિરાજમાન અંતરાત્મા તથા સૃષ્ટિના વ્યવહારને સુધારવા તેને સૌંદર્યમંડિત કરવા આવેલા અવતાર રૂપે પોતાની અનુભૂતિ આપે છે. આ તત્ત્વ બુદ્ધિ અને તર્કથી પર હોવા છતાંય બુદ્ધિયુકત અને તર્કયુકત છે.

પ્રકૃતિની સમસ્ત હલચલોનું કેન્દ્રબિંદુ આ જ એક કેન્દ્રીય શકિત છે. તે જ વિવિધ રૂપો ધારણ કરે છે અને સંસારની રચના કરે છે. સંપૂર્ણ સૃષ્ટિમાં એ જ સંવ્યાપ્ત છે. આ કારણે આ મહાશકિતને બ્રહ્મ કહે છે. બ્રહ્મને બાદ કરતાં બ્રહ્માંડમાં બીજું કાંઈ જ નથી. ''એકો બ્રહ્મ દ્વિતીયોનાસ્તિ''ની ઉકિત આ જ તથ્ય પર આધારિત છે. તેના પ્રકાશથી જ તારા, ગ્રહ, નક્ષત્ર, સૂર્ય સૌ પ્રકાશિત છે. જીવ-જંતુ, વનસ્પતિઓમાં એના ચેતન-તરંગો જ ક્રીડા-કિલ્લોલ કરી રહ્યા છે.

બ્રહ્મ એક એવી ચેતન સત્તા છે, જેનાથી સંસારનો કોઈ કણ ખાલી નથી, કે નથી ખાલી કોઈ ક્ષણ. એ બ્રહ્મ સૂર્ય રૂપમાં (આત્મા રૂપમાં) તત્ત્વરૂપમાં પ્રતિભાસિત થાય છે અને પ્રકૃતિના સંયોગથી ભિન્ન શરીરો અને વાસનાઓવાળા જીવોનું નિર્માણ કરે છે. આ તથ્ય ખૂબ સુંદર રીતે કહી શકાય. જેવી રીતે એક સૂર્ય, એક આત્માનું અનંત જીવન છે, જે તે મૂળ ચેતના આદ્યશકિત પાસેથી પ્રાણ મેળવે છે તેવી રીતે અનેક આત્માઓ બ્રહ્મમાંથી જીવન અને ચેતના મેળવે છે. જેવી રીતે સમુદ્ર, નદી, ઝરણાં, તળાવ, સરોવરમાં એક જ તત્ત્વ જળ સર્વત્ર છે, તેવી રીતે જીવ-આત્મા, બ્રહ્મમાં એક જ પ્રાણતત્ત્વનો વિકાસ, એક જ મનોદય ચેતના મેળવી રહ્યો છે. ઝરણું પોતાના જીવનતત્ત્વનો ભાવ નદીમાં બદલીને નદી થઈ જાય છે અને નદી સમુદ્ર, એવી રીતે પ્રાણોનો જીવમાંથી આત્મામાં, આત્મામાંથી બ્રહ્મમાં વિકાસ અને એમાં જ માનસિક ચેતના કે સંકલ્પની સ્થિરતા જ જીવાત્માની બ્રાહ્મીભૂત સ્થિતિ છે.

આ રીતે બ્રહ્મ સર્વવ્યાપી, સર્વજ્ઞ અને સર્વશકિતમાન છે. સર્વવ્યાપી એટલા માટે કે તમામ રૂપ, દેશ અને કાળ, તેના પોતાના વિસ્તારમાં, તેની ગતિની શકિતથી ઉત્પન્ન તેની ચેતન સત્તાનાં રૂપ છે. તમામ વસ્તુઓ તેની ચેતનામાં રહે છે, તેના દ્વારા બનાવવામાં આવે છે અને તેના જ અધિકારમાં રહે છે. તે સર્વજ્ઞ છે. સર્વાધિકારી ચેતનાની જ એક સર્વાધિકારી શકિત અને સર્વસૂચક સંકલ્પ છે. આથી તે સર્વશકિતમાન છે.

બ્રહ્મને સ્રષ્ટા, નિયંતા, પોષક માનતાં છતાં તેને ઘટઘટ વ્યાપી સર્વજ્ઞ સમાહિત જ માની શકાય છે, આથી પરમાત્મા નિરાકાર છે, સાકાર રૂપના સંદર્ભમાં કહીએ તો-પરમાત્માનું આકાર રૂપ જોવું હોય તો આ વિશ્વને જ પરમેશ્વર માની શકાય છે. નિશ્ચિતપણે પરમાત્મા નિરાકાર હોવાની જેમ સાકાર પણ છે. આ વિશ્વમાં જે કાંઈ દેખાઈ રહ્યું છે તેને પરમાત્મા જ કહેવો જોઈએ.

પરમાત્માને તર્કથી પર અને તર્કસંમત પણ માની શકાય છે. ઈશ્વર અને એનો સૃષ્ટિપ્રવાહ અનંત છે. તેની અનંતતા તેના અમૃતત્ત્વમાં સમાયેલી છે કારણ કે મૃતત્વ પરિમિતતાની નિશાની છે. અથર્વવેદ એની જ ઘોષણા કરતાં કહે છે- 'ભૂતં ચ ભાવ્યં ચ સર્વ યશ્ચાદિતિષ્ઠિતિ ।' અર્થાત્ ઈશ્વર ત્રણેય કાળથી પર છે, સાથોસાથ તર્કથી પર પણ. સૃષ્ટિના ઊંડાણમાં ઊતરવાથી સ્પષ્ટ થઈ જાય છે કે તેના કણ-કણમાં નિયમ અને નિયંત્રણ વ્યાપેલાં છે. અહીં સમગ્ર સૂત્ર-સંચાલન એ રીતે થઈ રહ્યું છે જાણે કોઈ જાદુગરની આંગળીમાં બાંધેલા દોરા તમામ, કઠપૂતળીઓને જુદી જુદી રીતે નચાવી રહ્યા હોય. કર્તા વિના કોઈ ક્રિયા થઈ શકતી નથી. સમગ્ર સૃષ્ટિનું સંચાલન કરનાર, કરોડો જીવોમાં ચેતનાનો સંચાર કરનાર સર્વશકિતમાન નિયંતા એક જ કારીગર છે. વિશ્વના અંતરાલમાં કામ કરનાર એનો શકિતપ્રવાહ કેવળ જ્ઞાનયુકત જ નથી, ન્યાય (તર્ક) અને



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

ઔચિત્યનાં તથ્યોથી ઓતપ્રોત છે. સૌમાં એક જ પરમાત્માનો વાસ છે, આસ્થાઓનો વિકાસ જ્યારે આ સ્તર સુધી કરી લેવામાં આવે છે ત્યારે વ્યકિત ઈશ્વરના સામીપ્યની આનંદ-અનુભૂતિ કરવા યોગ્ય બની જાય છે. આ આનંદાનુભૂતિમાં એવું અનુભવી શકાય છે કે વિશ્વમાં તસુભર સ્થાન એવું નથી, જ્યાં ઈશ્વર ન હોય. અણુ-અણુમાં એની મહત્તા વ્યાપી રહી છે. ઈશ્વરને આદેશોનો સમુચ્ચય કહેવામાં આવે છે. આપણે ઈશ્વરને જે ગજથી માપીએ છીએ તે ખૂબ નાનો છે. ઈશ્વરનું સ્વરૂપ છે- મહાનતા. આ વિશાળ બ્રહ્માંડને તેની છબિ રૂપે જોઈ શકાય છે અને આ સુવિસ્તૃત વિસ્તાર હેઠળ થઈ રહેલી જ્ઞાત અને અવિજ્ઞાત હલચલોને તે મહાસાગરના તરંગો સમજી શકાય છે. એ પ્રાપ્ત કરવા માટે આપણે આપણી સંકુચિતતા છોડવી પડશે અને એની મહાનતા અપનાવવી પડશે, જેના સહારે એ મહાન પરમેશ્વરને જોઈ શકાય.

પોતાની મહાનતા અને વ્યાપકતામાં પરમેશ્વર સંવેદનાઓનું સંગીત બનીને વહે છે, પ્રેમનું ગીત બનીને ગૂંજે છે, ભાવનાઓનો પ્રવાહ બનીને વહે છે અને આનંદ રૂપ થઈ અંતઃકરણને રસ-વિભોર કરે છે. પ્રેમ પરમેશ્વરની ભાવાભિવ્યકિત છે. હકીકતમાં, પ્રેમ જ પરમેશ્વર છે. પ્રેમ જ સંસારમાં એકલી અપાર્થિવ વસ્તુ છે. મનુષ્યનું સમગ્ર દર્શન, સમગ્ર કાવ્ય, સમસ્ત ધર્મ, અને સમસ્ત સંસ્કૃતિ આ એક શબ્દથી જ પ્રેરાયેલાં છે. વ્યકિત અને સમષ્ટિમાં આત્માનો એ પ્રેમપ્રકાશ જ ઈશ્વરની મંગલમય રચનાનો સંદેશ આપી રહ્યો છે. આ પ્રેમમય પરમેશ્વર જ સંપૂર્ણ જડ-ચેતન શકિતનું નિર્માણ, નિયંત્રણ, સંચાલન અને વ્યવસ્થા કરનાર ચેતના છે. આથી પરમેશ્વર '**રસો વૈ સઃ**'થી ઓતપ્રોત છે.

પરમેશ્વરનો સર્જનહાર રૂપે ઉલ્લેખ કરતાં કહી શકાય કે સૃષ્ટિના આરંભમાં પરમાત્માએ પોતાની ઈચ્છાશકિતથી જીવો ઉત્પન્ન કર્યા. રચનાકાર વિના કોઈ રચના અસ્તિત્વ પામતી નથી. આ સંસારમાં જે કાંઈ પણ દશ્ય દેખાય છે, તેની પાછળ કોઈ ને કોઈ અદશ્ય સૂત્ર અવશ્ય સમજાય છે. સર્જનહારની સર્જનશકિતનું મૂળ રૂપ જ સૃષ્ટિ છે. 'એકોઽહમ્ બહુસ્યામઃ'ના સંકલ્પે જ વિશ્વબ્રહ્માંડના સૌંદર્યનું રૂપ લીધું છે. પરમાત્માએ સૃષ્ટિ બનાવી છે અને બનાવીને તેને નિયમો-સૂત્રોથી બાંધી દીધી છે, જેથી તમામ કાર્ય યથાવત્ ચાલી રહ્યું છે. ઈશ્વર સૃષ્ટિમાં સર્વત્ર સંવ્યાપ્ત છે.

પરમાત્માને નિયામક સત્તા કહે છે. આ તથ્યને બીજા શબ્દોમાં આ રીતે કહી શકાય-નિયામક વિના નિયમ-વ્યવસ્થા અને શાસક વિના શાસન ચાલે છે તો ખરું પણ થોડા સમયથી વધુ નહિ. તો પછી આટલી મોટી અને વ્યવસ્થિત સૃષ્ટિનો પ્રશાસક, સ્વામી અને નિયામક ન હોય તો સંસાર કોણ જાણે ક્યારનોય નષ્ટ થઈ ગયો હોત. જડમાં શકિત હોઈ શકે છે, વ્યવસ્થા નહિ. નિયમ સચેતન સત્તા જ બનાવી શકે છે, તેથી આ તથ્યોના પ્રકાશમાં પરમાત્માની મહત્તા ચરિતાર્થ થયા વિના રહેતી નથી. સંસારનો પ્રત્યેક પરમાણુ એક નિર્ધારિત નિયમથી કામ કરે છે. જો એમાં તલભર પણ અવ્યવસ્થા અને અનુશાસનહીનતા આવી જાય તો વિરાટ બ્રહ્માંડ એક ક્ષણ પણ ટકી શકે નહિ.

નિયામક સત્તાની વિધિ-વ્યવસ્થાનું વિશ્લેષણ કરતાં ચાર તત્ત્વોનો ઉલ્લેખ થાય છે. પ્રથમ છે- નિયમ વ્યવસ્થા. પિંડથી માંડીને બ્રહ્માંડ સુધ્ધાંમાં તથા ચેતન જગતમાં એક નિયમ વ્યવસ્થા કામ કરી રહી છે. પ્રત્યેક જીવ પછી ભલે તે મનુષ્ય હોય કે નાનકડું પ્રાણી, તમામ આ વ્યવસ્થા હેઠળ જ ગતિશીલ છે. વૃક્ષ-વનસ્પતિઓનો પણ આ જ ક્રમ છે. કેવળ જીવ જગત જ નહિ પરંતુ અણુથી માંડીને બ્રહ્માંડ સુધ્ધાં સુવ્યવસ્થિત ક્રમમાં ગતિશીલ છે.

જેના દ્વારા પરમાત્માના અસ્તિત્વનું પ્રમાણ મળે છે તે છે સહયોગ. આના પર જ સૃષ્ટિની વ્યવસ્થા ટકેલી છે. સહયોગની પરંપરા જડ-ચેતન બધામાં જોઈ શકાય છે. સહયોગની પ્રવૃત્તિ સૃષ્ટિના કણકણમાં ઝળકે છે. વિશાળ બ્રહ્માંડ તથા પિંડ તમામના અસ્તિત્વને સુવ્યવસ્થિત બનાવી રાખવામાં સહયોગિતાનો સિદ્ધાંત જ કામ કરે છે. સહયોગિતા પર સૃષ્ટિ ટકેલી છે.

ઈસુ એક નગરમાં પહોંચ્યા. તેઓ એક એવા મહોલ્લામાં રોકાયા જે દુષ્ટ દુરાચારીઓ માટે કુખ્યાત હતો. નગરના પ્રતિષ્ઠિત લોકો ઈસુના દર્શને પહોંચ્યા તો એમને આશ્ચર્યથી પૂછ્યું, ભલા આવડા મોટા નગરમાં આપને સજ્જનો સાથે રહેવાની જગ્યા ન મળી કે આપે એમની વચ્ચે રહેવાનું પસંદ ન કર્યું ? હસતાં હસતાં ઈસુએ કહ્યું, વૈદ્ય દર્દીને જોવા માટે જાય છે કે સાજાને જોવા માટે ? ઈશ્વરનો પુત્ર પીડિતો અને પતિતોની સેવા કરવા માટે આવ્યો છે. એનું સ્થાન તો એમની વચ્ચે જ હોય ને !


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

વિશાળતા ત્રીજી વિશેષતા છે. ભીમકાય પર્વત, અગાધ સમુદ્ર, રહસ્યોથી ભરેલું અનંત અંતરિક્ષ, અસંખ્ય ગ્રહો, નક્ષત્રો, તારાઓ-પિંડોને જોઈને બુદ્ધિ આશ્ચર્યચકિત થઈ જાય છે. આ તો જડ જગતની વાત થઈ, અદૃશ્ય સૂક્ષ્મનાં પડ તો એથીય અદ્‌ભુત છે. સ્થૂળ તો માત્ર કલેવર છે, જે કઠપૂતળીના દોરાની જેમ ચેતન સ્તર દ્વારા સંચાલિત છે, જ્યાં વિરાટનું અસીમ ક્ષેત્ર માનવ-મન ને હતપ્રભ કરી રહ્યું છે ત્યાં સૂક્ષ્મતા તરફ આગળ વધતાં શકિતનો લહેરાતો સાગર દેખાવા માંડે છે. શાસ્ત્રકારોએ પરમાત્માના વિરાટ અને સૂક્ષ્મ સ્વરૂપને જોઈને કહ્યું ‘‘અણોરણીયાન મહતો મહીયાન્.’’

છેલ્લું છે સૃષ્ટિ રચનાનો ઉદ્દેશ. કેવળ જડ પ્રકૃતિ જ નહિ પરંતુ ચેતન પ્રાણીઓના નિર્માણમાં પણ સર્જનહારનું સુનિશ્ચિત પ્રયોજન છે. નિયમ-વ્યવસ્થા, સહયોગ, વિશાળતા, ઉદ્દેશ્ય આ સિદ્ધાંતો પાછળ એ અદૃશ્ય સત્તાનું સ્પષ્ટ પ્રમાણ મળે છે. તેને સર્જનહાર, નિયામક, પરિવર્તનકર્તા અને સર્વવ્યાપી પરમાત્માના નામે સંબોધન કરી શકાય છે.

આદ્ય બીજ શકિત-ઈશ્વરની અનેક શકિતઓ છે, દેવતા કોઈની પ્રતિકૃતિ નથી પરંતુ વિશિષ્ટ ગુણ કે શકિતનું પ્રતીક માત્ર છે અને એ શકિતઓ સૂક્ષ્મ જગતમાં ક્રિયાશીલ છે. તમામ દેવતાઓ પરમાત્માની વિભિન્ન અલૌકિક શકિતઓ છે. કોઈનું પણ શરણું લેવું એ તે પરમ પ્રભુને પામવાનું વિજ્ઞાન હતું.

એ જ એક દેવ પ્રાણીમાત્રમાં ઓતપ્રોત થઈને સૌના અંતરાત્મા રૂપે સર્વત્ર વ્યાપ્ત છે. તે આ કર્મ શરીરનું અધ્યયન છે. નિર્ગુણ હોવા છતાં પણ ચેતના શકિતયુકત છે. આત્મા ચિનગારી છે અને પરમાત્મા જ્વાળા. જ્વાળાની સમસ્ત સંભાવનાઓ ચિનગારીમાં વિદ્યમાન છે. જીવ ઈશ્વરનો અંશ છે. અંશમાં અંશીના સમસ્ત ગુણો જોવા મળે છે.

પરમાત્મા સ્વયં વિશ્વાતીત છે, વિશ્વમય છે, સર્વેશ્વર છે, ત્યારે પણ તે પોતાની પ્રકૃતિને અધિષ્ઠાન બનાવીને પોતાના સંકલ્પને અધીન રહીને વ્યકિત ભાવાપન્ન બની જાય છે. આ ‘પર્સોનીફાઈડ ચેતના’ને અવતારનું નામ આપવામાં આવે છે. અખંડ ખંડિત કેવી રીતે થયું ? આ પ્રશ્ન વ્યર્થ છે. પરમાત્મા સર્વવ્યાપક, અનંત અને અખંડિત જ છે. અવતાર પણ એક નિરાકાર ચેતના જ હોય છે. જ્યારે જેવા પ્રકારની સમસ્યાઓ ઊભી થઈ છે, ત્યારે તેનું સમાધાન કરવા માટે સૂક્ષ્મ જગતમાં એક દિવ્ય પ્રાદુર્ભાવ થતો રહ્યો છે. આ દિવ્ય ચેતનાને ભગવાનનો અવતાર કહેવામાં આવે છે.

‘માનુષીં તનુમાશ્રિતં’નું રહસ્ય છતું કરતાં કહી શકાય કે યુગાંતર ચેતનાથી પ્રભાવિત આદર્શવાદી વ્યકિત સર્જન સાધનોમાં અધિક તત્પરતાપૂર્વક લાગેલી જોવા મળે, તો તેને અવતારની પ્રેરણા જ માનવી જોઈએ. આથી પોતાની અવતાર પ્રક્રિયામાં પણ ઈશ્વર નિરાકાર, સર્વવ્યાપક, સર્વજ્ઞ અને અખંડિત જ રહે છે. ■

બાબા રાઘવદાસ એ દિવસોમાં ગામેગામ ફરીને લોકોને સ્વચ્છતાનું મહત્ત્વ બતાવી રહ્યા હતા. ગ્રામીણોની અસ્વચ્છતાને કારણે કેટલાંય ગામો ચેપી રોગોની લપેટમાં આવી ગયાં. તેઓ સાથીઓ સાથે ત્યાં પહોંચ્યા. ગ્રામીણોનો સંપર્ક કરવાનું તેમણે શરૂ કર્યું. તેમને સફાઈનું મહત્ત્વ સમજાવતા અને નિયમિતપણે એ ક્ષેત્રમાં સફાઈ કામગીરી પોતે કરતા. બધી ગલીઓમાં કચરો વાળતા. તો કયારેક ગંદા-ગોબરા કિશોરોને સ્નાન કરાવતા અને ગંદાં કપડાં ધોતા.

અઠવાડિયું -બે અઠવાડિયાંની શું વાત ? બાબા રાઘવદાસને મહિનાઓ થઈ ગયા. પરંતુ ચીકણા ઘડા પર જાણે કાંઈ અસર જ નહિ. ત્યાંના ગ્રામીણોની પ્રવૃત્તિમાં ઝાઝો ફરક દેખાતો ન હતો. એક દિવસ એક કાર્યકર્તા તક જોઈને તેમને પૂછી બેઠો. આ વ્યકિતઓની સેવા કરવામાં આપને મહિનાઓ વીતી ગયા. પણ કોઈ પરિણામ દેખાતું નથી. મને તો અહીંના લોકો ગમાર જ લાગે છે. આ અજ્ઞાની વ્યકિતઓ પોતાનો સ્વભાવ બદલવાની સહેજ પણ કોશિશ કરતા નથી.

બાબા બોલી ઊઠયા. બસ ભાઈ ! આટલામાં ગભરાઈ ગયા. જે ગ્રામીણ જનતાને આપણે વર્ષો સુધી અજ્ઞાનના અંધકારમાં ભટકાવે રાખી. એમની ઉપેક્ષા કરી તેમની નિઃસ્વાર્થ ભાવે ધીરજથી સેવા કરવાથી એમનામાં સ્વચ્છતાના સંસ્કાર અવશ્ય જાગશે. એમ જ થયું. એક વર્ષમાં તેઓ એ ગામ અને એની આસપાસનાં સો ગામોને પોતાનું કાર્યક્ષેત્ર બનાવીને તેમને સુસંસ્કારી બનાવી શકવામાં સફળ થયા.


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

# નાનકડી ખોપરી, પણ છે ચમત્કારી

માનવ-શરીરની સંરચના પોતે જ એટલી વિલક્ષણ અને વિસ્મયકારક છે કે એનું જેટલું વધુ વિશ્લેષણ કરવામાં આવે એટલું જ વધારે એ તથ્ય સ્પષ્ટ થઈ જાય છે કે ઈશ્વરે આ અદ્દ્ભુત યંત્રનું નિર્માણ કોઈ અતિ મહત્ત્વપૂર્ણ પ્રયોજન માટે જ કર્યું હશે. આ કાય-કલેવરનું સર્વાધિક વિલક્ષણ, એની સમસ્ત ગતિવિધિઓનું કેન્દ્રબિંદુ એનું મગજ જ છે. તમામ જ્ઞાત-વિજ્ઞાત વિભિન્ન ક્રિયા-કલાપોનો અધિષ્ઠાતા એ જ છે. એકસાથે જ આ સ્નાયુકોષોના સમૂહમાં એટલી અનેક પ્રકારની ગતિવિધિઓ સંપન્ન થતી જોઈ શકાય છે કે જે કોઈ અતિ મહત્ત્વપૂર્ણ શાસન તંત્રમાં, વિભિન્ન સમસ્યાઓનો ઉકેલ લાવવાની અને તેને ઉચિત માર્ગદર્શન આપવાની સુસંચાલિત પ્રક્રિયાની સરખામણીમાં ક્યાંય વધારે છે.

એક બહુપ્રચલિત કિંવદંતી છે કે કલ્પતરુની નીચે બેસવાથી સમસ્ત મનોવાંછિત આકાંક્ષાઓ પૂર્ણ થાય છે. એવા વૃક્ષનું અસ્તિત્વ આ બાહ્ય પ્રકૃતિમાં સંદિગ્ધ જ છે, પરંતુ એક પ્રત્યક્ષ કલ્પ-પાદપ પરમસત્તાએ માનવના કાય-કલેવરરૂપી નંદન-કાનનમાં મગજ રૂપે પ્રદાન કર્યું છે, જેની આરાધનાથી આપણને જે કાંઈ કામનાઓ હોય તે બધું જ પ્રાપ્ત થઈ શકે છે.

શરીરરૂપી કાય-કલવેર તો માના ગર્ભથી જન્મ લે છે, પરંતુ સારા-ખરાબ વ્યકિતનો, નરપશુ, નરપામર, મહામાનવ, દેવમાનવ, અતિમાનવનો જન્મ કયાંથી થાય છે એની શોધખોળ કરવા જો કોઈ ઈચ્છે તો અચેતન, અવચેતન મનનાં પડોમાં કામ કરવું પડશે. આ રહસ્યમય પડમાં સારું ખરાબ વ્યકિતત્વ જન્મ લે છે. વિચારક, વૈજ્ઞાનિક, મનીષી, કલાકાર, દાર્શનિક, સાહિત્યકાર જેવી અનેકાનેક વિલક્ષણ પ્રતિભાઓનું ઉદ્દ્ભવકેન્દ્ર મન-મગજ જ છે. એ લડખડાય ત્યારે મનુષ્ય મૂર્ખ, પાગલ, ઉન્મત્ત બની જાય છે અને કંઈ કામનો રહેતો નથી. શારીરિક દૃષ્ટિએ પૂર્ણ અને સમર્થ હોવા છતાંય તે અસમર્થ, અસહાય જેવું જીવન વિતાવે છે. આ મહત્ત્વપૂર્ણ કેન્દ્ર સંતુલિત, વિકસિત અને જાગૃત થતાં અનેક ઉત્કૃષ્ટ સંભાવનાઓનાં દ્વાર ખૂલી જાય છે. ભૌતિક, આત્મિક બન્ને સ્તરની વિભૂતિઓ હસ્તગત કરી શકાય છે.

શરીરનાં વિભિન્ન તંત્રો અને અવયવો પર, એની વિભિન્ન ગતિવિધિઓના સંચાલન પર એનું પ્રત્યક્ષ કે પરોક્ષ નિયંત્રણ છે. ઉચ્ચ સ્તરની આધ્યાત્મિક અનુભૂતિઓને ન ગણીએ તો પણ તેનાં દૈનિક જીવનનાં વિવિધ કામકાજ ઓછાં મહત્ત્વપૂર્ણ અને આશ્ચર્યજનક નથી. વિચારવામાં, ચિંતન કરવામાં, સુખદુ:ખની અનુભૂતિ કરવામાં, વિવિધ મુશ્કેલ સમસ્યાઓની જટિલ ગૂંચો ઉકેલવામાં એની તત્પરતા અને કુશળતા સહજ જ કામે લાગે છે. તેની વિભિન્ન વિલક્ષણતાઓની બાબતમાં જે નિતનવા શોધ-નિષ્કર્ષો સામે આવી રહ્યાં છે, તે તો અધિક વિસ્મયકારક છે. તેના અનુસાર મગજમાં એવાં સૂક્ષ્મ કેન્દ્રો પણ વિદ્યમાન છે, જે ભયંકર શારીરિક-માનસિક પીડાઓનું નિવારણ કરી શકે છે. ઉપેક્ષિત, મૂર્છિત સ્થિતિમાં પડી રહેવાને કારણે તેના સામર્થ્યનો પરિચય મળી શકતો નથી.

સદીઓ પહેલાંથી દર્દશામક, પીડા-નિવારક રૂપે અફીણ, મોર્ફિન જેવી વસ્તુઓનો ઉપયોગ નશીલી દવાઓના રૂપમાં થતો આવ્યો છે. ચિકિત્સાશાસ્ત્રીઓએ હવે એ બાબતનો સ્વીકાર કરી લીધો છે કે એનાથી લાભ કરતાં નુકસાન વધુ થાય છે. વિશેષજ્ઞોના મતે દુ:ખ દર્દ, કષ્ટ, પીડા એક માનસિક અનુભૂતિ છે. શરીરના કોઈ અવયવમાં દર્દ થઈ રહ્યું હોય, તો તેનો અર્થ એ છે કે ત્યાં કંઈક એવું બની રહ્યું છે જે તંત્રિકાતંત્ર માટે અસહ્ય છે. દર્દ પણ બે પ્રકારનાં હોય છે, એક ક્ષણિક બીજું દીર્ઘકાલીન. બન્ને શારીરિક-માનસિક વેદનાઓ રૂપે વ્યકિતને પીડયા કરે છે. દીર્ઘકાલીન દર્દ કષ્ટદાયક હોવાની સાથોસાથ મનઃક્ષેત્રને વધુ પ્રભાવિત કરે છે.

આ સ્થિતિમાં માનસિક તાણ વધે છે, જે સાઈઝોફ્રેનિયા, પૈરાનાઈપા જેવી બીમારીઓને જન્મ આપે છે. મગજના કોઈ પણ ભાગમાં સહેજ પણ ગરબડ થવાથી સમગ્ર શરીર તથા મનઃસંસ્થાન પ્રભાવિત થાય છે. ઘણુંખરું આ સ્થિતિમાં લોકો દર્દ કે તણાવશામક દવાઓનો પ્રયોગ કરે છે. મોર્ફિન, એલ.એસ.ડી. જેવી નશીલી દવાઓ ખૂબ જલદી દર્દથી મુકિત મેળવવા અથવા માનસિક ગમ ભુલાવવા માટે ઉપયોગમાં લેવામાં આવે છે. તેના ઉપયોગથી સંવેદી અંગોની સંવેદનક્ષમતામાં ઓટ આવે છે, જેથી દર્દ અનુભવવાની ક્ષમતા ક્ષીણ થવા માંડે છે. તેના નિરંતર પ્રયોગથી શરીરને એક



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

પ્રકારની આદત પડી જાય છે, જેને એડીકશન કહેવામાં આવે છે. જ્યાં સુધી એનો નશો રહે છે, ત્યાં સુધી વ્યકિત રાહત અનુભવે છે, પરંતુ નશો ઊતરતાં જ ફરીથી તરફડવા માંડે છે.

ચિકિત્સાવિજ્ઞાનીઓનું માનવું છે કે માનવમનની લિંબિક સિસ્ટમમાં એવા સ્નાયુ યૌગિક મોજૂદ છે, જે દર્દ ઓછું કરવામાં સક્રિય ભૂમિકા નિભાવી શકવા સમર્થ છે. લિંબિક સિસ્ટમને ભાવના ક્ષેત્રનું કેન્દ્ર માનવામાં આવે છે. સંવેદનવાહી તંત્રિકાઓ જેવી દર્દની અનુભૂતિ લઈને મેરુદંડ સ્થિત સુષુમ્ણાના માર્ગ- કરોડરજ્જુમાં પહોંચે છે કે લિંબિક ક્ષેત્રના ''એફરેંટ રિસેપ્ટર્સ'' સક્રિય થઈ ઊઠે છે તથા એમાં બે પેપ્ટાઈડ્સ દર્દશામકની મહત્ત્વપૂર્ણ ભૂમિકા નિભાવે છે. આમાં એનકેફેલિનને અગ્રદૂત માનવામાં આવે છે. તાણની સ્થિતિમાં એ.સી.ટી.એચ. નામનું હોર્મોન પિટ્યુટરી ગ્રંથિમાંથી સ્રવિત થાય છે, જે એડ્રીનલ ગ્રંથિમાંથી કાર્ટિસોલ નામનું હોર્મોન બનાવવા માટે ઉત્પ્રેરકનું કામ કરે છે. આ વખતે લોહીમાં એનકેફેલિન અને એંડાર્ફિનની માત્રા વધી જાય છે. પરિણામે દર્દ પ્રત્યે સંવેદનશૂન્યતા જેવી મનઃસ્થિતિ બની જાય છે. વ્યકિતને પીડાકારક દર્દનું ભાન થતું નથી.

ઈમ્યૂનો કેમેસ્ટ્રીના પ્રયોગોથી એ જાણવા મળ્યું છે કે એનકેફેલિનથી ભરેલા ન્યૂરાંસ સેરિબ્રોસ્પાઈનલ એક્સિસના વિભિન્ન સ્તર પર, ખાસ કરીને દર્દવાળા સ્થાનો પર ફેલાયેલા હોય છે. એક્યૂપંચર ચિકિત્સા પદ્ધતિમાં આ એનકેફેલિનનો ઉપયોગ કરીને બહારથી એનેસ્થેસિયા કે કોઈ સંજ્ઞાશૂન્યતા વિના મોટાં મોટાં ઓપરેશનો કરવામાં સફળતા મળી છે.

પરામનોવિજ્ઞાન પર શોધ કરી રહેલા મૂર્ધન્ય વિદ્વાનોનો મત છે કે ધ્યાન પ્રક્રિયા દ્વારા મનની ભીતર અનેક પ્રકારનાં રાસાયણિક પરિવર્તન કરી શકાય છે તથા મનને લગતા ક્રિયાકલાપો પર નિયંત્રણ કરીને એનકેફેલિન, ઈંડોજિન્સ દર્દ નિવારકની માત્રા વધારી શકાય છે.

મગજની વિશેષતા-વિચિત્રતાનો આ એક નાનકડો પક્ષ છે. જેની જાણકારી શરીરશાસ્ત્રીઓ મેળવી શકયા છે. એની સરખામણીમાં અવિજ્ઞાત ક્ષેત્ર અનેકગણું વધુ છે. એ એટલું વિસ્મયકારી અને વિલક્ષણ સામર્થ્યોથી યુકત છે કે સામાન્ય વ્યકિત તો એની કલ્પના પણ કરી શકતી નથી કે નાનકડી દેખાતી આ ખોપરી આટલી ચમત્કારી પણ હોઈ શકે છે. દૈનિક જીવનમાં થનારા અનેક ક્રિયાકલાપોની એ માત્ર સંચાલક જ નથી, પણ રહસ્યમય વિવિધ અતીન્દ્રિય ક્ષમતાઓનું જન્મસ્થાન પણ છે. અસંતુલનની સ્થિતિમાં તો સામાન્ય શારીરિક, માનસિક ક્રિયાકલાપ પણ સારી રીતે પૂરા થઈ શકતા નથી. સંતુલન હોય ત્યારે વ્યકિત પોતાની પ્રતિભાનો સામાન્ય ઉપયોગ કરી શકે છે. મોટાભાગનો ભાગ પ્રસુપ્ત હોવાને કારણે તેની વિલક્ષણતાઓનો પરિચય મળી શકતો નથી.

એની જાગૃતિ થતાં કોઈક કોઈકમાં અતીન્દ્રિય સામર્થ્યનું પ્રમાણ મળતું પણ જોવા મળે છે. ઈચ્છાશકિત, દૂરદર્શન, અદશ્યદર્શન વગેરેની અનેક પ્રામાણિક ઘટનાઓ આ તથ્યને જાહેર કરે છે કે માનવી મગજ અસીમ સંભાવનાઓ-શકિતઓનો ભંડાર છે. એની છાંયમાં બેસીને જો સાચા અર્થમાં સાધના કરી શકાય, તો કલ્પતરુની ઉપમા સો ટકા ચરિતાર્થ થઈ શકે છે. જેની અપેક્ષા તેની પાસે કરવામાં આવે તે બધું જ તેનાથી મળી શકે એ શકય છે.

એક વખત સળંગ બાર વર્ષ સુધી દુકાળ પડયો. પૃથ્વી પર વધતો અનાચાર જોઈને દુરાત્માઓને દંડ દેવા માટે ઈન્દ્રદેવે કુપિત થઈને વર્ષાનું અનુદાન આપવાનું બંધ કરી દીધું. ચારે બાજુ જલાભાવ, અન્નાભાવ, લૂંટમારને કારણે ત્રાહિ ત્રાહિ પોકારાઈ ગયું. મનીષીઓએ વિચાર કર્યો કે તપ અને ત્યાગથી જ દેવશકિતઓને પ્રસન્ન કરી શકાય છે. એના માટે નરમેધ યજ્ઞનું આયોજન કરવું, જેથી દેવતાઓને એ આશ્વાસન આપી શકાય કે ધરતીવાસીઓએ ઉત્કૃષ્ટતા અને આદર્શવાદિતાની પરંપરા અપનાવવાનું શરૂ કરી દીધું છે. ખચકાટ એ હતો કે પહેલ કોણ કરે ?

આ સન્નાટાને ચીરીને એક વ્યકિત આગળ વધી, એનું નામ હતું શૂનઃશેપ. તેણે યજ્ઞના અધ્વર્યુ અને ઋત્વિજોને સંબોધીને કહ્યું, યજ્ઞીય બલિદાન માટે સર્વપ્રથમ હું મારી જાતને રજૂ કરું છું. તેનું આત્મપ્રતિવેદન સાંભળીને જેઓ પરહિત માટે બલિ આપવા ઈચ્છતા હતા એવા હજારોની ભીડ જામી ગઈ. મનુષ્યની બદલાયેલી વૃત્તિનો પરિચય મેળવીને આશુતોષ શિવજી પ્રસન્ન થયા અને અનુદાન રૂપે વિપુલ વર્ષાની વ્યવસ્થા કરી આપવામાં આવી.



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

# ગાયત્રી તપસ્યાનું રહસ્ય

આત્મિક પ્રગતિનું પહેલું ચરણ યોગ અને બીજું તપ છે. યોગ ભાવાત્મક અને તપ ક્રિયાપરક છે. એકને સૂક્ષ્મ ને બીજાને સ્થૂળ કહી શકીએ. એક ચિંતનપરક-માન્યતા પ્રધાન છે અને બીજું ક્રિયાપરક-કર્મપ્રધાન છે. માનવસત્તા પણ ચેતન આત્મા અને જડ શરીરના સમન્વયથી બની છે. એ બન્નેને પરિષ્કૃત કરવાં પડે છે. ભાવશુદ્ધિની જેમ ક્રિયાશુદ્ધિ પણ આવશ્યક છે. ભાવશુદ્ધિને યોગ અને ક્રિયાશુદ્ધિને તપ કહેવામાં આવે છે.

મનુષ્ય સામે બે જ માર્ગ છે- તપ યા પત બન્ને એકબીજાથી વિપરીત છે. તપનો અર્થ છે ઉપર ઊઠવું, પતનો અર્થ છે પતિત થવું, જે તપ કરતો નથી તેણે આધ્યાત્મિક પતન તરફ ચાલવું પડશે અને જે આત્મિક પતનથી બચવા ઈચ્છે છે, તેણે તપવા માટે અગ્રેસર બનવું પડશે. બન્નેમાંથી એક જ માર્ગ પસંદ કરી શકાય છે.

આમ તો અનેક ધાર્મિક પ્રક્રિયાઓ આત્મકલ્યાણ માટે બનાવવામાં આવી છે. એ બધાનું પોતપોતાનું મહત્ત્વ છે. કથા અને સદુપદેશ સાંભળવાથી ધાર્મિક જ્ઞાન વધે છે, તીર્થયાત્રાથી પાપ વાસનાઓનું શમન થાય છે, યજ્ઞથી દેવશકિતઓનું પોષણ થાય છે, પાઠપૂજાથી ભકિતભાવના જાગૃત થાય છે, દાન-પુણ્યથી ભાવિ સુખ-સૌભાગ્યનું નિર્માણ થાય છે. આ બધાં કાર્યો પોતપોતાનાં મહત્ત્વ અનુસાર ફળ આપે છે, પરંતુ એક કાર્ય એવું છે, જે આમાંના કોઈથી પણ થઈ શકતું નથી. એ છે-શકિત ઉત્પાદન. આ કાર્ય કેવળ તપથી જ થઈ શકે છે, તપથી જ આત્મબળ વધે છે, તપથી જ બ્રહ્મતેજ પ્રાપ્ત થાય છે, તપથી જ દિવ્ય શકિતની ઉપલબ્ધિ થાય છે.

કોઈ મનુષ્ય અનેક વસ્તુઓથી સુસજ્જિત હોય, તેને રેશમી કપડાં, સોના રૂપા ને રત્નોનાં આભૂષણો, ફૂલહાર પહેરાવી, કસ્તૂરી-ચંદનનો લેપ લગાવી, શ્રેષ્ઠ અસ્ત્ર-શસ્ત્રોથી સુસજ્જિત કરીને પાલખીમાં બેસાડવામાં આવે, પરંતુ તેના શરીરમાં શકિત ન હોય, તે અશકિતથી ઘેરાયેલો હોય તો તે તમામ સજાવટ કાંઈ કામની રહેશે નહિ. એથી ઊલટું, કોઈ હૃષ્ટપુષ્ટ પહેલવાને ચીંથરાં પહેરેલાં હોય તો પણ તે સારો લાગશે, વિવિધ પ્રકારની ધાર્મિક ક્રિયાઓ એક જાતની સુસજ્જા છે, જેમાં જીવાત્માની શોભા વધે છે, પરંતુ તે શોભા, પાછળ તપશ્ચર્યા દ્વારા સંચિત બ્રહ્મશકિતનો ભંડાર હોય ત્યારે જ તે વિશેષ ઉપયોગી બની શકે છે. જો એ ભંડાર ખાલી હોય, તો શોભાવર્ધક અન્ય ધાર્મિક ઉપકરણોથી કોઈ વિશેષ પ્રયોજન સિદ્ધ થતું નથી.

સાધનસંપન્ન ધનવાન લોકો, પોતાનો થોડોક સમય અને ધન આપીને આસાનીથી અનેક ધાર્મિક પ્રક્રિયાઓ પૂરી કરી શકે છે. તીર્થયાત્રા, બ્રહ્મભોજન, યજ્ઞ, કથા, દાન, પૂજા-પાઠ વગેરેની વ્યવસ્થા ખૂબ સરળતાથી કરી શકે છે. એમાંનાં કેટલાંક વિશેષ ધન આપીને અથવા પોતાના શારીરિક અને માનસિક શ્રમથી શકય બને છે. ભૌતિક સાધનો ઓછાં વધતાં હોય તેનાથી કોઈના તપનું સામર્થ્ય વધતું ઘટતું નથી. તપશ્ચર્યા તરફ આગળ વધવા માટે પવિત્રતા, સાત્ત્વિકતા, શ્રદ્ધા, દૃઢતા અને ઋતંભરા પ્રજ્ઞાની જરૂર પડે છે. અન્ય ધાર્મિક ક્રિયાઓથી કેવળ મનોભૂમિના નિર્માણનું કાર્ય થાય છે, પરંતુ તપ તો બીજ વાવવા જેવું છે, જેનાં અંકુર ફૂટવાનું અને તેનું છોડ બનીને ફૂલ-ફળ, ડાળ-પાંદડાથી લૂમવા-ઝૂમવાનું અનિવાર્ય છે.

તપ એક પુરુષાર્થ છે, જેના દ્વારા સિદ્ધિ, શાંતિ, સમૃદ્ધિ, સ્વર્ગ અને મુકિત જેવી સફળતાઓ મેળવવામાં આવે છે અને પાપ, તાપ, વિઘ્ન, સંકટ, પ્રારબ્ધ અને આસુરી તત્ત્વોને હરાવીને પોતાના પૌરુષનો વિજયઘોષ કરવામાં આવે છે. કહે છે કે ઈશ્વર એમને જ સહાય કરે છે, જેઓ પોતે પોતાને સહાય કરે છે. બહાદુર અને ઉદ્યોગીને જ પુરસ્કાર મળે છે. જે વ્યકિત તપશ્ચર્યા દ્વારા પોતાની પ્રામાણિકતા સિદ્ધ કરી દે છે, તે જ વ્યકિત ઈશ્વરની કૃપા અને સહાયતાની અધિકારી હોય છે. અન્ય ધાર્મિક ક્રિયાઓ કરીને પુણ્ય લાભ મેળવનાર વ્યકિત સીમિત હદ સુધી આત્મોન્નતિ કરી લે છે, પરંતુ તપની શકિત કોઈ પણ સીમા કે મર્યાદાથી બંધાયેલી નથી. અષ્ટસિદ્ધિ અને નવનિધિ તેને હસ્તગત થઈ શકે છે. તે પોતાને પૂર્ણતાના


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

અંતિમ લક્ષ્ય સુધી પહોંચાડી શકે છે અને પોતાના તેજથી અન્ય અનેકને પ્રકાશ અને બળ આપી શકે છે.

તપથી સર્વોપરી મહત્તા અને ઉપયોગિતા નિર્વિવાદ છે. એટલા માટે અનાદિ કાળથી માંડીને આજ સુધી તમામ શ્રેયાકાંક્ષીઓ તપશ્ચર્યાનો માર્ગ અપનાવતા રહ્યા છે. તપના જેટલા માર્ગો છે તેમાં ગાયત્રીથી ચડિયાતો સુલભ, સુનિશ્ચિત અને તરત ફળ આપનાર બીજો કોઈ માર્ગ નથી. કેવળ હઠયોગનાં ષટ્કર્મોથી સ્થૂળ શરીરનું શોધન થાય છે. નેતિ, ધોતિ, બસ્તિ, ન્યૌલિ, કપાલભાતિ જેવી ક્રિયાઓ કરવામાં જોખમ વધુ અને લાભ ઓછો છે, પરંતુ શરીરના શોધન માટે તે ઉપયોગી પણ છે.

અન્ય યોગ એકાંગી છે. તેને અનુકૂળ સાધના કરવાથી એક-એક દેહનું, એક-એક કોષનું, એક-એક પ્રાણનું, એક-એક ચક્રનું ક્રમશઃ જાગરણ થાય છે. સ્થૂળ દેહ, સૂક્ષ્મ દેહ અને કારણ દેહ આ ત્રણેય ત્રિપદા ગાયત્રીનાં ત્રણ ચરણોમાં સાથેસાથે શુદ્ધ થતા જાય છે. ઇડા, પિંગલા અને સુષુમ્ણાના ત્રિકોણ સાથે સાથે ઘૂમે છે. સત્ત્વ, રજસ્ અને તમસ્‌નું સમાન સંતુલન થાય છે. બ્રહ્મગ્રંથિ, વિષ્ણુગ્રંથિ અને રુદ્રગ્રંથિ ખૂલવાની ક્રિયા એકસાથે થવા લાગે છે. બીજા કોઈ યોગ કે તપ એવા નથી, જે અન્નમય કોષ, મનોમય કોષ, પ્રાણમય કોષ, વિજ્ઞાનમય કોષ અને આનંદમય કોષને સમાન રીતે પ્રસ્ફુટિત કરે કે પ્રાણ, અપાન, સમાન, ઉદાન, વ્યાન આ પાંચેય પ્રાણોનું પ્રત્યાવર્તન કરી દે. નાગ, કૂર્મ, કૃકલ, દેવદત્ત અને ધનંજય આ પાંચ ઉપપ્રાણો સુધ્ધાંને કોઈ એક સાધનાથી નિર્બંધ કરી દેવા કઠિન છે, પરંતુ ગાયત્રી યોગની તપશ્ચર્યામાં કઠણાઈ નથી પડતી. તપની બાબતમાં એવી વાત નથી. તેમાં મનનો નિરોધ, ઈન્દ્રિયોનો સંયમ, કષ્ટ સહિષ્ણુતા, તિતિક્ષા, ત્યાગ, શમ, દમ, વ્રત, ઉપવાસ, જપ, ધારણા, ધ્યાન, પ્રત્યાહાર એવાં અનેક કાર્યો અપનાવવાં પડે છે, જે અમીર-ગરીબ સૌને સમાન રીતે કષ્ટસાધ્ય હોય છે અને તે કરવાથી આ બધાં કાર્યો એકસાથે, એક જ સમયે અને એકસરખી ગતિથી થતાં જાય છે. પાંચ તન્માત્રાઓનું સૂક્ષ્મીકરણ, પંચભૂતોથી મુક્તિનું મહાન કાર્ય પંચમુખી ગાયત્રી દ્વારા જ થાય છે.

ષટ્ચક્રોનું વેધન, કુંડલિની જાગરણ, ખેચરી સંદોહ, સહસ્રાર કમલનો પ્રત્યવાય, બ્રહ્મરંધ્રનો પ્રતિબોધ એ સાધારણ કાર્ય નથી, એ અન્ય યોગ દ્વારા કરવાનું ખૂબ અઘરું છે, પરંતુ ગાયત્રી સાધના દ્વારા એવી સંતુલિત તપસ્યા થાય છે કે આ તમામ મહાન આધ્યાત્મિક કેન્દ્રબિંદુઓનો સરળતાથી પરિપાક થતો જાય છે. યુગપરિવર્તનને કારણે વર્તમાન કાળમાં તાત્વિક સૂક્ષ્મ સ્થિતિમાં જે ફેરફાર આવી ગયો છે, તેના કારણે અન્ય અનેક સાધનાઓની ઉપયોગિતા, સંભાવના અને સફળતામાં ભારે અવરોધ ઊભો થઈ ગયો છે, પરંતુ ગાયત્રી સાધના પ્રત્યેક યુગને અનુકૂળ છે. ગાયત્રીના ૨૪ અક્ષરોના ઉચ્ચારણથી ૨૪ મર્મસ્થાનોમાં છુપાયેલાં ૨૪ ગ્રંથિચક્રો સ્વયમેવ જાગૃત થવાનું શરૂ થઈ જાય છે, જ્યારે અન્ય વિધાનોથી એમાંનાં થોડાંક શક્તિચક્રો જાગૃત થવાં પણ મુશ્કેલ છે.

'ડાયનેમો' જ્યાં સુધી ચાલતું રહે છે ત્યાં સુધી તે નિરંતર વીજળી ઉત્પન્ન કરતું રહે છે. ગાયત્રી જપ સ્વસંચાલિત આધ્યાત્મિક ડાયનેમો છે, જેનાથી મનુષ્યમાં સૂક્ષ્મ શક્તિ અસાધારણ પણે ઉત્તરોત્તર વધતી જતી પ્રત્યક્ષ દેખાય છે. તપનાં જેટલાં પણ લક્ષણ, વિધાન અને સાધન છે, તે બધાં ગાયત્રી સાથે જોડાઈ રહ્યાં છે, આ મહામંત્રનું શરણું લેનાર મનુષ્ય ઘરમાં તપોવનની જેમ રહીને, ગૃહસ્થજીવન જીવતાં જીવતાં વૈરાગી અને સાદાં વસ્ત્રો પહેરેલો મહાત્મા બની શકે છે. તપનો મહિમા અપાર છે. ગાયત્રી તપસ્યાનું રહસ્ય એવું છે, જેનું સંપૂર્ણ જ્ઞાન તો મનુષ્યબુદ્ધિ માટે સંભવ નથી, પરંતુ એની ઉપાસનાના લાભો મેળવવાનું પ્રત્યેક શ્રદ્ધાળુ અને તપસ્વી મનોવૃત્તિના મનુષ્ય માટે પૂર્ણપણે સંભવ છે.

**આનંદ માટે કોઈ વસ્તુ તથા પરિસ્થિતિઓને પ્રાપ્ત કરવાની જરૂર નથી કે ન તો કોઈ વ્યક્તિની કૃપા મેળવવાની જરૂર છે. એ આપણી અંદરની પેદાશ છે. પરિણામમાં સંતોષ અને કાર્યોમાં ઉત્કૃષ્ટતાનો સમાવેશ કરીને એમને ગમે ત્યારે કોઈપણ ઠેકાણે, કેટલાય મોટા પ્રમાણમાં પામી શકાય છે.**



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

(શ્રેષ્ઠ જીવન)

# સફળતાનાં છ સોનેરી સૂત્રો

સફળતાના માર્ગોની તલાશ પ્રત્યેક વ્યકિતને પ્રત્યેક જગ્યાએ રહે છે. જે જ્યાં છે ત્યાં જ તે પ્રગતિ, ઉન્નતિ અને ઉચ્ચ વિકાસના માર્ગની શોધ કરતો રહે છે. આ શોધખોળમાં કેટલાક સફળ થાય છે, કેટલાક નિષ્ફળ. અનેક વ્યકિતઓ માટે તો સફળતા સદા સ્વપ્નનાં ફૂલ જેવી બની રહે છે. એનો અનુભવ કલ્પનાઓ અને સ્વપ્નોમાં તો થાય છે, પણ વાસ્તવિક ધરતી પર એની સુગંધ કે સ્પર્શ મળતાં નથી. હાથ આવે છે ફકત હતાશાની ભટકન, નિરાશાનો થાક અને અસફળતાની ગ્લાનિ. સફળ અને કામયાબ લોકોને જોઈને મન એ ચિંતામાં ડૂબેલું રહે છે કે આખરે એમણે કઈ જાદુઈ શકિતથી પોતાની ઈચ્છિત સફળતા મેળવી ?

જેમને માનવીય સ્થિતિની ઊંડી સમજ છે, જે માનવીય વ્યકિતત્વની બારીકાઈ સારી રીતે જાણે છે તે સૌનું કહેવું છે કે સફળતા મેળવવાની જાદુઈ શકિત બધાંમાં હોય છે, પરંતુ કેટલાક લોકો એનો ઉપયોગ કરવાનું જાણે છે, કેટલાક નથી જાણતા. કેટલાકને પોતાની આ જાદુઈ શકિતની જાણ હોય છે, કેટલાકને નથી હોતી. એ હકીકત આપણે આપણી આસપાસ આરામથી જોઈ શકીએ છીએ. આપણે કયાંય પણ કોઈ ઓફિસ, કારખાનું, શિક્ષણ સંસ્થા કે કોઈ બીજી જગ્યાએ કામ કરતા હોઈએ તો આપણી ચારે બાજુ કેટલાક સફળ અને કેટલાક પરેશાન લોકો ઘણું ખરું દેખાઈ જ જાય છે. એમાંથી એક એવા છે, જેમણે સફળતાનો રસ્તો શોધી લીધો છે અને તેના પર ચાલી નીકળ્યા છે અને બીજા એવા છે જેઓ સફળતાના રસ્તાની શોધમાં હજી ભટકી રહ્યા છે.

માનવીય વ્યકિતત્વના ઊંડા જાણકાર કોરની ગોલ્ડમેને માનવીય જિંદગીની બારીક છણાવટ કરતું એક પુસ્તક લખ્યું છે, '' હાઉ ટુ ફાઈન્ડ ઓન સકસેસ '' એટલે કે સફળતા કેવી રીતે મેળવવી ? આ પુસ્તકમાં એમનું કહેવું છે કે સફળતા આપણો જન્મસિદ્ધ અધિકાર છે. ભગવાને આપણને મનુષ્યજીવન એટલા માટે આપ્યું છે કે આપણે આપણી સફળતા મેળવી શકીએ. જો હજી સુધી આપણે સફળતા મેળવી નથી તો એનું કારણ ફકત એટલું જ છે કે આપણે આપણી આંતરિક શકિત અને એની અભિવ્યકિતના રંગઢંગ જાણ્યા નથી, ગોલ્ડમેનનું કહેવું છે કે આ સફળતાના માર્ગોને જો સાચી રીતે જાણી લઈએ અને એનો યોગ્ય ઉપયોગ કરવા લાગીએ તો સફળતા જલદી આપણાં કદમ ચૂમવા લાગશે.

ગોલ્ડમેન અને એમના સાથી મનોવૈજ્ઞાનિક ડેનિયલ રિચર્ડએ આ રંગઢંગને કેટલાક મુખ્ય બિંદુઓમાં સ્પષ્ટ કર્યા છે. એમાંથી પહેલું મહત્ત્વપૂર્ણ બિંદુ છે દષ્ટિકોણ. ડેનિયલ રિચર્ડનું કહેવું છે કે સફળતા પાછળ શ્રમ અને જ્ઞાનથી વધારે પ્રભાવ પોતાના પ્રત્યે અને પરિસ્થિતિ પ્રત્યે પોતાના દષ્ટિકોણનો હોય છે. જો આપનો દષ્ટિકોણ સકારાત્મક હોય, તો આપ ફકત આપના માટે જ નહિ, બીજા માટે પણ એક મધુર વાતાવરણ ઊભું કરી શકશો. સકારાત્મક દષ્ટિકોણ કે વિધેયાત્મક દષ્ટિકોણનો અર્થ છે પોતાના સામર્થ્ય પર વિશ્વાસ, હું કરી શકીશ એ વિચાર પર ઊંડો વિશ્વાસ. પરિસ્થિતિ ગમે તેટલી સંઘર્ષપૂર્ણ અને વિકટ કેમ ન હોય, એ એટલા માટે જ છે કે આપણી શકિત ખૂબ વધુ વિકસી શકે. એવી સકારાત્મક દષ્ટિ આપણી અંદર સાહસ અને સર્જનશીલતાનું ચુંબકત્વ પેદા કરે છે. જેનાથી સફળતા આપોઆપ આકર્ષિત થવા લાગે છે.

બીજું બિંદુ છે સમયનો યોગ્ય ઉપયોગ. ગોલ્ડમેનનું કહેવું છે કે જો આપ સફળતા ઈચ્છતા હો તો પોતાના કાર્યોને પ્રાથમિકતાઓના આધારે વર્ગીકૃત કરીને સમયસર પૂરાં કરવાની કોશિશ કરો. આ રીતે તમામ જરૂરી કાર્યો કોઈ પણ જાતના તાણાવ વગર આરામથી પૂરાં થઈ જશે. એના માટે બસ યોગ્ય પ્લાનિંગની જરૂર છે. આ બાબતમાં એક એવી કોશિશ જરૂર કરતાં રહેવી જોઈએ કે આજનું કામ કાલે રાખવાની જરૂર ન પડે. આમ રોજેરોજનું કામ યોગ્ય રીતે પૂરું થઈ જવાથી ઊંડો આત્મસંતોષ મળશે અને આત્મવિશ્વાસ પણ વધશે.

ત્રીજું બિંદુ છે 'પરિસ્થિતિ'નો યોગ્ય ઉપયોગ. ગોલ્ડમેન અને રિચર્ડનું કહેવું છે કે અહીં આપણી મૌલિક સૂઝબુજની પરખ થાય છે. તેમના મતાનુસાર પરિસ્થિતિ કેવી છે એ મહત્ત્વપૂર્ણ નથી, પરંતુ આપણે એનો ઉપયોગ કેવી રીતે કરીએ છીએ એ મહત્ત્વનું છે. પરિસ્થિતિનો ઉપયોગ કરવાની યોગ્ય સૂઝબુજ હોય, તો પરિસ્થિતિ કેવળ આપણે ઉચિત


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

સહયોગ જ નથી કરતી, પરંતુ માર્ગદર્શન પણ આપે છે. આમાં ધ્યાન દેવાની બાબત એ છે કે સહયોગ અને માર્ગદર્શન માટે યોગ્ય વ્યકિતની પસંદગી કરવામાં આવે એને એમની સમક્ષ આપણી વાત યોગ્ય ઢંગથી મૂકવામાં આવે. બરાબર એવી જ રીતે પોતે પણ બીજાને સહયોગ અને માર્ગદર્શન આપવા તત્પર રહેવું જોઈએ.

સફળતાના સૌથી મહત્ત્વપૂર્ણ માર્ગનું ચોથું બિંદુ છે આપણું વ્યકિતત્વ. વ્યકિતત્વના ગુણો જેવા કે પહેરવેશ, રહેણીકરણી, વાતચીત કરવાની રીત વગેરે સફળતા પર ઘણો વધુ પ્રભાવ પાડે છે. એ જ રીતે પ્રામાણિકતા, વિનમ્રતા, કર્તવ્યનિષ્ઠા આપણને આપણી સફળતા તરફ ઝડપથી લઈ જાય છે. ધ્યાન રહે કે આપણો વ્યવહાર જ આપણા વ્યકિતત્વને પ્રભાવશાળી બનાવે છે. એટલા માટે આપણે ખૂબ દઢતાથી આપણા વ્યવહારમાં સદ્‌ગુણોની સાધના કરવી જોઈએ.

સફળતા માટેનું પાંચમું આવશ્યક બિંદુ છે સતત સકારાત્મક ક્રિયાશીલતા. સફળતા મેળવવાની ઈચ્છા રાખનારને ગોલ્ડમેનની સલાહ છે કે તેઓ પોતાને સતત ક્રિયાશીલ રાખે, પરંતુ ધ્યાન રહે કે આ ક્રિયાશીલતા સંપૂર્ણપણે સકારાત્મક હોય. એટલે કે એમાં કોઈના પ્રત્યે વિરોધી ભાવ ન હોય. અર્થાત્ પોતાનો વિકાસ અને પ્રગતિનો ઉદ્દેશ તો એમાં સમાયેલા હોય, પરંતુ બીજા પ્રત્યે દ્વેષ અને એમના નુકસાનની કામના સહેજપણ ન હોય. અહંકાર, આળસ, ઈર્ષ્યા, વાદવિવાદ અને બહાનાંબાજીથી પોતાની જાતને દૂર રાખીને સતત પોતાના ઉદ્દેશ પ્રતિ એકનિષ્ઠા ભાવે ક્રિયાશીલ રહેવામાં આવે. સાથોસાથ અનુશાસનહીનતા અને ગેરવ્યવહાર જેવાં તત્ત્વો જીવનમાં પ્રવેશ કરવા ન પામે.

આ સંદર્ભમાં છઠ્ઠું અને છેલ્લું બિંદુ છે સંતુલન જાળવી રાખવું. આનો અર્થ છે જીવનને સમગ્રતાથી જીવવું અર્થાત્ જીવનમાં વ્યકિતગત સફળતા મહત્વની છે, પરંતુ એટલા જ મહત્ત્વનાં પોતાનાં ઘર-પરિવાર પણ છે. સફળતાની સાથે સ્વાસ્થ્ય પણ મહત્ત્વનું છે. ભૌતિક જીવનમાં ઉપલબ્ધિઓની સાથે આધ્યાત્મિક અને આંતરિક પ્રગતિ પણ આવશ્યક છે. જ્યારે આપણે આપણા જીવનમાં સંતુલન જાળવી રાખવાનું શીખી જઈએ ત્યારે જ આ બધું એકસાથે શકય છે. શકય હોય ત્યાં સુધી એક જગ્યાની પરેશાનીને બીજી જગ્યાએથી દૂર રાખવી. જીવનનાં તમામ પાસાં મૂલ્યવાન અને મહત્ત્વપૂર્ણ છે એવો પણ અનુભવ કરવો. એમાંથી કોઈ પણ પાસાંને ઉપેક્ષિત ન કરવું જોઈએ.

જીવનની સમગ્રતામાં જ સાર્થક સફળતા છે. આ રીતે આ બિંદુઓને જીવનમાં ઉચિત ઢંગે આત્મસાત્ કરી લેવાથી સફળતાના માર્ગ ફકત પ્રકાશિત જ થતા નથી, તેના પર ચાલવાનું પણ આસાન બની જાય છે. જરા વિચારો તો ખરા, છે ને એ જ રીતરસમ, જેને છેલ્લા ઘણા સમયથી શોધી રહ્યા હતા ! હવે જ્યારે એ મળી ગઈ છે તો વિલંબ શાનો, ઝડપથી ચાલી નીકળો સફળતાની કેડી પર. થોડાંક જ ડગલાં દૂર સફળતા આપની રાહ જોઈ રહી છે.

*ગૌડ દેશમાં એક ભાવનાશીલ મજૂર રહેતો હતો. જેટલું કમાતો એટલું ભરણપોષણમાં ખર્ચાઈ જતું. દાન-પુણ્ય માટે કાંઈ ન બચતું. તેનાથી એ દુઃખી રહેવા લાગ્યો. પરમાર્થ કર્યા વિના પરલોકમાં સદ્‌ગતિ કેવી રીતે મળશે ? પોતાની વ્યથા તેણે એ ક્ષેત્રના રહેવાસી મહર્ષિ સંતને કહી સંભળાવી. એમણે કહ્યું, આ ક્ષેત્રમાં તળાવો ઘણાં છે પણ એ સમતળ થઈ ગયાં છે. એની ઊંડાઈ ન હોવાથી એમાં પાણી પણ ટકતું નથી અને તરસ્યાં પશુ-પક્ષીઓ પોતાની તરસ છિપાવવા દૂર દૂર સુધી જાય છે. મનુષ્યોને પણ ઓછી તકલીફ નથી પડતી. તું આ તળાવ પાસે જ્યાં ઈચ્છે ત્યાં તારા પરિવારને લઈને રહે અને શ્રમદાનથી તળાવોનો જિર્ણોદ્ધાર કરતો રહે. જેવી રીતે નવું મંદિર બાંધવા કરતાં જૂના મંદિરના જિર્ણોદ્ધારને શ્રેષ્ઠ માનવામાં આવે છે, બાળકોને જન્મ આપવા કરતાં રોગીઓની સેવા કરવી શ્રેયસ્કર છે, તેવી રીતે તું શ્રમદાનના આધારે તળાવોનો જિર્ણોદ્ધાર કર અને તેની નજીક વૃક્ષ પણ વાવી દે. કિસાન મજૂર પાસે પોતાની શ્રમસંપત્તિ અઢળક હતી, તેનાથી તે નિર્વાહ ઉપરાંત પરમાર્થ પણ કરવા લાગ્યો અને સંતની સલાહ અનુસાર પરમ શ્રેયનો અધિકારી બન્યો.*


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

# આપ પણ મહાન બની શકો છો

મહાન બનવાની, વિકાસ કરવાની, પ્રગતિ કરવાની આકાંક્ષા સૌને રહે છે. તેના માટે વ્યકિત વિવિધ જાતના પ્રયત્ન પણ કરતી રહે છે. શારીરિક આવશ્યકતાઓની પૂર્તિ ઉપરાંત ઘણુંખરું તેની તમામ ક્રિયાઓ મહાનતા તરફ વધવાના ઉદ્દેશ્યથી જ થાય છે. આટલું છતાંય મહાનતા મેળવવાની ઈચ્છા હોવા છતાં પણ બહુ થોડા લોકો તે તરફ સાહસિક ડગલાં માંડે છે અને પોતાના લક્ષ્ય સુધી પહોંચવામાં સફળ થાય છે. મોટાભાગની વ્યકિતઓ તો મહાનતાના પથથી અજાણ બની રહે છે અને ઘણાખરા તો જાણવા છતાંય તે જ્ઞાનને આચરણમાં મૂકવાનો સાહસિક પ્રયાસ જ નથી કરતા.

સામાન્ય રીતે એવી માન્યતા છે કે જે ઠાઠમાઠથી રહે છે, જેની પાસે કાર-મોટર, ફ્લેટ-બંગલા, જમીન-જાયદાદ, સોનું-ચાંદી, હીરા-ઝવેરાત, કારોબાર, સત્તા, પદ વગેરે છે તે જ મોટો માણસ છે. લોકો મનુષ્યના વ્યકિતત્વને નહિ, તેની ભૌતિક સંપત્તિને મોટી માનવા લાગ્યા છે. લોકો સંપત્તિવાનને, વૈભવશાળીને મોટો માણસ ભલે કહેવા લાગે, પરંતુ એ મહાનતાનો માપદંડ તો નથી બની શકતાં. જો એવું હોય તો જેની પાસે બેસુમાર પથ્થર, જમીન અને અન્ય સંપદાઓ છે એ પહાડોને મહાન કહેવા જોઈએ. ધાતુઓની ખાણો તો ખૂબ મૂલ્યવાન હોય છે, તો પછી એમને જ મહાન કેમ ન માનવી ?

એ તો લોકોનો દષ્ટિદોષ છે કે મહાનતાને ધન-દોલત, જમીન-જાયદાદ, પદ, સત્તા, વગેરેમાં શોધે છે. ચોર-ડાકુ અને અપ્રામાણિક વ્યકિત પણ પૈસા તો ભેગા કરી શકે છે. વારસામાં બાપદાદાની અઢળક સંપત્તિ, જમીન-જાયદાદ તો કોઈ મૂર્ખ વ્યકિતને પણ મળી શકે છે. સદ્‌ગુણો ન હોય તો પણ કોઈને ધન-સંપત્તિના આધારે મોટાઈની માન્યતા હોવી એ સાચો દષ્ટિકોણ નથી. જનસામાન્યની આ માન્યતાના કારણે જ લોકો કોઈ પણ રીતે ધનવાન બનવા ઈચ્છે છે. જેમની પાસે ધન નથી તેઓ પણ પોતાની મોટાઈ દેખાડવા માટે ઠાઠમાઠમાં એટલું ખર્ચ કરે છે કે તેમની આર્થિક સ્થિતિ વિષમ બની રહે છે.

વિવાહ-લગ્ન, પ્રીતિભોજન, ફેશનમાં અને ઠાઠમાઠ કરવામાં જે અધાધૂંધ ખર્ચ કરવામાં આવે છે એની નિરર્થકતા જાણવા છતાંય લોકો એ એટલા માટે કરે છે કે બીજાની નજરોમાં પોતાની અમીરીની છાપ પાડી શકે, જ્યારે ધન-સંપત્તિની વિપુલતાને જ મોટાઈનો માપદંડ માનવામાં આવે, તો તે મેળવવા માટેની લાલસા દરેકને રહે તે સ્વાભાવિક છે, આ લાલસાને કારણે ખર્ચ વધે છે પછી તેની પૂર્તિની ચિંતા રહે છે. કમાણીનાં સાધનો જેટલાં વધારવામાં આવે છે, તેટલું ખર્ચનું પ્રમાણ વધતું જાય છે, સુરસાના મોંની જેમ વધુ ને વધુ વધતું રહે છે, ક્યારેય પૂરું થતું નથી. ચિંતા અને ઉદ્વિગ્નતા જ હાથમાં રહી જાય છે. મોટાઈ વિશેની ખોટી માન્યતા ધરાવવાને કારણે વ્યકિત પોતાની શાંતિ અને પ્રસન્નતા ખોઈ બેસે છે.

મહાનતા કે મોટાઈનો સંબંધ મનુષ્યના વ્યકિતત્વ સાથે હોય છે. દારુણ ગરીબીમાં જન્મેલા લોકો પણ મહાન બન્યા છે. સ્વર્ગસ્થ લાલબહાદુર શાસ્રી, અબ્રાહમ લિંકન, જ્યોર્જ વોશિંગ્ટન વગેરે મહાપુરુષોએ ગરીબીનું સાધારણ જીવન જીવતાં જ પોતાની મહાનતાને અખંડ રાખી છે. સંત-મહાત્મા તો સ્વેચ્છાપૂર્વક ગરીબીનું જીવન જીવવાનું પસંદ કરીને પોતાનો નિર્વાહ કરે છે, તો શું એમને તુચ્છ માનવામાં આવશે ? મહાત્મા ગાંધી, વિવેકાનંદ, સ્વામી રામતીર્થ જેવા લોકોનાં ઉદાહરણોથી ઈતિહાસનાં પાનાં ભરેલા છે, જેમણે મહાનતાનો સાચો માર્ગ લોકો સામે ખલ્લો કર્યો. મહાનતાનો સંબંધ જો દાન-દોલત, ઠાઠમાઠ વગેરે સાથે હોત તો આ મહાપુરુષો સ્વેચ્છાએ પ્રસન્નતાપૂર્વક અભાવો અને ગરીબીનું જીવન શા માટે અપનાવે ?

મહાનતાનો સંબંધ ઉદાર અને દૂરદર્શિતાપૂર્ણ જીવનક્રમ સાથે છે. જેનું જીવન ઉદારતાપૂર્ણ કાર્યોથી ભરેલું છે એ જ મહાન કહેવરાવવાનો અધિકારી છે. જેમની ભાવના, આકાંક્ષા અને વિચારધારા ઉત્કૃષ્ટ હશે, તેમની ક્રિયાઓ અને



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

વ્યવહાર પણ શ્રેષ્ઠ પુરુષો જેવાં હશે. મહાન વ્યકિતઓની વિચારણા ઊંચા સ્તરની હોય છે અને એમનાં કર્તવ્યો, આદર્શ અનુકરણ કરવા જેવાં હોય છે. જેનાથી માનવતા કલંકિત થતી હોય, વ્યકિતત્વનું મૂલ્ય નીચું જતું હોય એવા કામ કરવા માટે, ગમે તેટલું કષ્ટ આવવા છતાં કે બીજાઓ ગમે તેટલું હેરાન કરે તો પણ તેઓ તૈયાર થતા નથી. અનુકૂળ પરિસ્થિતિઓ અને સુવિધાની સ્થિતિમાં તો દરેક જણ આદર્શની વાત કરી શકે છે, પણ પ્રતિકૂળતાની પળ આવતાં જ વ્યકિતની મહાનતાની પરખ થાય છે. જેમનું હૃદય નાનું, સંકુચિત, ઉદારતા વિનાનું છે તેઓ એક રીતે બાળક જેવા છે. એમની ઈચ્છાઓ તુચ્છ અને નાશવંત વસ્તુઓ સુધી સીમિત રહે છે. વાસના, તૃષ્ણાના વર્તુળમાં જ એમની મનોવૃત્તિઓ આંટા મારતી રહે છે.

મહાનતાના રસ્તે ચાલનાર મનુષ્યની મનોવૃત્તિ ઊંચી હોય છે. વાસના-તૃષ્ણાના વર્તુળથી બહાર લોકહિત, લોકકલ્યાણ માટે એમની ચિંતનધારા ચાલે છે. એમની વિચારવાની, ચિંતન કરવાની રીતો ઉચ્ચ આદર્શો પર આધારિત હોય છે. તેઓ ખૂબ સૂઝબુજ સાથે કોઈપણ રસ્તે ડગ માંડે છે, કાર્ય કરતાં પહેલાં સો વાર વિચારે છે કે એક શ્રેષ્ઠ વ્યકિત માટે એ ઉચિત છે કે નહિ. મહાન લોકોનું હૃદય સાગર જેવું ગંભીર અને મન-મગજ આકાશ જેવું વિશાળ હોય છે. તેઓ તુચ્છ અને છીછરા લોકોની નાની-નાની હરકતોથી ઉદ્વિગ્ન થતા નથી. ભૂલો સુધારવાનો પ્રયાસ તો કરે છે, પરંતુ પોતાની માનસિક શાંતિનો ભંગ થવા દેતા નથી. મહાન વ્યકિતત્વવાળા મનુષ્ય ઘટનાઓ અને અવરોધોથી ઉદ્વિગ્ન થતા નથી, શોક-સંતાપની પળોમાં પમ અડગ શિલાની જેમ અવિચળ ભાવથી ધીરજપૂર્વક પોતાના સ્થાને અડીખમ રહે છે.

મહાનતાના પથની પથિક મહાન વ્યકિત પોતાને સદૈવ સજ્જનતાની કસોટી પર કસતી રહે છે. જ્યાં જરાક પણ ત્રુટિ દેખાઈ કે ખોટ દેખાઈ ત્યાં તરત જ તે સુધારવા લાગી જાય છે. ક્ષુદ્ર અને સામાન્ય વ્યકિત પોતાની દરેક વાતને સાચી સાબિત કરવાનો પ્રયાસ કરે છે, દોષનો ટોપલો બીજાના માથે ઢોળતા જોવા મળે છે. મહાન માણસોની રીત આનાથી જુદી હોય છે. પોતાના દરેક કાર્ય વિશે તેઓ વિચારે છે કે અમારું જેટલું કર્તવ્ય અને જવાબદારી હતાં તે પૂરાં થયાં કે નહિ. પોતાની ત્રુટિઓને પોતે શોધે છે, બીજાને પૂછે છે અને તેને સુધારવાની કોશિશ કરે છે.

મહાપુરુષો આજનું જ નહિ, કાલનું પણ વિચારે છે. એમની દષ્ટિ દૂરદર્શી અને વિવેકશીલ હોય છે. પોતાનું કલ્યાણ શેમાં છે, જીવનની સાર્થકતા કઈ નીતિ અપનાવવામાં છે, આજે જે અમૂલ્ય તક મળી છે એનો શ્રેષ્ઠતમ ઉપયોગ કેવી રીતે કરવો આ એમની વિચારશૈલી રહે છે અને એની જ પ્રેરણાના પ્રકાશમાં પોતાની જીવનરીતિ નક્કી કરે છે અને કાર્યપદ્ધતિ ઘડે છે, બીજાને સહાય કરવાની જ એમની ઈચ્છા રહે છે. એમનો જીવનક્રમ ''સાદું જીવન, ઉચ્ચ વિચાર''ની આધારશિલા પર આધારિત હોય છે. વાણીમાં મીઠાશ અને વ્યવહારમાં વિનમ્રતા ભળેલી રહે છે. એમના કાર્યમાંથી શિષ્ટાચાર, શાલીનતા, સજ્જનતા નીતરે છે. એમની આ આંતરિક મહાનતા જ એમને બીજાની નજરે મહાન સાબિત કરે છે. એમની આ પ્રામાણિક્તાના આધારે મોટાઈની પ્રતીક સમજી શકાય તેવી પરિસ્થિતિ મેળવી લે છે.

મહાનતા અંદર રહે છે, બહાર નહિ. તે સાદાઈ, સજ્જનતા, દૂરદર્શિતા, ઉદારતા રૂપે પ્રગટ થાય છે. બહારના ધન-દોલત, અમીરી, ઠાઠમાઠથી નહિ, તે તો અંતઃકરણની ઉદારતા, ઉદાત્ત ચિંતન, અને આદર્શ કર્તૃત્વ દ્વારા જ મેળવવામાં આવે છે. તમામ મહાન વ્યકિતઓએ આ જ પથનો આધાર લીધો, પોતાનું અને સમાજનું હિત સાધ્યું. મહાનતા ઈચ્છનાર વ્યકિતઓને આ જ પથ પર ચાલવાથી લક્ષ્યની પ્રાપ્તિ થઈ શકશે.

> દોરામાં ગાંઠ હોય તો તે સોયનાં નાકામાં જઈ શકતો નથી અને તેનાથી સીવી શકાતું નથી. મનમાં સ્વાર્થથી ભરેલી સંકુચિતતાની ગાંઠ હોય. તો તે ઈશ્વરમાં લાગી શકતું નથી અને જીવનનું લક્ષ્ય પ્રાપ્ત કરી શકતું નથી.


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

સમાજ નિર્માણ

# ધરમ ન છોડો, આ જીવન ચાર દિનનું છે

સ્વામી પરમાનંદજી મહારાજની આંખો ભીંજાઈ ગઈ. એમણે તીક્ષ્ણ દૃષ્ટિથી આકાશ તરફ જોયું અને શિવ-શિવ કહેતાં બે હાથ જોડી દીધા. તેમના શિષ્ય સ્વામી કૃષ્ણાનંદ પાસે જ ઊભા હતા. એમણે મહારાજજીને પ્રિન્સ ઓફ વેલ્સના ભારત આવવાના સમાચાર આપ્યા હતા. સાથોસાથ અંગ્રેજ સરકારનાં કુચક્રો ષડયંત્રોની કથા પણ સંભળાવી હતી. આ બધી વાતો કરતાં કરતાં કૃષ્ણાનંદજીએ કહ્યું, ‘‘ગુરુદેવ ! ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસ તો પોતાના નિર્ણય પર અડગ છે. એમનો નિર્ણય છે કે તે આ સરકારી સમારંભનો બહિષ્કાર કરશે, પરંતુ ગોરી સરકાર હિંદુ સમાજની અંદરોઅંદરની ફાટફૂટનો લાભ ઉઠાવીને અસંખ્ય અછૂત ભાઈઓને ખ્રિસ્તી બનાવવા કટિબદ્ધ છે.’’

પોતાના શિષ્યની આ વાત સાંભળીને પરમાનંદજી મહારાજની ભાવ-વેદના છલકાઈ ઊઠી. તેઓ ખૂબ દુઃખી સ્વરે બોલ્યા, ‘‘આખરે ક્યાં સુધી ઠગાતો રહેશે આ હિંદુ સમાજ ?’’ પછી થોડા સંયત સ્વરે એમણે કહ્યું, ‘‘કૃષ્ણાનંદ ! તમે આપણા આશ્રમની હરિજન પાઠશાળાનાં બાળકોને લઈને આવો અને ત્યાં દિલ્હીમાં આયોજન સ્થળ પર જઈને બાળકો પાસે જે તે હમણાં જ શીખવાડયું છે એ જ ભજન ગવરાવો.’’

‘‘ગુરુદેવ, લોકો આપણને ગદ્દાર કહેશે. વળી અંગ્રેજોનો વિરોધ કરવાથી અંગ્રેજ લોકો આપણા આશ્રમને નષ્ટભ્રષ્ટ કરી નાખશે. આ સિવાય રેવાડીથી દિલ્હી જવા આવવાનું ખર્ચ ક્યાંથી આવશે ? આ દિવસો ઈ.સ. ૧૯૨૧ના હતા. એ દિવસોમાં ગોરી સરકારનો સૂરજ પ્રચંડતાથી ચમકતો હતો. કૃષ્ણાનંદની આ શંકાઓ ગેરવાજબી ન હતી, પરંતુ પરમાનંદજી મહારાજ પણ અડગ હતા. એમણે સ્થિર સ્વરે કહ્યું, ’’ ‘‘બેટા ! આ આશ્રમ ભગવાન, ભગવદ્‌ભકિત અને ધર્મ માટે છે, અંગ્રેજો માટે નહિ. ભગવાન એને રાખવા માંગશે તો રહેશે, ખતમ કરવા ઈચ્છશે તો ખતમ કરશે. તમે ડર્યા વિના મેં જે કહ્યું તે કરો.’’

પોતાના ગુરુનો આદેશ માથે ચડાવીને કૃષ્ણાનંદજી ચાલી નીકળ્યા, માર્ગની કઠણાઈઓ, ગોરી સરકારના ચમચાઓ, જમીનદારો, મોટા ઓફિસરોનો વિરોધ સહેતાં સહેતાં ખૂબ મુશ્કેલીથી આયોજન સ્થળ સુધી પહોંચી ગયા. ત્યાં હજારો હરિજન પરિવારોને ખ્રિસ્તી ધર્મ અપનાવવા માટે ઊભા રાખવામાં આવ્યા હતા. કૃષ્ણાનંદજી અને એમની સાથે આવેલાં હરિજન બાળકોએ ખંજરી વગાડીને પરમાનંદજી મહારાજનું આ ભજન ગાવાનું શરૂ કર્યું.

**ધરમ મત હારો રે, યહ જીવન હૈ દિન ચાર**

સીધા-સરળ શબ્દો, એટલા જ સીધા-સરળ સાંભળનાર. એક એક શબ્દ સાંભળનારના હૃદયમાં સમાવા લાગ્યો.

**ધરમ રાજકો જાના હોગા, સારા હાલ સુનાના હોગા**
**ફિર પીછે પછતાના હોગા, કર લો સોચ-વિચાર**

એક કરચલિયાળા ચહેરાવાળા વૃદ્ધે પૂછયું, આ કોણ છે અને શું ગાઈ રહ્યા છે ? એમને સૌમ્ય સ્વરે ઉત્તર મળ્યો, આ ભગવદ્‌ભકિત આશ્રમ, રેવાડીમાં ભણતાં અછૂત બાળકો છે અને તેઓ ગાઈ રહ્યાં છે - **ધરમ મત છોડો રે, જગતમેં જીના હૈ દિન ચાર.**

વૃદ્ધ વ્યકિતના ચહેરા પર આશ્ચર્યની રેખાઓ વધુ ઘેરી બની. તેણે ખચકાતાં પૂછયું, ‘‘અછૂતોનાં બાળકો અને આટલાં ચોખ્ખાં અને એ બધાં ભણે પણ છે ?’’ દિવ્યદ્રષ્ટા પરમાનંદજી મહારાજ આ સ્થિતિથી પહેલેથી જ પરિચિત હતા. એથી એમણે કેટલાંક બાળકોના માતા-પિતાને પણ સાથે મોકલ્યાં હતાં. તેઓ આગળ આવીને બોલ્યાં, ‘‘હા ભાઈ ! આ અમારાં બાળકો છે. સ્વામીજી પોતાના આશ્રમમાં એમને ભણાવે છે.’’

આથી એ વૃદ્ધ જે હરિજન હતા એમણે પોતાના તમામ હરિજન ભાઈઓને હાથ જોડીને કહ્યું, ‘‘ભાઈઓ ! મારી એક વાત ધ્યાનથી સાંભળો. જ્યારે આપણા સમાજમાં આવા સાધુ મહાત્મા છે, જેઓ આપણા બાળકોને અને આપણને સૌને ભણાવવા ગણાવવા અને ઊંચે ઉઠાવવા માટે તત્પર છે, તો પછી ભલા, આપણે ધરમ બદલવાની શી પડી છે ?’’ વૃદ્ધની આ વાત એક પળમાં સૌને સમજાઈ ગઈ. ગોરી સરકાર અને પાદરીઓનું આખું ષડ્‌યંત્ર નકામું બની ગયું.


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

# તંત્ર એક સમગ્ર વિજ્ઞાન

તંત્ર શું છે ? એના પર વિચાર કરવાથી એ જાણવા મળે છે કે એમાં એવી શકિત સમાયેલી છે, જે અન્ય ઉપાયોથી હસ્તગત તો કરી શકાય છે, પરંતુ તે પૂર્ણપણે સાત્ત્વિક હોય છે. તંત્ર દ્વારા મેળવેલી શકિત તામસિક હોય છે, જે તમને મહત્ત્વ આપે તે તામસિક છે. આ દૃષ્ટિ વિચાર કરતાં તંત્ર એક એવી સાધન પ્રણાલી જણાય છે, જેમાં પૈશાચિક ક્રિયાઓ દ્વારા ભૌતિક શકિતઓને વશ કરીને કાર્ય સિદ્ધ કરવામાં આવે છે. આ પ્રણાલીમાં માધ્યમ કેટલું સશકત છે એ વાત પર જેટલું મહત્ત્વ આપવામાં આવે છે તેટલું સાધનાવિધાનની પવિત્રતા પર આપવામાં આવતું નથી. નિર્ભયતા એની સફળતાની આવશ્યક શરત છે. જેઓ નીડર નથી હોતા તેમને તંત્રશાસ્ત્રમાં અયોગ્ય માનવામાં આવે છે.

વેદને જ્ઞાન-વિજ્ઞાનનો આધાર માનવામાં આવે છે, એટલા માટે અંતિમ પ્રમાણ રૂપે વેદની ચર્ચા થાય છે, પરંતુ તંત્રોનો આધાર વેદોમાં શોધવો નકામો છે. ફકત અથર્વાણ રચિત ગ્રંથોમાં તંત્રનું નહિ, તંત્રના વિષયોનું, કર્મનું વિચરણ મળે છે, આથી એ નિશ્ચિત છે કે તંત્ર વેદોમાં નથી. આમ છતાં તેના પ્રભાવ અને પ્રામાણિકતાનો અસ્વીકાર કરી શકાતો નથી. સહસ્રાબ્દીથી પણ વધુ સમય એવો રહ્યો છે, જેમાં તંત્રનું વર્ચસ્વ સંપૂર્ણ ભારતમાં જ નહિ, એશિયામાં સુદૂર વ્યાપેલું હતું. હાથમાં લગાડાતી મહેંદી, આંગણામાં અને દ્વાર પર ચિત્રિત કરાતી રંગોળી અને અલ્પના, બાળકનો જન્મ થતાં કરાતા સ્વસ્તિકની આકૃતિ- આ બધાં તંત્રનાં પ્રતીક છે. આ આકૃતિઓનો પ્રતીકાર્થ તંત્રના ગુહ્યજ્ઞાનથી પ્રભાવિત છે.

સ્મૃતિ-સંહિતાની ચૌદ વિદ્યાઓમાં તંત્રનો ઉલ્લેખ નથી. પુરાણોમાં પણ એ નથી. એવી સંભાવના છે કે એ યુગ સુધી તંત્રનો જન્મ ભલે થઈ ચૂકયો હોય, પરંતુ એનો પ્રચાર-પ્રસાર એટલો ન થયો હોય. વાસ્તવિકતા તો એ છે કે વેદનો વિષય જ ઉપનિષદ, પુરાણ અને તંત્રરૂપે પરિવર્તિત થતો ગયો. વેદ પછીના કાળમાં જ્યારે વેદોને સમજવાનું મુશ્કેલ બની ગયું તો એની વ્યાખ્યા રૂપે ઉપનિષદોની રચના થઈ. પછીથી ઉપનિષદો, બ્રાહ્મણ, આરણ્યકો પણ જ્યારે અઘરાં લાગવા માંડયા, તો એના સરળ સંસ્કરણ રૂપે પુરાણની રચના થઈ અને પુરાણની સામયિક વ્યાખ્યા કરવા માટે તંત્રનું પ્રતિપાદન કરવામાં આવ્યું. શંકરાચાર્યના નૃસિંહ તાપનીય ઉપનિષદના ભાષ્યમાં જે તંત્રનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે તે ઈ.સ.પૂ. સાતમી સદીની રચના છે. આ જ છે પ્રાપ્ત સાબિતીના આધારે તંત્રોનો કાળ-નિર્ણય.

તંત્રનો વ્યાપક વિસ્તાર ઈ.સ. પૂર્વેથી માંડીને તેરમી શતાબ્દી સુધી ખૂબ પ્રભાવશાળી રૂપે ભારત, ચીન, તિબેટ, થાઈલેન્ડ, મંગોલિયા, કંબોડિયા જેવા દેશોમાં રહ્યો. તંત્રને તિબ્બતી ભાષામાં 'ઋગયુદ્' કહેવામાં આવે છે. સમસ્ત ઋગયુદ્ ૭૮ ભાગોમાં છે, જેમાં ૨૬૪૦ સ્વતંત્ર ગ્રંથ છે. એમાં કેટલાય ગ્રંથ ભારતીય તંત્ર ગ્રંથોના અનુવાદ છે અને કેટલાય તિબ્બતી તપસ્વીઓએ રચેલા છે, મૂળરૂપે તંત્રનો પ્રતિપાદન કરવાનો વિષય એક જ છે, ફરક ફકત તેનાં વર્ણન, પ્રકાર અને શૈલીમાં છે. વારાહીતંત્ર અનુસાર તંત્રના નવ લાખ શ્લોકોમાંથી એક લાખ શ્લોકો ભારતના છે. ભારત બહાર બાકીના શ્લોકો એની વ્યાખ્યા-વિસ્તાર છે. ઉપલબ્ધ સૂચનાઓ અનુસાર ભારત બહાર ૧૯૯ તંત્રગ્રંથ છે. જેમાંના મોટાભાગના ઉપલબ્ધ નથી. વારાહીતંત્ર અનુસાર આ ગ્રંથોમાં કુલ ૯,૫૭,૯૫૦ શ્લોકો છે. તંત્રનો વર્ણ્ય વિષય એક હોવાને કારણે ભારતના એક લાખ શ્લોક ભારતની બહાર ૯ લાખ શ્લોકોમાં વિકસિત થયા અને તિબ્બતના ઋગયુદ્ના અઢી હજાર ગ્રંથોમાં પ્રતિપાદિત થયા. ભારતમાં ઉપલબ્ધ નથી એ તંત્રોના વિષય તિબ્બતના ઋગયુદ્માં અખંડ કે રૂપાંતરિત રૂપે મળી શકે એમાં કોઈ સંદેહ નથી, પરંતુ તિબ્બતમાં ઋગયુદ્ના તમામ ગ્રંથો મળી જાય એની સંભાવના પણ આજે ખતમ થઈ ગઈ છે.

બુદ્ધાવતાર પછી બૌદ્ધ ધર્મના પ્રસાર સાથે તંત્રોને એક નવું ક્ષેત્ર મળ્યું. નવું એ અર્થમાં કે તંત્રનું લક્ષ્ય હવે બીજી રીતે પણ સિદ્ધ થવા લાગ્યું. તત્ત્વતઃ ભારતીય તંત્રનું મૂળતત્ત્વ જ બૌદ્ધ સાધનાનું અંગ બન્યું. આ દૃષ્ટિએ બુદ્ધ સ્વયં તાંત્રિક હતા. બુદ્ધની વાંકડિયા વાળવાળી પ્રતિમા વિશુદ્ધ રૂપે તેમના તાંત્રિક સ્વરૂપની પરિકલ્પના છે. એમના વાળનાં ગૂંચળાં સહસ્રારની અગણિત પાંખડીઓનાં પ્રતીક છે. આમ તો



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

બુદ્ધનાં વચનો અને બૌદ્ધશાસ્ત્રોમાં બ્રહ્મચર્યનું પૂરેપૂરું મહત્ત્વ છે. તેઓ માને છે કે મનુષ્યનું વીર્ય જ તમામ પ્રકારની શકિતઓનો આધાર છે, એટલા માટે તેને રોકવામાં અને તે ઊર્ધ્વરિતા બને એમાં જ નિર્વાણનો માર્ગ પ્રશસ્ત થાય છે. આમ છતાં તમામ આદર્શોને એક બાજુ રાખીને વજ્રયાન વામાચારથી પણ કેટલાય ડગલાં આગળ નીકળી ગયો. આમાં એક સમય એવો આવ્યો કે બૌદ્ધમઠ બૌદ્ધ વિહાર બની ગયા હતા. અહીં એવું કહેવાનો આશય નથી કે બૌદ્ધ સાધક લંપટ બનીને વિષયાસકિતના મોહમાં પડી ગયા હતા. એ શકય છે કે ભૌકિતક સિદ્ધિઓ, સાંસારિક માન-સમ્માનની લાલસાએ એમને ચમત્કારો પર કેન્દ્રિત કરી દીધા હતા અને તેઓ પણ તાંત્રિકની જેમ મંત્ર, મદ્ય, મૈથુન અને હઠયોગને પોતાની સાધનાવિધિમાં સમાવી ચૂકયા હતા. તાંત્રિકોની ચક્રપૂજામાં મા, દીકરી, વહુની નારી પ્રતીક રૂપે માત્ર હાજરીની જ માન્યતા છે, શિવ-સંયોગ (તેની સાથે સંભોગ)નો આદેશ નથી, પરંતુ વજ્રયાની બૌદ્ધ એને પણ સ્વીકૃતિ આપે છે. કહેવાનું તાત્પર્ય માત્ર એટલું જ છે કે એ દિવસોમાં તંત્રનો એટલો વ્યાપક પ્રચાર થયો કે તેના પ્રભાવથી સાત્ત્વિક બૌદ્ધ સાધક પણ અછૂત ન રહી શકયા.

તંત્રનો વિષય એટલો વિસ્તૃત છે કે તેનાથી મારણ, મોહન, ઉચ્ચાટન, વશીકરણ, વિદ્વેષણ જેવાં નિંદનીય કર્મો પણ કરવામાં આવે છે અને આત્મશુદ્ધિ જેવાં કલ્યાણકારી પ્રયોજન પણ સિદ્ધ કરી શકાય છે. તંત્ર વાસ્તવમાં રેખાઓનો સમૂહ છે. જો કે રેખાઓ પોતે નિરપેક્ષ હોય છે, પરંતુ તેનું સંયોજન આપણી અનુભૂતિ અને ચેતનાનાં કેન્દ્રોને ઉદ્દીપ્ત કરે છે. કેટલીક વાર રેખાઓનાં સંયોજનથી બનેલી આકૃતિ આપણને ભયભીત કરી દે છે, તો ચક્રવ્યૂહનું રેખાચિત્ર આપણને પ્રસન્ન પણ કરે છે. ચિત્રોની રંગીન સૃષ્ટિ મનુષ્યની માંસલ કાયા જેવી જ છે, પરંતુ ચિત્ર મૂળરૂપે રેખાઓનો વિસ્તાર અને સંયોજન માત્ર હોય છે.

સંયોજનનો આ સિદ્ધાંત તંત્રમાં પણ આદરણીય છે, પરંતુ તંત્ર ચિત્રકલા નથી. એટલા માટે તે માનવીય કે પ્રાકૃતિક આકૃતિઓ કે દશ્યોને પોતાનો આધાર બનાવતું નથી. તે એક પ્રકારનું રેખાગણિત છે, આથી તે કેટલાક કોણ, વલયો, ત્રિભુજોના પ્રતીકના માધ્યમથી પ્રકૃતિ પર નિયંત્રણ રાખે છે. આથી એ પ્રતીકોમાં પણ શબ્દ જેટલી જ શકિત આવી જાય છે. તંત્રમાં બીજ મંત્રોનો પ્રયોગ થાય છે અને પ્રયોજન અનુસાર જુદાંજુદાં ફલકો પર જુદા જુદા પદાર્થોથી, જુદીજુદી લેખિની કે ઉપકરણથી લખવામાં આવે છે. એ પદાર્થ જે તંત્રમાં કામ આવે છે, તે તંત્રના જ વિષય છે. આયુર્વેદ જે દ્રવ્યોને શારીરિક વ્યાધિની શાંતિ માટે ઉપયોગમાં લે છે, તે તેનો સ્થૂળ પ્રભાવ છે અને વાત, પિત્ત અને કફ રૂપે જાણીતા દોષો પર નિયંત્રણ રાખે છે. તંત્રના રૂપમાં પ્રયોગ કરાતાં આ જ પદાર્થ ગુણાત્મક જગત પર નિયંત્રણ કરે છે. વિષ અને અમૃત રૂપે પ્રાણહરણ અને જીવનદાન આપનારી ઔષધિઓ ગુણ-દોષોના માધ્યમથી પોતાનો પ્રભાવ દેખાડે છે. તંત્રના રૂપમાં પ્રયોગ થતાં આ જ ઔષધિઓ ગુણાત્મક ચક્રને અને તત્ત્વોની માત્રાને પ્રભાવિત કરે છે.

તાંત્રિક પ્રક્રિયાઓ દ્વારા કામ, ક્રોધ, લોભ, મોહ જેવી વ્યકિતગત બૂરાઈઓ પર પણ વિજય મેળવી શકાય છે. આ દષ્ટિએ તંત્ર બેધારી તલવારની જેમ વ્યવહાર કરે છે. આનાથી કોઈ વ્યકિતમાં આ દોષો ઉદ્દીપ્ત અને ઉત્તેજિત કરીને તેને દુર્ગુણી બનાવવાનું સરળ બની જાય છે. બીજી બાજુ, એમાં એવી તાંત્રિક ક્રિયાઓ પણ છે, જેનાથી વ્યકિતના આ દુર્ગુણોનું શમન કરીને તેને સદ્‌ગુણી બનાવી શકાય. તેથી તંત્ર પોતે ખરાબ નથી એમ કહેવું યોગ્ય છે. પ્રયોગ અને પ્રયોગ કરનાર તેને ખરાબ બનાવી દે છે, દુનિયાની કોઈ વસ્તુ કેવળ સારી કે કેવળ ખરાબ નથી હોતી, એ દ્વૈતગુણોવાળી હોય છે. જ્યાં તમ હશે ત્યાં પ્રકાશની સત્તા પણ નિશ્ચિતપણે હશે જ, અન્યથા એ એકાકી સત્તાનો બોધ જ થઈ શકશે નહિ. અહીં બધું જ સાપેક્ષ છે. અંધકારને કારણે જ આપણે પ્રકાશને જાણી સમજી શકીએ છીએ. દોષ ન હોય, તો મનુષ્યને ગુણનું

કાળુરામે પુત્રને ખેતી કરવાનો આદેશ આપ્યો. થોડાક દિવસ પછી પૂછયું, બેટા ! તારી ખેતીનું શું થયું ? ખૂબ લહેરાઈ રહી છે, પિતાજી ! બાળકે જવાબ આપ્યો. મેં શરીર રૂપી ખેતરમાં સત્કર્મનું હળ ચલાવ્યું, એમાં ઈશ્વર ભજનનાં બીજ વાવ્યાં, સત્સંગનું ખાતર અને સંતોષના જળથી સિંચન કર્યું છે. હવે શું – સર્વત્ર આનંદનું અન્ન ઊગી રહ્યું છે. ઉત્તર સાંભળી પિતા અવાક્ રહી ગયા. ધર્મની ખેતી કરનાર આ બાળક આગળ જતાં 'નાનક' બન્યા.



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

ઔચિત્ય જ સમજાશે નહિ. એટલા માટે તંત્રને અકલ્યાણકારી કહેનારાએ એ સમજી લેવું જોઈએ કે તે પણ અદ્વૈત ગુણવાળું નથી, તેમાં પણ સારા-ખરાબ બન્ને ભાવ મોજૂદ છે. ઝેર ફક્ત મારવાનું જ કામ કરે છે એવું નથી. 'વિષસ્ય વિષમૌષધમ્'- એ સૂત્ર અનુસાર એ જીવનદાતા પણ છે. આ જ વાત તંત્રને લાગુ પડે છે. તેનાથી નુકસાન થવાની સાથેસાથે આત્મ પરિષ્કારનું પ્રયોજન પણ સિદ્ધ કરી શકાય છે. એ વાત જુદી છે કે હંમેશાં તેનો ખરાબ પક્ષ જ પ્રકાશિત થતો રહ્યો છે અને પ્રયોજાતો રહ્યો છે. તેના મંગલકારી પાસાંની હંમેશાં ઉપેક્ષા થતી રહી છે. કોઈ પણ વિદ્યા માટે એ ખૂબ નિરાશાજનક વાત છે.

તંત્ર અને જ્યોતિષને પરસ્પર ગાઢ સંબંધ છે, ગ્રહો પરથી આવી રહેલા કિરણોનો ભૌતિક શરીર પર શું પ્રભાવ પડશે એ જ્યોતિષનો વિષય છે, પરંતુ આ અધ્યયન ફક્ત મનુષ્ય વર્ગ સુધી જ સીમિત નથી. કયા સમયે વાર, ગ્રહો, નક્ષત્રોની યુતિમાં શું વિશેષતા હોય છે, વનસ્પતિ જગત પર એનો શું પ્રભાવ પડશે, કયા સમયે કયું કર્મ કરવું સારું રહેશે એનું સમગ્ર વિવરણ જ્યોતિષ આપતું આવ્યું છે. તંત્ર આ ઉલ્લેખોથી લાભ ઉઠાવે છે. તાંત્રિક પ્રયોગોમાં વ્યકિતના આત્મબળનું મહત્ત્વ તો છે જ, તેની સાથોસાથ અનુષ્ઠાનકાળમાં ગ્રહોની યુતિઓ વિશિષ્ટ હોય, નક્ષત્ર તદનુરૂપ સ્વભાવવાળું હોય, વાર અને તિથિની પ્રકૃતિ પણ તેની સાથે સામ્ય ધરાવતી હોય, વિશિષ્ટ ગ્રહયુતિઓથા વિશિષ્ટ પ્રકૃતિનાં કિરણો ફેલાઈ રહ્યાં હોય, તો આ બધાનો ભેગો પ્રભાવ અનુષ્ઠાનની સફળતાને સુનિશ્ચિત કરે છે. આથી તાંત્રિક પ્રયોગોમાં જ્યોતિષનું સદા સમ્માન કરવામાં આવે છે અને એનો સહારો લેવામાં આવે છે.

જ્યોતિષ કાળ પર ચાલે છે. આપણા દૈનિક જીવનમાં પણ સમયનું મહત્ત્વ અને પ્રભાવ છે. બાર વાગ્યે ઊપડતી ટ્રેન, પાંચ વાગ્યે બંધ થનારી કચેરીઓ, મધ્યરાત્રિએ ઊજવાતો સ્વાતંત્ર્યદિન કાળની જ વિશેષતા છે. બરાબર બાર વાગ્યે ગાડીમાં બેસનાર પોતાના ગંતવ્ય સ્થાને પહોંચી જશે, એનાથી આમ તેમ થવાનું નથી. આ જ સ્થિતિ જ્યોતિષ શાસ્ત્રની મર્યાદા છે. રવિવારે પુષ્પ નક્ષત્રમાં લેવાનારી ઔષધિમાં કયો ગુણ છે, એ ગુણનો વ્યકિતના શરીર-મન પર કેવો પ્રભાવ પડશે, એ વાત જ્યોતિષના આધારે જ જાણવામાં આવે છે, એટલા માટે તાંત્રિક પ્રયોગોનું વિશદ વિવેચન અને વિસ્તૃત અનુષ્ઠાનવિધિ જ્યોતિષની મર્યાદાનું સમ્માન કરીને તદનુરૂપ કરવાની વ્યવસ્થા કરે છે. તાંત્રિક અનુષ્ઠાનમાં આસન, માળા, હોમ અને હવિ તથા ભોજનાદિ દ્રવ્યોનો નિશ્ચય એ જ્યોતિષશાસ્ત્રની દેન છે. સાંસારિક પદાર્થો પર સૂર્ય, ચંદ્ર, અને અગ્નિ તત્ત્વનો પ્રભાવ કેટલી માત્રામાં પડે છે, કયા દ્રવ્યમાં એના કારણે કયો વિશેષ ગુણ ઉત્પન્ન થાય છે એ જ્યોતિષનું ક્ષેત્ર છે. જેને તંત્રમાં પૂર્ણપણે માન્યતા આપવામાં આવી છે.

અનુષ્ઠાન એક મહત્ત્પૂર્ણ તાંત્રિક પ્રક્રિયા છે. એ દક્ષિણમાર્ગી પણ હોય છે, પરંતુ અહીં વામમાર્ગી સાધનાનો ઉલ્લેખ થઈ રહ્યો છે. આ અનુષ્ઠાન જે પ્રકારનું હોય , તે પ્રકારનાં તિથિ, વાર, નક્ષત્ર અને લગ્નનો વિચાર કરવામાં આવે છે. દાખલા તરીકે, અનુષ્ઠાન માટે મેષ લગ્ન- ધન-ધાન્ય આપનાર; વૃષભ- સાધકનો વિનાશ કરનાર; કર્ક- સર્વસિદ્ધિદાતા; કન્યા-લક્ષ્મી આપનાર; મકર-પુણ્ય આપનાર; કુંભ-સમૃદ્ધિકારક એમ સમજવું જોઈએ.


**ફાર્મ-૪**

| | |
|---|---|
| ૧. પ્રકાશનનું સ્થાન | મથુરા |
| ૨.પ્રકાશનનો પ્રકાર | માસિક |
| ૩. મુદ્રકનું નામ | મૃત્યુંજય શર્મા |
| રાષ્ટ્રીયતા | ભારતીય |
| સરનામું | યુગ નિર્માણ પ્રેસ, મથુરા |
| ૪. પ્રકાશકનું નામ | મૃત્યુંજય શર્મા |
| રાષ્ટ્રીયતા | ભારતીય |
| સરનામું | યુગ નિર્માણ યોજના, મથુરા |
| ૫. સંપાદકનું નામ | ડૉ. પ્રણવ પંડયા |
| રાષ્ટ્રીયતા | ભારતીય |
| સરનામું | શાંતિકુંજ હરિદ્વાર |
| ૬. સત્વાધિકારી | યુગ નિર્માણ યોજના ટ્રસ્ટ, ગાયત્રી તપોભૂમિ, મથુરા |

હું મૃત્યુંજય શર્મા આથી જાહેર કરું છું કે ઉપર આપેલી વિગતોવાળું નિવેદન મારી જાણ અને માન્યતા પ્રમાણે સાચું છે.

પ્રકાશકની સહી-મૃત્યુંજય શર્મા





**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

એ જ રીતે આસનનું પણ પોતાનું મહત્ત્વ છે. તાંત્રિક અનુષ્ઠાનોમાં વાંસનું આસન- વ્યાધિ અને દરિદ્રતા આપનાર; તણખલાનું -યશનાશક; પાંદડાંનું-ચિત્તવિક્ષેપ; કાળા મૃગનું-જ્ઞાન અને સિદ્ધિ; સિંહનું-મોક્ષ તથા લક્ષ્મીદાયક; રેસમ-પુષ્ટિકારક; કંબલ-દુઃખનાશક; સૂતરનું આસન-સૌભાગ્યસૂચક; વ્યાઘ્ર-જ્ઞાન; કાષ્ઠનું-દુર્ભાગ્ય; પથ્થરનું-બીમારીદાયક; ધરતી-દુઃખનો અનુભવ કરાવનાર હોય છે. આસનમાં ઉપયોગમાં લેવાતા આ પદાર્થોનો પોતાનો સ્વભાવ અને ગુણધર્મ છે, જેમાં સૂર્ય-ચંદ્રનાં કિરણો પ્રત્યક્ષ પરોક્ષ રૂપે પ્રભાવશાળી કારણના રૂપમાં ઉપસ્થિતિ રહે છે.

માળા પણ તાંત્રિક સાધનામાં વિશેષ મહત્ત્વ ધરાવે છે. તે કયા દ્રવ્યની છે- એ વાત પણ સાધનાની સફળતાને પ્રભાવિત કરે છે. સ્ફટિક સૂર્યનું પ્રતીક છે. મોક્ષકામી સાધનાઓ માટે એનો ઉપયોગ થાય છે. રકતચંદન અને પરવાળાની માળાઓ આકર્ષણ, વશીકરણ અને શ્રીની પ્રાપ્તિ માટે ઉપયોગી માનવામાં આવી છે. રુદ્રાક્ષની માળા પાપનાશક પણ છે અને સર્વસિદ્ધિ આપનાર પણ છે. આ એક જ એવી માળા છે, જે પ્રત્યેક ક્ષેત્રમાં પ્રત્યેક પ્રકૃતિના કાર્ય માટે ઉપયોગમાં લેવાય છે. વૈષ્ણવો માટે પણ એ શૈવો, મોક્ષકામીઓ અને સાંસારિક કામનાવાળી વ્યકિતઓ જેટલી જ મહત્ત્વની છે. રુદ્રાક્ષમાં મુખો અનુસાર એને જુદાં જુદાં અંગોમાં ધારણ કરવાનો નિર્દેશ તંત્રશાસ્ત્ર આપે છે, જે જયોતિષની દૃષ્ટિએ પણ ઔચિત્ય ધરાવે છે. નવમુખવાળો રુદ્રાક્ષ ડાબા હાથમાં, છ મુખવાળો જમણા હાથ (બાવડા)માં, તથા ચૌદ મુખવાળો શિખામાં ધારણ કરવો જોઈએ. એના જુદા જુદા લાભ નીચે પ્રમાણે છે - આરોગ્ય લાભ, સાત્ત્વિક પ્રવૃત્તિનો ઉદય, શકિતનો આવિર્ભાવ અને વિઘ્નનાશ, જુદાં જુદાં સ્થાનોમાં ધારણ કરવા યોગ્ય માળાના મણકાની સંખ્યા બાબતમાં પણ શાસ્ત્રીય નિર્દેશ છે. સત્તાવીસ મણકા (રુદ્રાક્ષના)ની માળા ગળાની આસપાસ, બત્રીસની માળા કંઠપ્રદેશમાં (જેમાં માળા ઝૂલીને તે હૃદયક્ષેત્રને સ્પર્શ કરતી રહે, રુદ્રાક્ષની માળાથી હૃદયરોગ મટે છે.) બાવીસ મણકાની માળા મસ્તકમાં, છની કાનમાં, બારની કાંડામાં, પંદરની બાવડામાં ધારણ કરવી જોઈએ. અલગ અલગ મુખોવાળી માળાથી અલગ અલગ પ્રકારની શારીરિક માનસિક વ્યાધિઓનો નાશ થાય છે. કોઈ સ્વસ્થ વ્યકિત જ પૂર્ણ મનોયોગપૂર્વક સાધના-અનુષ્ઠાન કરી શકે છે. વ્યાધિ એમાં વિક્ષેપ ઊભો કરે છે. એટલા માટે તંત્રશાસ્ત્ર રુદ્રાક્ષ માળાને ધારણ કરવાનો નિર્દેશ કરે છે.

આમ, તંત્ર એક પૂર્ણ વિજ્ઞાન છે. તેની તમામ પ્રક્રિયાઓ વૈજ્ઞાનિક છે, તે અપરા પ્રકૃતિને નિયંત્રિત કરીને શકિતનું ભૌતિક પરમાણુઓને નિયમિત કરીને એવું કરવામાં આવે છે. ભૌતિક શકિત પર નિયંત્રણ સ્થાપિત કરવું એ સાધારણ વાત નથી, સાવધાની અને સાહસનું કામ છે. તેમાં જરાક પણ અસાવધાની થઈ કે પ્રાણસંકટ સામે આવી ઊભું રહે છે. એટલા માટે આ વિદ્યા બધા માટે સુલભ નથી, તે સત્પાત્રો માટે જ સુરક્ષિત છે. કોઈ શ્રેષ્ઠ સદ્‌ગુરુના માર્ગદર્શનમાં જ કરવા યોગ્ય છે. જન સામાન્ય માટે તો સૌમ્ય ગાયત્રી સાધના જ સર્વશ્રેષ્ઠ છે.

✳

પિતામહ બ્રહ્માને સૃષ્ટિના નિર્માણની પ્રેરણા-આત્મબળ સંપાદનની સ્ફુરણા થઈ અને એમણે સૃષ્ટિ રચીને જીવધારીઓ માટે એક મહત્ત્વપૂર્ણ સંદેશ આપ્યો-કંઈક મેળવવું હોય તો આત્મદેવના શરણે જાવ અને તેની જ પાસેથી મેળવવાનો પ્રયાસ કરો.

બ્રહ્માજી કમળના ફૂલ પર બેઠા બેઠા ચિંતનમાં લીન હતા, તેઓ વિચારી રહ્યા હતા કે સૃષ્ટિનું નિર્માણ કેવી રીતે કરું ? આ અસમંજસમાં પડેલા બ્રહ્માને એક આકાશવાણી સંભળાઈ, જે કહી રહી હતી, તપ કર, તપ કર. બ્રહ્માજી આકાશવાણીને ઈશ્વરીય આદેશ માનીને તપમાં સંલગ્ન બની ગયા. એમણે લાંબા સમય સુધી ઘોર તપ કર્યું અને તેના જ બળે એમને સૃષ્ટિના નિર્માણની ક્ષમતા પ્રાપ્ત થઈ. પુરુષાર્થ અને સાહસ કરીને જ બ્રહ્માજીએ કંઈક મેળવ્યું હતું. આ જ માર્ગ બ્રહ્માએ રચેલાં પ્રત્યેક પ્રાણી માટે છે. ઉદ્યમી મનુષ્ય ઉન્નતિ કરે છે અને સુખ મેળવે છે અને અકર્મણ્ય વ્યકિત ભાગ્યને દોષ દઈને રોતા-કકળતા જિંદગી પૂરી કરે છે.


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

(સ્વાધ્યાય દોહન)

# સમયની માંગ છે શ્રેષ્ઠ સાહિત્ય

માનવજીવન માટે માનવ પોતે એક વણઉકલ્યો કોયડો બની રહેલ છે. આદિકાળમાં પોતાની જાતને વધુમાં વધુ જાણવામાં તેના સમસ્ત પ્રયત્નોનો મૂલાધાર રહ્યો છે. તે કોણ છે ? ક્યાંથી આવ્યો છે ? જીવનનું અંતિમ લક્ષ્ય શું છે. ? જીવન જીવવાની શ્રેષ્ઠ કલા કઈ છે. ? એવા અનેક પ્રશ્નો તેને સતત પ્રયત્નશીલ રહેવા માટે પ્રેરતા આવ્યા છે. આ જ પ્રયત્નો હેઠળ અધ્યાત્મ તથા દર્શનનું સર્જન કરવામાં આવ્યું, પરંતુ તે સાધારણ બુદ્ધિ માટે સહજ રીતે બોધગમ્ય નથી તેથી સાહિત્ય રચવામાં આવ્યું, જેથી સરળ અને સર્વસુલભ માધ્યમથી જીવન-સત્યનું જ્ઞાન થઈ શકે. સાહિત્યમાં આનંદ રસનો સમાવેશ તેને રુચિકર પણ બનાવી દે છે. આ રીતે સમાજમાં જીવનમૂલ્યોની સ્થાપનાનું શ્રેય શ્રેષ્ઠ સાહિત્યને સવિશેષ રૂપે જાય છે. લઘુકથાઓ અને આખ્યાયિકાઓએ આ ક્ષેત્રમાં મહત્ત્વપૂર્ણ યોગદાન આપ્યું છે.

ઈતિહાસ યથાર્થ હોઈને પણ ભાવદષ્ટિએ અસત્ય છે. જ્યારે કથા સાહિત્ય કાલ્પનિક હોવા છતાં પણ સત્ય છે. આદિથી અંત સુધી ઈતિહાસ દગાબાજી, હત્યા, લૂંટફાટ, અમાનવીય ઘટનાઓનું એક એવું વિવરણ છે જે મનને આનંદના સ્થાને વેદના, રોષ અને ગ્લાનિથી ભરી દે છે. આવા ઈતિહાસને સુંદર ન કહી શકાય અને જે સુંદર નથી, તે સત્ય પણ હોઈ શકતું નથી. સત્ય એ જ છે જે આનંદમય પણ હોય અને કલ્યાણકારી પણ હોય. મનુષ્યએ સંસારમાં જે સત્ય, શિવત્વ અને સુંદરતા પ્રાપ્ત કર્યાં અને જે પ્રાપ્ત કરી રહ્યો છે; તે જ સાહિત્ય છે.

આદિકાળથી આખ્યાયિકા, સાહિત્યનું એક મુખ્ય અંગ રહી છે. સમય તથા રુચિ અનુસાર તેની શૈલી અવશ્ય બદલાતી રહી છે. પ્રાચીનકાળમાં આ કૌતુક ઉત્પન્ન કરવાની અથવા આધ્યાત્મિક વિષયોના પ્રતિપાદનની દૃષ્ટિએ લખવામાં આવતી હતી. ભાગવત પુરાણ તથા ઉપનિષદમાં આખ્યાયિકાઓ દ્વારા આધ્યાત્મિક રહસ્યો સમજાવવામાં આવ્યાં છે. જાતક કથાઓ અને બાઈબલમાં પણ આખ્યાયિકાઓનો આશ્રય લઈને ધાર્મિક સૂત્રો જન જન માટે સુલભ બનાવવામાં આવ્યાં છે. આ રીતે સુરુચિપૂર્ણ માધ્યમ દ્વારા જીવન-સત્યને સમજાવવાનું સરળ બની ગયું છે.

સ્વાદિષ્ટમાં સ્વાદિષ્ટ ખાદ્ય પ્રદાર્થનું સતત સતત સેવન નવીનતાના અભાવે અરુચિકર લાગવા માંડે છે એ જ રીતે એક જ પ્રકારનું કાવ્ય-નાટક વાંચતાં વાંચતાં મનુષ્ય કંટાળી જાય છે. તે કોઈ નવી વસ્તુ ઝંખે છે જેની ઉત્કૃષ્ટતા ભલે વધારે ન હોય. આપણે ત્યાં પ્રાચીન કાળમાં સાહિત્યની જે મર્યાદાઓ બાંધવામાં આવી હતી, તેનું ઉલ્લંઘન વર્જ્ય હતું તેથી જ કાવ્ય, નાટક, કથા એ કશામાં પણ આપણે પ્રગતિ ન કરી શક્યા જ્યારે પશ્ચિમમાં આ જ નવીનતાની ભૂખે સાહિત્યમાં ક્રાન્તિ સર્જી દીધી.. ત્યાં શૈલીમાં ક્રાન્તિકારી પરિવર્તનો તો થયાં, પરંતુ તેમાં જીવનતત્ત્વોના સમાવેશ પર કોઈ વિશેષ ધ્યાન આપવામાં ન આવ્યું.

શેકસપિયરનાં નાટકો અનુપમ છે, પરંતુ તેમાં જીવનની સમસ્યાઓનું કોઈ સમાધાન નથી. આજનાં નાટકોનો ઉદ્દેશ કંઈક જુદો છે, આદર્શ કાંઈક જુદો છે, વિષય કંઈક જુદો છે, શૈલી કાંઈક જુદી છે. કથા સાહિત્યમાં પણ વિકાસ થયો. તેની શૈલી પૂર્ણરૂપે પરિવર્તિત થઈ ગઈ. નવલકથાઓ તથા

**એક સંતની પાસે એક નાનકડી ઝૂંપડી જ માત્ર હતી, જેમાં તેઓ સૂઈ શકતા હતા. એક દિવસ મુશળધાર વરસાદ પડયો, કોઈએ દરવાજો ખખડાવતાં પૂછયું - શું અંદર જગ્યા છે ? સંતે કહ્યું, તેમાં એક વ્યક્તિ સૂઈ શકે છે, પરંતુ બે વ્યક્તિઓ બેસી શકે છે. આપ અંદર આવી જાવ. તે વ્યક્તિને અંદર લઈ લેવામાં આવી અને તેઓ બન્ને બેસી ગયા. એટલામાં કોઈક બીજી વ્યક્તિએ સાંકળ ખખડાવી. જગ્યા છે કે ? સંતે જવાબ આપ્યો, અહીં બે માણસો બેસી શકે છે; પરંતુ ત્રણ માણસો ઊભા રહી શકે છે. દરવાજો ખોલી દેવામાં આવ્યો. ત્રણેએ તે વરસાદની રાત ઊભા રહીને પસાર કરી. આધ્યાત્મિક-સમાજવાદની આ વ્યાવહારિક પરિભાષા જો મનુષ્ય અપનાવી લે, તો સંસાર કષ્ટોથી મુક્ત બની જાય.**



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

આખ્યાયિકાઓની કલા આપણે પશ્ચિમના દેશો પાસેથી જ શીખ્યા. 'અલિફ લયલા'તથા દેવકીનંદન ખત્રીની નવલકથા 'ચન્દ્રકાન્તા' આદર્શ હતા. તેમાં વિવિધતા હતી, વિચિત્રતા હતી, કુતૂહલ હતું, પ્રેમ હતો, પરંતુ તેનામાં જીવનની સમસ્યાઓ નહોતી, મનોવિજ્ઞાનનાં રહસ્યો ન હતાં, અનુભૂતિઓની એટલી પ્રચુરતા નહોતી, જીવનસત્યનું સ્પષ્ટીકરણ ન હતું.

યુરોપના પ્રતિભાશાળી મહાન લેખકોએ લઘુ વાર્તાઓ-આખ્યાયિકાઓના ક્ષેત્રમાં પણ મહત્ત્વનું યોગદાન આપ્યું. બાલઝાક, મોંપાસા, ચેખોવ, ટોલસ્ટોય, મેકિસમ ગોર્કી વગેરેના પ્રયાસોથી નાની વાર્તાઓએ સાહિત્યનાં બધાં અંગો પર વિજય મેળવી લીધો. હિન્દીના પ્રત્યેક સામયિકમાં પણ આજે તો ત્રણ-ચાર વાર્તાઓ સ્વાભાવિક રીતે જ મળી આવે.

લઘુકથાઓના આ વધતા જતા પ્રાબલ્યનું મુખ્ય કારણ માનવજીવનમાં વધતો જતો સંઘર્ષ અને વ્યસ્તતા છે. જીવન સંઘર્ષમાં મનુષ્ય પોતાની જાતને પણ ભૂલી જાય છે. મનોરંજનની આવશ્યકતા સ્વાસ્થ્યની દૃષ્ટિએ ન હોત અને કોઈ તાણ વિના અઢાર કલાક કામ કરતા રહેવું સંભવિત હોત તો મનોરંજનનું નામ પણ લેવાતું ન હોત, પરંતુ પ્રકૃતિ સામે આપણે લાચાર છીએ. તેથી ઓછામાં ઓછા સમયમાં વધુમાં વધુ મનોરંજનની ઈચ્છા રહી છે. જે નવલકથા વાંચવામાં કેટલાક દિવસો લાગે છે, તેનો આનંદ સિનેમાઘર અથવા દૂરદર્શન -વીડિયો પર અઢી-ત્રણ કલાકની ફિલ્મ જોઈને માણી શકાય છે. એક કલાક-અડધો કલાકમાં દૂરદર્શન ધારાવાહિકો પણ સરસ મનોરંજન કરે છે. પ્રતિસ્પર્ધાના આ યુગમાં લઘુકથાઓ જ વિજ્ઞાનનાં અત્યાધુનિક મનોરંજનનાં સાધનો સાથે હરીફાઈ કરી શકે છે. તેથી વાર્તા એવી હોય જે ઓછામાં ઓછા શબ્દોમાં કહી શકાય, એક એક વાક્ય, એક એક શબ્દ મહત્ત્વપૂર્ણ અને પ્રભાવશાળી હોય, આરંભથી અંત સુધી વાચક મુગ્ધભાવે વાંચતો રહે, કંઈક તાજગી મળે, કંઈક વિકાસ થાય અને તેની સાથોસાથ કંઈક તત્ત્વ હોય. તત્ત્વહીન વાર્તાથી ભલે મનોરંજન થાય, માનસિક તૃપ્તિ નથી થતી. એ સાચું છે કે આપણે વાર્તાઓમાંથી ઉપદેશ નથી ઈચ્છતા, પરંતુ વિચારોને ઉત્તેજિત કરવા માટે મનના સુંદર ભાવોને જાગૃત કરવા માટે કંઈક ને કંઈક અવશ્ય ઈચ્છીએ છીએ. જેમાં મનોરંજન અને માનસિક તૃપ્તિમાંથી એક અવશ્ય ઉપલબ્ધ બને એ જ વાર્તા સફળ થાય છે.

સૌથી સારી વાર્તા એ હોય છે જેનો આધાર કાંઈ મનોવૈજ્ઞાનિક સત્ય પર આધારિત હોય. સાધુ પિતાનું પોતાના દુર્વ્યસની પુત્રની દશાથી દુઃખી થવું એ મનોવૈજ્ઞાનિક સત્ય છે. પિતાના મનોવેગોને ચિત્રિત કરવા અને તદનુકૂળ તેના વ્યવહારોને પ્રદર્શિત કરવા એ વાર્તાને આકર્ષક બનાવી શકે છે. ખરાબ વ્યક્તિ પણ ખરાબ નથી હોતી. તેમાં કયાંક ને કયાંક દેવતા અવશ્ય છુપાયેલ હોય છે, આ મનોવૈજ્ઞાનિક સત્ય છે. તે દેવતાને ખુલ્લા કરીને બતાવવા તે સફળ આખ્યાયિકાનું કામ છે. આપત્તિઓ પર આપત્તિઓ આવવાથી મનુષ્ય એટલો બહાદુર બની જાય છે, કે તે મોટામાં મોટા સંકટનો સામનો કરવા માટે તૈયાર થઈ જાય છે. તેની બધી જ દુર્બળતા ભાગી જાય છે અને તેના હૃદયના કોઈ ગુપ્ત સ્થાનમાં છુપાયેલી શક્તિઓ જાગૃત બનીને એવાં એવાં કામ તેની પાસે કરાવે છે, જે સામાન્ય રીતે કદાચ સંભવિત ન હોય. આ ગુપ્ત શક્તિઓનું લેખિની દ્વારા પ્રભાવશાળી પ્રગટીકરણ એક યોગ્ય કલાકારિતા છે. એક જ ઘટના અથવા દુર્ઘટના જુદી જુદી પ્રકૃતિના મનુષ્યોને જુદી જુદી રીતે પ્રભાવિત કરે છે. આપણે વાર્તામાં તેને બતાવી શકીએ તો તે અવશ્ય આકર્ષક હશે. જીવનની

> સંત ફ્રાન્સિસે એક કુષ્ઠરોગીને ચિકિત્સા માટે ધન આપ્યું, વસ્ત્ર આપ્યાં અને તેને સાફસૂફ કરીને સેવા-શુશ્રૂષા કરી. એક ગિરજાઘર-મંદિરના સમારકામ માટે દુકાનની કાપડની ગાંસડીઓ વેચીને બધું ધન આપી દીધું. તેમના પિતાને જ્યારે આ વાતની ખબર પડી, ત્યારે તેમને મારઝૂડ કરવામાં આવી અને સંપત્તિના વારસામાંથી બાકાત રાખવાની તેમને ધમકી પણ મળી.
>
> પિતાની ધમકી સાંભળતાં જ તેઓ એમ કહીને ઘરમાંથી નીકળી ગયા કે આપે આજે મને એક બહુ જ મોટા મોહના બંધનમાંથી મુક્ત કરી દીધો. આવી સંપત્તિને હું દૂરથી જ પ્રણામ કરું છું. પિતાએ આપેલાં કપડાં પણ પાછાં આપી, વારસામાં મળી શકનાર ભારે સંપત્તિને લાત મારી તેઓ ઘરમાંથી નીકળી પડયા. કાળાંતરે ખ્રિસ્તી ધર્મના વ્યાપક વિસ્તારમાં તેમનું કેટલું મોટું યોગદાન બની રહ્યું તે તો સૌ જાણે છે. લોકસેવક પોતાના માર્ગમાં અવરોધ રૂપ બનનાર સંપત્તિ માટે મોહ ન રાખીને વિશ્વ માનવની સેવાની વાત જ વિચારે છે.


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

વિભિન્ન સમસ્યાઓ, તેમાં ફસાયેલ વ્યકિતના દ્વંદ્વ અને તેનું સમાધાન વાર્તાને રોચક બનાવી દે છે.

કેટલીક વાર્તાઓ ઘટનાપ્રધાન હોય છે અને કેટલીક ચરિત્રપ્રધાન. ચરિત્રપ્રધાન વાર્તાઓ દ્વારા ચરિત્રના એક અંગને જ એ રીતે ચિત્રિત કરવામાં આવે કે વાર્તાનો સાર શાશ્વત સત્ય પર આધારિત તથા સર્વમાન્ય હોય અને તેમાં જીવનને પ્રભાવિત કરનારું ઊંડાણ હોય. ચરિત્ર એટલું આકર્ષક હોય, સજીવ હોય કે વાચક થોડાક પરિચય બાદ જ તેની સાથે આત્મીયતાનો અનુભવ કરે અથવા પોતાને તેના સ્થાન પર સમજવા લાગે. આવા પ્રભાવશાળી ચરિત્ર -ચિત્રણથી માનવ-હૃદય વાસ્તવિક જીવનચરિત્રો કરતાં પણ વધારે પ્રભાવિત થાય છે. આ કાલ્પનિક ચરિત્રોનાં દુઃખથી આપણે પણ દુઃખી થઈએ છીએ અને તેમની પ્રસન્નતાથી હર્ષિત થઈએ છીએ. શુષ્ક પથ્થર દિલવાળી વ્યકિતનો અંતરાત્મા પણ વાર્તાની હૃદય-વિદારક ઘટનાઓ પર રોઈ પડે છે. કથાનાં આવાં ચરિત્રો માનવીય મન પર પોતાનો વિશેષ પ્રભાવ એટલા માટે પાડે છે કે તેમના અને આપણા મનની વચ્ચે જડતાનો એ પડદો નથી હોતો જે એક મનુષ્યના હૃદયને બીજા મનુષ્યના હૃદયથી દૂર કરે.

તેથી વાર્તાઓ નાની તથા મનોવૈજ્ઞાનિક વિશ્લેષણ અને યથાર્થ જીવનના સ્વાભાવિક ચિત્રાણને લક્ષ્ય માનીને લખવામાં આવે.તેમાં કલ્પનાનો ઓછો અને અનુભૂતિઓનો વધુ આધાર લેવામાં આવે. એનો અર્થ એ નથી કે પૂર્ણપણે વાસ્તવિક જીવનચિત્રાણ જ કરવામાં આવે અનુભૂતિઓ જ રચનાશીલ ભાવનાથી અનુપ્રાણિત થઈને વાર્તા બની જાય છે. તેમાં કેટલાય રસો, કેટલાય ચરિત્રો અને કેંટલીય ઘટનાઓના બદલે કેવળ એક પ્રસંગનું, ચરિત્રની એક ઝલકનું સજીવ હૃદયસ્પર્શી ચિત્રાણ હોય. લેખનનો આધાર કાંઈ રોચક દશ્ય અથવા સ્થૂળ સૌંદર્ય ન હોય, પણ કોઈ એવી પ્રેરણા હોય જે વાચકની સુંદર ભાવનાઓને સ્પર્શી શકે, તેમાં છુપાયેલા દેવત્વને ઢંઢોળીને જગાડી શકે. હેરિયર સ્ટોની નવલકથા ટોમ કાકાની કુટિયાએ સમગ્ર અમેરિકાના હૃદયને વલોવી નાખ્યું હતું. વર્તમાન સમયનો આ જ પોકાર છે કે પ્રતિભાશાળી ભાવમયી લેખિની આ દિશામાં ચાલે અને વાચકોને મનોરંજનની સાથે સન્માર્ગ પર ચાલવા માટે પ્રેરિત કરે અને સંઘર્ષમાં જીવન-સત્યોની રક્ષા કરવાની પ્રેરણા અને શકિત આપે. યુગશકિત આ જ દિશામાં શાશ્વત ચાલી રહી છે.

જયનગર પર શત્રુઓનુ આક્રમણ થયુ અને ત્યાંના રાજાએ સ્ત્રી-બાળકો સહિત રાતના અધારામાં ભાગવુ પડયું. દૂર જઈને એક વૃક્ષની છાયામાં બેસીને રાજા-રાણી વિચાર કરવા લાગ્યા કે આગામી દિવસોમાં પેટનુ પોષણ કઈ રીતે થશે ? રાણીએ સુઝાડયું- આપે જીવન પર્યંત બહુ દાન-પુણ્ય કર્યું છે તેમાથી થોડુ કુશીનગરના રાજાને વેચીને ધન પ્રાપ્ત કરવામા આવે કુશીનગરનો રાજા લોકોનુ પુણ્ય ખરીદવા માટે પ્રસિદ્ધ હતો

રાજા સહમત થઈ ગયો, પરતુ ભૂખ્યા પેટે કુશીનગર સુધી પહોંચવુ શી રીતે ? રાણીને એક ઉપાય સૂઝયો, તેણે કહ્યું, ગ્રામજનોના ઘરોમા જઈને લોટ દળીશુ અને દરરોજના ખોરાકમાથી જે બચશે તે જમા કરતી રહીશ. રાજા તે દિવસે રોટલી શેકી રહ્યા હતા. ભોજન પહેલા જ એક ભિખારી ત્યા આવી પહોંચ્યો તેણે જયારે ક્ષુધાભરી મુખમુદ્રા સાથે રોટલી માગી, ત્યારે રાજા હતપ્રભ થઈ ગયો, જો આ પણ આપી દઉ તો ખાઈશુ શુ ? જો ખાઈશુ નહિ તો બીજા રાજયમાં પહોંચીશુ કેવી રીતે ? રાણીએ કહ્યુ, આપણે એક દિવસ વધુ ભૂખ્યા રહીશુ- પહેલી પ્રાથમિકતા આની છે રાણીની સલાહ મુજબ રાજાએ બધી રોટલીઓ તેને આપી દીધી અને ભૂખે પેટે જ તેમનો સમગ્ર પરિવાર આગળ ચાલી નીકળ્યો

વાટખરચી પૂરતો લોટ એકઠો થઈ ગયો, ત્યારે તે લઈને રાજા બનાવતા-ખાતાં દસ દિવસોમા કુશીનગરમા પહોંચ્યા, રાજાને પોતાની વાત સભળાવી જવાબ મળ્યો-ધર્મકાંટા પર ચાલ્યા જાવ, જે પ્રામાણિકતાથી કમાયા હો તે એક પલ્લામા રાખો ધર્મકાટો આપને તેના આધારે સુવર્ણમુદ્રાઓ આપશે

જયનગરના રાજાએ પોતાના પુરાણા પુણ્યોની વિગતો ત્રાજવાના પલ્લામા રાખી પરતુ તેનાથી કાઈ ન મળ્યુ ત્યા ઉપસ્થિત પુરોહિતે કહ્યુ આપ મહેનત કરીને પરિશ્રમપૂર્વક જે કમાયા હોય અને દાન કર્યું હોય તેની જ વિગતો લખો

રાજાને પાછલા દિવસોમા ભિખારીને આપેલી રોટલીઓ યાદ આવી તેમણે તેની વિગત-નોંધ લખીને ત્રાજવામાં પલ્લામા મૂકી બીજા પલ્લામા તેના બદલામા સો સુવર્ણ મુદ્રાઓ ગણી દીધી

પુરોહિતે કહ્યું, એ જ દાનનું પુણ્યફળ મળે છે જે ઈમાનદારીથી પરિશ્રમપૂર્વક કમાયેલુ હોય રાજાને દાનનો સાચો મર્મ સમજાયો



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

# દુર્બુદ્ધિ અને સદ્બુદ્ધિ

ભસ્માસુર અને શતાયુધ બે ભાઈઓ હતા, ઉંમરલાયક થતાં બન્નેએ નિશ્ચય કર્યો કે તપ કરીને શિવજીને પ્રસન્ન કરવા જોઈએ અને એમની પાસેથી એવું વરદાન મેળવવું જોઈએ, જેથી સંસારભરમાં આપણો મહિમા ગવાય, આપણને વરિષ્ઠ અને સમર્થ સમજવામાં આવે. બન્ને તપ કરવા મંડી પડયા. લાંબા સમય સુધી કઠોર સાધના ચાલી. શંકરજીનું ધ્યાન ખેંચાયું અને તેઓ એમને દર્શન આપવા જઈ પહોંચ્યા અને વરદાન માગવા કહ્યું. બન્નેએ ભગવાન આશુતોષને પ્રણામ કર્યા અને પોતપોતાની મનોકામના વ્યકત કરી. ભસ્માસુરે વરદાન માગ્યું કે તે જેના માથા પર હાથ રાખે તે બળીને ભસ્મ થઈ જાય. શતાયુધે વરદાન માગ્યું કે તે જેના માથે હાથ મૂકે તે રોગમુકત બની જાય. બન્નેને ઈચ્છિત વરદાન આપીને શંકરજી વિદાય થયા.

ભસ્માસુરે પોતાના શત્રુઓની ગણતરી કરીને તેમને કોઈ ને કોઈ બહાને બોલાવી બધાના માથા પર હાથ મૂકયો અને બાળીને નાશ કરી નાખ્યો. સૌ ભયભીત બની ગયા. એની સાથે વેર બાંધવાની કોઈ હિંમત કરતું નહિ. તે સ્વચ્છંદ બની ફરવા લાગ્યો. ભયના માર્યા એની પાસે પણ કોઈ ફરકતું નહિ. તેને લગ્ન કરવાની ઈચ્છા હતી, પણ કોઈ સ્ત્રી એની સાથે લગ્ન કરવા તૈયાર થતી નહિ. વિચારતી કે પ્રેમથીય જો માથે હાથ મૂકી દેશે તો જીવનથી હાથ ધોવા પડશે.

એક દિવસ એણે પાર્વતીને પત્ની બનાવવાનું વિચાર્યું. તેઓ અસાધારણ સુંદર હતાં. તેનો પ્રસ્તાવ જ્યારે પાર્વતી પાસે પહોંચ્યો તો તેઓ સ્તબ્ધ બની ગયાં. શિવજી પણ વિચારવા લાગ્યા કે કુપાત્રને સહાયતા કરવી એ પણ પાપ છે. મારાથી આ ભૂલ થઈ ગઈ. હવે કોઈ ઉપાય કરીને મારો અને પાર્વતીનો જીવ બચાવવો જોઈએ.

ભગવાન વિષ્ણુએ માયાથી એક સુંદરીની રચના કરી. મા પાર્વતી જેવી સુંદર દેખાતી એ સુંદરીએ ભસ્માસુરને કહ્યું- ''શિવજી ખૂબ સુંદર નૃત્ય કરે છે, એટલે એ મને પરમપ્રિય છે. તમે પણ એવું કરી બતાવો, તો જ હું તમારો પ્રસ્તાવ સ્વીકારીશ.''

મદાંધ ભસ્માસુર રંગીન સ્વપ્નમાં રાચતો હતો. તે તરત જ નાચવા લાગ્યો. એમાં એ એટલો ભાવવિભોર બની ગયો કે પોતાના જ માથે હાથ મૂકી દીધો અને બળીને ભસ્મ થઈ ગયો.

તેના ભાઈ શતાયુધે આવ્યો તે દિવસથી જ પીડિતોના માથે હાથ મૂકવાનો અને તેમને સારા કરવાનો ક્રમ શરૂ કરી દીધો. સારા થનારાએ પોતાનું કષ્ટ દૂર થયાની કથા અનેકને કહી. એ સાંભળીને દૂરદૂરથી પીડિતો તેની પાસે આવવા લાગ્યા અને સાજાસારા થઈને જવા લાગ્યા.

દિવસે દિવસે સહાય માગનારાઓની ભીડ વધતી ગઈ. લાભ લેનારાની શ્રદ્ધા- સદ્ભાવના તેને મળતી રહી અને તેનું તપ તથા શિવજીનું વરદાન સાર્થક થયું. સદ્બુદ્ધિની જ એ કમાલ હતી કે શતાયુધ અક્ષય કીર્તિ મેળવવા લાગ્યો અને સાચા અર્થમાં સમર્થ ગણાવા લાગ્યો.

દુર્બુદ્ધિએ ભસ્માસુરનું તપ અને શિવજીનું વરદાન બન્ને નિરર્થક બનાવ્યાં. પોતે નષ્ટ થયો અને દુરાત્માની શ્રેણીમાં ગણાવા લાગ્યો.

જ્યારે સદ્બુદ્ધિનો સમાવેશ હોય ત્યારે જ તપ અને વરદાનની ઉપયોગિતા છે, આત્મપરિષ્કાર અને પાત્રતાના અભાવે સદાય મગજ પર દુર્બુદ્ધિ છવાયેલી રહે છે અને અનાયાસ જ કોઈ સુયોગ આવી પડે તો તે માંગી બેસે છે, જે અંતે આત્મઘાતી સાબિત થાય છે.

ધનિનાડપિ નિરુન્માદા યુવાનોડપિ ન ચંચલાઃ ।
પ્રભાવોડપ્યપ્રમત્તાસ્તે મહામહિમશાલિનઃ ॥

જે ધનવાન હોવા છતાં ઉન્માદી, યુવાન હોવા છતાં ચંચળ અને પ્રભાવશાળી હોવા છતાં પાગલ નથી હોતા, તે સજજનો મહિમાશાળી હોય છે.



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

ગુરુગીતા-૭

# સ્વયં કહો - 'શિષ્યોऽહમ્'

ગુરુગીતાની ભકિતકથા ગુરુભકતો માટે અમૃત સરોવર છે. તેમાં ડૂબકી મારવાથી મળનાર ભકિત-સંવેદન ગુરુભકત સાધકને સહજમાં જ સદ્‌ગુરુ-કૃપાનો સંસ્પર્શ કરાવી દે છે. પરમકૃપાળુ સદ્‌ગુરુની કૃપા સાધકના બધા દોષ-દુર્મતિજન્ય વિકારોનું હરણ કરીને તેને જીવનના પરમ લક્ષ્યની પ્રાપ્તિ કરાવી દે છે. આ જ સત્ય દર્શાવતાં ગોસ્વામી તુલસી બાબાએ એક જગ્યાએ કહ્યું છે -

**તુલસી સદ્‌ગુરુ ત્યાગી કે, ભજહિં જે પામર ભૂત ।**
**અંત ફજીહત હોહિં ગે, ગનિકા કે સે પૂત ॥**

જે પામર મનુષ્ય પરમ કૃપાળુ સદ્‌ગુરુ અને તેમણે દર્શાવેલ સાધન માર્ગને છોડીને તંત્ર-મંત્ર, ભૂત-પ્રેતોમાં અટવાયેલા રહે છે, તેમની અંતે ભારે બદનામી થાય છે. તે ગણિકાના પુત્રની જેમ દરેક જગ્યાએ ધિક્કારાય અને ધુત્કારાય છે.

સદ્‌ગુરુની કૃપા સાધકનો પરમ આશ્રય છે. આ તત્ત્વની અનુભૂતિ કેવી રીતે અને કયા પ્રકારે થાય, તે જ તો ગુરુગીતાના પ્રત્યેક મંત્રમાં પ્રગટ થઈ રહ્યું છે. પાછળની કડીમાં ભગવાન સદાશિવે જગન્માતા પાર્વતીને જણાવ્યું છે કે ગુરુનાં ગુરુચરણામૃતનો મહિમા અજોડ છે. ગુરુની કૃપા શ્રેષ્ઠ છે. ગુરુનું સાંનિધ્ય જ પવિત્ર કાશીધામ છે. ગુરુદેવ જ ભગવાન વિશ્વેશ્વર છે. તે જ તારક બ્રહ્મ છે. અક્ષયવડ અને તીર્થરાજ પ્રયાગ પણ તે જ છે. ભગવાન મહાદેવ, એક જ સત્યને વારંવાર સંભળાવે છે, જણાવે છે, સમજાવે છે કે - આમતેમ કયાંય ભટકશો નહિ, અન્યત્ર કયાંય ફસાશો નહિ, અન્યત્ર કયાંય અટકશો નહિ. જેમણે તમને મંત્રદાન આપ્યું છે, જેમણે તમને જીવનનો પંથ દેખાડયો છે, જે હરપળે, હરક્ષણે પોતાની અસીમ કૃપા તમારા પર વરસાવતા રહે છે, તેનું જ શરણું લો.

આ કૃપાને ધારણ કરવાની અને ગ્રહણ કરવાની વિધિ દર્શાવતાં ભગવાન સદાશિવ માતા પાર્વતીને કહે છે -

**ગુરુમૂર્તિં સ્મરેન્નિત્યં ગુરુનામ સદા જપેત્ ।**
**ગુરોરાજ્ઞાં પ્રકુર્વીત ગુરોરન્યત્ર ભાવયેત્ ॥ ૧૮ ॥**
**ગુરુવકત્રસ્થિતં બ્રહ્મ પ્રાપ્યતે તત્પ્રસાદતઃ ।**
**ગુરોર્ધ્યાનં સદા કુર્યાત્ કુલસ્ત્રી સ્વપતેર્યથા ॥ ૧૯ ॥**
**સ્વાશ્રમં ચ સ્વજાતિં ચ સ્વકીર્તિં પુષ્ટિવર્ધનમ્ ।**
**એતત્સર્વં પરિત્યજ્યં ગુરોન્યત્ર ભાવયેત્ ॥૨૦॥**

સદ્‌ગુરુની કૃપાથી પોતાના જીવનમાં ભૌતિક, આધ્યાત્મિક, લૌકિક-અલૌકિક સમસ્ત વિભૂતિઓને પામવાની ઈચ્છા રાખનાર સાધકે સદાયે ગુરુદેવની છબી તસવીરનું સ્મરણ કરવું જોઈએ. સાથોસાથ ગુરુની આજ્ઞાઓનું બધી પ્રતિકૂળ પરિસ્થિતિમાં પણ સંપૂર્ણ નિષ્ઠાપૂર્વક પાલન કરવું જોઈએ. પોતાના જીવનમાં કલ્યાણની કામના કરનાર સાધકે ગુરુદેવ સિવાય અન્ય કોઈ ભાવના ન રાખવી જોઈએ. (૧૮) ગુરુના મુખમાં બ્રહ્મનો વાસ છે. આ કારણથી તેમના મુખે બોલાયેલ શબ્દ બ્રહ્મવાકય જ છે. ગુરુના કૃપાપ્રસાદથી જ બ્રહ્મની પ્રાપ્તિ થાય છે. પરમ પતિવ્રતા સ્ત્રી જેવી રીતે સદાય પોતાના પતિનું ધ્યાન ધરે છે; તે જ રીતે અધ્યાત્મ તત્ત્વના ઈચ્છુક સાધકે પોતાના ગુરુનું ધ્યાન કરવું જોઈએ (૧૯) સાધકમાં આ ધ્યાનની પ્રગાઢતા કંઈક એ રીતે હોવી જોઈએ કે તે પોતાના આશ્રમ, પોતાની જાતિ, પોતાની કીર્તિનું પોષણ, વૃદ્ધિ બધું જ ભૂલી જાય. ગુરુ સિવાય અન્ય કોઈ ભાવના તેનામાં ન વ્યાપે (૨૦).

આ મહામંત્રોનું મનન અને તેનું આચરણ સાધકો માટે રાજમાર્ગ છે. સાધનાનો આ પંથ બહુ જ સરળ, સુગમ અને નિરાપદ છે. શ્રી રામકૃષ્ણ પરમહંસ દેવના અનેક શિષ્યો હતા. તેમનામાંથી ઘણા બધા બહુ જ ભણેલા-ગણેલા, વિદ્વાન અને તપસ્વી હતા. સ્વામી વિવેકાનંદજીની અલૌકિક પ્રતિભાથી તો સમગ્ર દુનિયા ચમત્કૃત રહી ગઈ. આ શિષ્યોમાં એક લાટુ મહારાજ પણ હતા. બિલકુલ અનપઢ-ગમાર, વિદ્યા કે બુદ્ધિનો કોઈ ચમત્કાર તેમનામાં ન હતો. બસ હૃદયમાં ભકિત જ હતી. તેઓ શાસ્ત્રચર્ચાના ગાંભીર્યમાં ડૂબી શકતા ન હતા કે કોઈની સાથે શાસ્ત્રાર્થ કરી શકતા ન હતા. પશ્ચિમી જ્ઞાન-વિજ્ઞાન તો તેમને સ્પર્શી પણ શકયું ન હતું. પોતાની આ સ્થિતિ પર વિચાર કરીને તેમણે પરમહંસ દેવને કહ્યું, 'ઠાકુર, મારું શું થશે ?' શ્રી પરમહંસ ઠાકુરે તેમને આશ્વાસન આપતાં કહ્યું, તારા માટે હું છું જ ને ! બસ, મારું નામ સ્મરણ કરવાથી, મારું ધ્યાન ધરવાથી બધું જ બરાબર થઈ જશે.

ત્યારથી લાટૂ મહારાજનો એ નિયમ બની ગયો, પોતાના ગુરુદેવ શ્રી રામકૃષ્ણ પરમહંસનું નામસ્મરણ,


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

તેમનું જ ધ્યાન અને તેમની જ સેવા ઠાકુરની આજ્ઞા જ તેમને માટે સર્વસ્વ બની ગઈ. આ બધું કરતાં તેમના જીવનમાં આશ્ચર્યજનક આધ્યાત્મિક પરિવર્તનો થયાં. અનેક દૈવી ઘટનાઓ અને ચમત્કારોએ તેમની સાધનાને ધન્ય બનાવી, તેમનું અદ્ભુત આધ્યાત્મિક જીવન અને યોગશક્તિઓનો અદ્ભુત વિકાસ જોઈને સ્વામી વિવેકાનંદે તેમને અદ્ભુતાનંદ એવું નામ આપ્યું. શ્રી રામકૃષ્ણ સંઘમાં તેઓ આ જ નામથી વિખ્યાત થયા. સ્વામી વિવેકાનંદ તેમના વિશે કહ્યા કરતા કે લાટૂ ઠાકુરનો ચમત્કાર છે. તે આ બાબતનું પ્રત્યક્ષ પ્રમાણ છે કે ગુરુસ્મરણ, ગુરુસેવા અને ગુરુના આજ્ઞાપાલનથી બધું જ શકય બની શકે છે. જે જન્મ-જન્માંતરોના તપથી પણ સંભવિત નથી, તે સદ્ગુરુની કૃપાથી સહજમાં જ સાકાર થઈ જાય છે.

સદ્ગુરુના મુખમાં બ્રહ્મનો વાસ હોય છે, તેમની વાણી બ્રહ્મવાણી છે. તેમના દ્વારા બોલાયેલાં વચનો બ્રહ્મવાકય છે. મહાન દાર્શનિક યોગી ભગવાન શંકરાચાર્યએ કહ્યું છે, મંત્ર એ જ નથી, જે વેદો અને તંત્રગ્રન્થોમાં લખાયેલા છે. તે પણ મંત્ર જ છે, જે ગુરુ કહે છે. સદ્ગુરુનાં વચન મહામંત્ર છે. તેમના દર્શાવ્યા અનુસાર સાધના કરનાર જીવનના પરમ લક્ષ્યને પ્રાપ્ત કર્યા વિના રહેતો નથી: પતિવ્રતા સ્ત્રીની જેમ મન, વાણી અને કર્મની સંપૂર્ણ નિષ્ઠાને નિયોજિત કરીને ગુરુદેવ ભગવાનનું ધ્યાન કરવું જોઈએ. ભાવના હોય કે ચિંતન કે પછી ક્રિયા, બધું જ સમન્વિત રૂપે એક જ દિશામાં, સદ્ગુરુનાં ચરણો ભણી પ્રવાહિત બનવાં જોઈએ.

એટલું ધ્યાનમાં રહે કે આ મહાસાધનામાં પોતાની કોઈ મોટાઈ આડે ન આવે. પોતાનો કોઈ તુચ્છ સ્વાર્થ તેમાં બાધા ન બને. શ્રી રામકૃષ્ણ દેવ કયારેક હસતાં હસતાં પોતાના ભકતોને કહેતા, કેટલાક લોકો એવા છે જેમના મનમાં ભગવાન પ્રત્યે અને ગુરુ પ્રત્યે ભક્તિભાવ તો છે, પરંતુ તેમને શરમ આવે છે કે લોકો શું કહેશે ? આશ્રમ અને કુળની ખોટી મર્યાદા, પોતાની જાતિ વિશેનું અભિયાન, યશ અને પ્રતિષ્ઠાનો લોભ, તેમને ગુરુની સેવા કરવામાં અવરોધ બને છે. પરમહંસ દેવ જ્યારે આમ કહી રહ્યા હતા ત્યારે તેમના એક ભકત શિષ્ય માસ્ટર મહાશયે પૂછ્યું, તો પછી આનો ઉપાય શો ? આ બધાને છોડી દો, ત્યજી દો, તણખલાની જેમ. સદ્ગુરુના આજ્ઞાપાલનમાં જે કોઈ અવરોધ સામે આવે તેનાથી મોં ફેરવી લેવામાં કદીય કોઈ સંકોચ રાખવો ન જોઈએ.

સ્વામી વિવેકાનંદ કહ્યા કરતા, તમે તમારી જાતને પૂછો, કોડહમ્ હું કોણ છું ? પછી જુઓ, તમને શો ઉત્તર મળે છે ? બની શકે કે તમને જવાબ મળે કે હું પુત્ર છું, પિતા છું, પતિ છું અથવા પત્ની છું, મા છું, પુત્રી છું. આવો ઉત્તર મળતાં વધુ ઊંડાણમાં ઊતરો, ગુરુચરણોમાં વધુ સ્નેહભાવ વધારો. પછી તમને ફકત એક અને એક જ ઉત્તર મળશે, 'શિષ્યોડહમ્' । હું શિષ્ય છું. બધા જ સગા-સંબંધો આ એક જ સંબંધમાં વિલુપ્ત થઈ જશે. એટલું ધ્યાનમાં રહે કે, જે શિષ્ય છે, તે જ સાધક બની શકે છે. તેમાં જ જીવનની સમસ્ત સંભાવનાઓ સાકાર થઈ જાય છે અને જે સાચો શિષ્ય છે, તેનાં બધાં જ કર્તવ્યો પોતાના ગુરુ માટે જ છે. આવા કર્તવ્યનિષ્ઠ શિષ્યને સદ્ગુરુ-કૃપા કયા રૂપે ફળે છે, તેનું જ્ઞાન ભગવાન ભોળાનાથે ગુરુગીતાના આગળનાં મંત્રોમાં કરાવ્યું છે.

**(ક્રમશઃ)**

***ઈશ્વરચંદ્ર વિદ્યાસાગર અભાવ અને નિર્ધનતાની વચ્ચે ભણતાં ભણતાં માસિક ૫૦ રૂપિયાના વેતનથી નોકર બની ગયા. તેમની સફળતા પર તેમના અનેક સંબંધીઓ તેમને આશીર્વાદ આપવા આવી પહોંચ્યા અને કહ્યું, ભગવાનની દયાથી તમારાં બધાં જ દુ:ખો દૂર થઈ ગયાં છે. આપ હવે આરામથી રહો અને સુખશાંતિનું જીવન વિતાવો. ઈશ્વરચંદ્રજીની આંખો ભરાઈ આવી– તેઓ બોલ્યા, આપે મને આ આશીર્વાદ આપ્યો કે અભિશાપ ? જે મહેનતના બળે હું તે ભીષણ પરિસ્થિતિમાંથી બહાર નીકળી આવ્યો, તેને જ ત્યજીને મને અકર્મણ્ય બનવાની સલાહ આપી રહ્યા છો. આપે તો કહેવું જોઈતું હતું જે ગરીબાઈ અને અભાવનું કષ્ટ તમે જાતે જ અનુભવ્યું છે, તેને પરિસ્થિતિ બદલાતાં ભૂલી ન જશો. પોતાના શ્રમ અને સામર્થ્યથી અભાવગ્રસ્તોનો અવરોધાયેલો માર્ગ સરળ કરજો. જેઓને જીવનનો કોઈ આભાસ જ નથી, તેઓ ઉપેક્ષા દાખવે, એશઆરામમાં ભૂલા પડે તો ભૂલેલા રહે, હું આવો અપરાધ કેવી રીતે કરી શકું ? તથ્ય તો એમ દર્શાવે છે કે તેઓએ પોતાના જીવનમાં આ સિદ્ધાંત પૂરેપૂરી તત્પરતાથી નિભાવ્યો. અસંખ્ય અભાવગ્રસ્તો માટે પ્રત્યક્ષ–અપ્રત્યક્ષ રૂપે દેવદૂતની જેમ આગળ આવતા રહ્યા. સાચા અર્થમાં તેઓ પરમાર્થી જીવન જીવ્યા.***


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

# કલ્પના અંતર્મુખી બને અને ધારણાનું સ્વરૂપ લઈ લે

અંતર્યાત્રા વિજ્ઞાનની કડીઓ યોગસાધકોને તેમની સાધના સાથે જોડી રહી છે. આ કડીઓ દ્વારા સાધક પોતાની સાધના સાથે જોડાય છે, ગૂંથાય છે. એક કડી પછી બીજી નવી કડી, તેમાં યોગસાધનાનો નવો આયામ પ્રગટ કરે છે. આ જ કારણે અંતર્યાત્રા વિજ્ઞાન પ્રત્યે સાધકોની અભિરુચિ અભીપ્સાનું રૂપ લઈ ચૂકી છે. તેના વાંચન-ચિંતન,મનન અને નિદિધ્યાસાને પણ તેમણે પોતાની સાધનાનું એક અનિવાર્ય અને અવિભાજ્ય અંગ માની લીધું છે. આ અપૂર્વ સાધનાએ તેમના જીવનમાં કેટલીય અલૌકિક અનુભૂતિઓ અને ઉપલબ્ધિઓનાં દ્વારો પણ ખોલ્યાં છે. પાછલી કડીમાં સાધકજનોની પાંચ વૃત્તિઓમાં બીજી વૃત્તિ - 'વિપર્યય' વિશે આપણે વાંચ્યું હતું. મહર્ષિ પતંજલિએ સાધકોને ઉપદેશ આપ્યો કે વિપર્યય એક મિથ્યા જ્ઞાન છે. તેને અસત્ જ્ઞાન પણ કહે છે. આપણે કોઈ વસ્તુ, વ્યકિત અથવા વિચાર વિશે જે ખોટી ધારણાઓ એકત્રિત કરીએ છીએ, તે જ આપણો વિપર્યય છે. તે બીજું કાંઈ નથી, બસ આપણા ચિત્તની ભ્રમિત દશા છે.

આગલા એટલે કે સમાધિપાદના નવમા સૂત્રમાં યોગ સૂત્રકાર મહર્ષિ ત્રીજી વૃત્તિની સ્પષ્ટતા કરતાં કહે છે -

**શબ્દ જ્ઞાનાનુપાતી વસ્તુ શૂન્યો વિકલ્પઃ ॥૧/૯॥**

"શબ્દોની જોડથી બનેલી ધારણા એક પ્રકારની કલ્પના હોય છે" શબ્દોના જોડકાંથી દરેકનો પરિચય છે. આપણે બધા આપણા જીવનની ક્ષણોને કલ્પનાઓથી સજાવીએ છીએ. કેટલીય વાર આ કલ્પનાઓ આપણા અતીત સાથે સંકળાયેલી હોય છે તો કેટલીક વખત આપણે આ કલ્પનાઓના તારથી આપણા ભાવિના તાણાવાણા વણીએ છીએ. આપણામાંથી ઘણા બધા કલ્પના કરવા એટલા ટેવાઈ ગયા હોઈએ છીએ કે મન રોકાઈ જવાનું નામ જ લેતું નથી. કોઈ પણ કાર્ય પૂરું થતાં જ મન કલ્પનાના હિંડોળે ઝૂલવા લાગે છે. જાતભાતની કલ્પનાઓ, રંગબેરંગી અને બહુરંગી કલ્પનાઓ, કયારેક કયારેક તો વિદ્રૂપ અને ભયાવહ કલ્પનાઓ ઈચ્છા-અનિચ્છાઓ આપણા મનને ઘેરી વળે છે. કયારેક આપણે તેમની સમ્મોહકતામાં ખોવાઈ જઈએ છીએ, તો કયારેક તેમની ભયંકરતા સમક્ષ આપણાં રૂંવાડાં ખડાં થઈ જાય છે. સ્થિતિ એવી છે કે કલ્પના-રસ આપણો જીવનરસ બની ચૂકયો છે.

કલ્પના-રસમાં ડૂબેલા અને વિભોર રહેવા છતાં આપણે તેને યોગ્ય રીતે ઓળખ્યો નથી. પરમપૂજ્ય ગુરુદેવ આ બાબતે કહ્યા કરતા, કલ્પનાઓ સદાય કંઈ કોરી કે અર્થહીન હોતી નથી, તેમને ઊર્જા કે શકિતના સ્રોત રૂપે પણ અનુભવી શકાય છે. જે યોગીપુરુષ આવું કરી શકે છે, તે જ સાચી રીતે' મનની વિકલ્પ વૃત્તિનો સદુપયોગ કરવા ઈચ્છે છે. આવો સદુપયોગ કેવી રીતે થઈ શકે ? આ પ્રશ્નનું પહેલું બિંદુ છે કે કલ્પનામાં નિહિત શકિતને, તેની સંભાવનાઓને ઓળખો. આ સમસ્ત સૃષ્ટિ બ્રહ્મની કલ્પના માત્ર જ તો છે. આપણે સૌ તેના સનાતન અંશો છીએ. આવી સ્થિતિમાં આપણી કલ્પનાઓમાં પણ સંભાવનાઓનાં અનંત બીજ છુપાયેલાં છે.

કલ્પનામાં સમાયેલી શકિતની સંભાવનાઓ પર વિશ્વાસ કર્યા પછીનું બીજું બિંદુ છે - કલ્પનાઓની દિશા. ગુરુદેવનું કહેવું હતું કે આપણે સદાય વિધેયાત્મક કલ્પનાઓ કરવી જોઈએ, કેમકે નિષેધાત્મક કલ્પનાઓ આપણી અંતરની ઊર્જાને નષ્ટ કરે છે, જ્યારે વિધેયાત્મક કલ્પનાઓ આપણા અંતઃકરણને વિશદ્ બ્રહ્માંડની ઊર્જા-ધારાઓ સાથે જોડે છે. તેને ઊર્જાવાન અને શકિતસંપન્ન બનાવે છે. આ ટેકનિકનું ત્રીજું બિંદુ છે - કલ્પનાઓને આપણી અભિરુચિ મુજબ અંતર-ભાવનાઓ અથવા વિવેકપૂર્ણ વિચાર સાથે જોડવી. આ પ્રક્રિયાનાં પરિણામો ખૂબ જ સુખદ અને આશ્ચર્યકારક હોય છે. અંતરની ભાવનાઓ સાથે સંયુકત બનીને કલ્પના કલાને જન્મ આપે છે, જ્યારે વિવેકપૂર્ણ વિચાર સાથે જોડાઈને કલ્પના શોધની સૃષ્ટિ સર્જે છે.

કાવ્યકલા સહિત વિશ્વ-વસુધાની સમસ્ત કલાઓ મોટે ભાગે આ જ રીતે જન્મેલી, ઉછરેલી અને વિકસિત થયેલી છે. વિશ્વને ચમત્કૃત કરી દેનારી શોધ સૃષ્ટિ પણ કલ્પનાઓના તર્કપૂર્ણ, વિવેકયુકત વિચાર સાથે સંબદ્ધ થવાથી જ થયેલ છે. અંતઃભાવનાઓ અને તર્કપૂર્ણ વિચાર સાથે કલ્પના જોડાવાથી આ બન્ને ઉપરાંત એક અન્ય સુખદ પરિણતિ પણ થાય છે અને એ પરિણતિ છે - જીવન જીવવાની કલાનો વિકાસ, જીવનમાં એક અપૂર્વ કલ્પનાત્મકતા, લયબદ્ધતાનો સુખદ જન્મ. આ સત્યથી મોટે ભાગે બહુ જ ઓછા લોકો પરિચિત થઈ શકે છે, પરંતુ



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

જેઓ પરિચિત થઈ જાય છે, તેમનું જીવન સુમધુર કાવ્યની જેમ સૂરીલું, સંગીતની જેમ લયબદ્ધ અને નવીન શોધની જેમ આશ્ચર્યજનક ઉપલબ્ધિઓનો ભંડાર બની જાય છે.

ઉચિત કલ્પનાનો સંસ્પર્શ પામીને જીવન બહુ જ આશ્ચર્યજનક રીતે બદલાઈ જાય છે. આ પરિવર્તન જેમ પારસમણિ લોખંડના કાળા ટુકડાને સ્પર્શીને સુગંધિત સુવર્ણ બનાવી દે એવું હોય છે. એમિલી જેનની એક વાર્તા છે - જે પહેલાં પોતાના બાળપણમાં કચરો-પૂંજો વીણતી હતી, પછીથી વિશ્વવિખ્યાત અભિનેત્રી બની ગઈ. તેની જીવનકથા 'વન્ડર ઓફ વર્ડસ્'ના લેખક જેમ્સ એલ વિજાનું કહેવું છે કે એમિલી જ્યારે નાની હતી, ત્યારે એક દિવસ તે કચરાં-પૂજામાંથી કંઈક વીણી રહી હતી. તે વીણતાં વીણતાં થાકી ગઈ. તેની સાથે થોડા બીજાં છોકરા-છોકરીઓ પણ હતાં. મનોરંજન માટે બધા ભેગા મળીને નૃત્ય કરવા લાગ્યાં. ત્યારે જ ત્યાંથી અનવિન રોજર્ટ પસાર થયો.

રોજર્ટે બાળકોની વચ્ચે નૃત્ય કરતી એમિલીને જોઈ. તેને ઈશારો કરીને પાસે બોલાવી અને ધીરેથી કહ્યું - પ્યારી બાળકી ! તું અદ્વિતીય છે, સૌંદર્ય અને કલાનું અપૂર્વ મિશ્રણ થયેલું છે તારામાં. તું ઈચ્છે તો શું ન કરી શકે ? સાચેસાચ હું કાંઈ પણ કરી શકું તેમ છું ? એમિલીએ પૂછયું. હા, તું કાંઈ પણ કરી શકે તેમ છો. આ એક કલ્પનાએ અંતરની ભાવનાઓ અને તર્કપૂર્ણ વિવેકયુકત વિચારોએ મળીને એમિલીને નવો જન્મ આપ્યો, એ જ એમિલીને કલાની દેવી માનવામાં આવી. એટલે જ તો પરમપૂજ્ય ગુરુદેવ કહેતા હતા - કલ્પનાને કલ્પિત તરંગ બનાવશો નહિ. તેને પોતાની શકિત સમજો. આપનું ઊર્જાસ્રોત બનાવો.

કલ્પનાઓને આ રીતે ભટકવા દેવી, એમ જ ભટકવા દેવી અને તેના વહેણમાં ખુદ પણ ભટકવા અને વહેવા લાગવું એ કેવળ કલ્પનાશકિતની બરબાદી જ નથી, પરંતુ તેનાથી જીવન પણ બરબાદ થાય છે. આવામાં વિકલ્પની આ વૃત્તિ કલેશ ઉત્પન્ન કરનારી બની રહે છે, પરંતુ તેનો સદુપયોગ થવાથી કલેશ-નિવારક બની રહે છે. બસ, બધું જ આપણા સાધકો પર છે કે તેને આપણી સાધનાનું સાધક તત્ત્વ બનાવીએ છીએ અથવા પછી તેને બાધક જ બની રહેવા દઈએ છીએ. આપણી યોગસાધના સાચી હોવાની કસોટી તેને પોતાની સાધનાનું સાધક તત્ત્વ બનાવવામાં છે. આ વિકલ્પવૃત્તિની સાધના જો બહિર્મુખી હોય તો આપણને સાંસારિક ઉપલબ્ધિઓનું વરદાન આપે છે અને જો તેને અંતર્મુખી બનાવી દઈએ, કલ્પના આપણી ધારણાનું સ્વરૂપ લઈ લે, તો આપણને યૌગિક વિભૂતિઓનું વરદાન આપે છે. આ બધું કેવી રીતે અને કયા પ્રકારે થશે, તેનું વિવરણ હવે પછીની કડીનું વિષયવસ્તુ બનશે.

**ક્રમશઃ**

એક ધાર્મિક મુમુક્ષુએ પોતાની સમગ્ર ધન-દોલત લોકોપયોગી કાર્યોમાં રોકીને સંયમભર્યું જીવન વ્યતીત કરવાનું શરૂ કર્યું. હવે તો તેમનાં સત્કાર્યોની બધે ચર્ચા થવા લાગી. જનતાના કેટલાક પ્રતિનિધિઓએ તે મુમુક્ષુની સમક્ષ ઉપસ્થિત થઈને નિવેદન કર્યું. આપની ત્યાગ ભાવના પ્રશંસનીય છે. આપની સેવાઓનો સમાજ ઋણી છે, અમે બધા સાર્વજનિક રૂપે આપનું અભિવાદન કરીને દાનવીર તથા માનવ રત્ન અલંકારોથી આપને વિભૂષિત કરવા ઈચ્છીએ છીએ. કૃપા કરીને આપ અમારા સૌની આ પ્રાર્થનાનો સ્વીકાર કરો. મુમુક્ષુએ મલકાતાં મલકાતાં કહ્યું, મેં કોઈ ત્યાગ નથી કર્યો, પરંતુ લાભ જ લીધો છે. બેન્કમાં રૂપિયા જમા કરવા તે ત્યાગ નથી, પરંતુ વ્યાજનો લાભ છે. ગ્રાહકને વસ્તુ આપીને દુકાનદાર કોઈ પ્રકારના ત્યાગનો પરિચય આપતો નથી. તે તો બદલામાં તેની કિંમત લઈને લાભ કમાય છે. સમુદ્રના કિનારે ઊભી રહેલી વ્યકિતને જ્યારે મોતી દેખાય, તો તેને એકઠાં કરીને ઝોળી ભરવા કોણ નહિ ઈચ્છે ? તે સમયે જો તેની ઝોળીમાં શંખ અને છીપલાંઓ હશે, તો તેને ખાલી કરીને મૂલ્યવાન વસ્તુઓ ભરી લેવી તે શું ત્યાગવૃત્તિનો પરિચય કરાવનાર છે ? તે જ રીતે ક્રોધ, લોભ, વગેરેને છોડીને પોતાના સ્વભાવમાં અહિંસા, પરોપકાર, અને ક્ષમા જેવા સદ્ગુણોને સ્થાન આપવું તે ત્યાગ નથી, પરંતુ એક પ્રકારનો લાભ છે. મેં તો કોઈ ત્યાગ કર્યો નથી, વાસનાઓથી છુટકારો પામીને ત્યાગનો લાભ જ પ્રાપ્ત કર્યો છે. આટલું સાંભળતાં જનતાના પ્રતિનિધિઓમાં બીજું કાંઈ કહેવાનું સાહસ ન રહ્યું અને તેઓ નતમસ્તકે ચાલી નીકળ્યા.

આ જ તે લક્ષણો છે, જે વ્યકિતને દેવમાનવ ઋષિપદથી વિભૂષિત કરે છે. આવા મહાનુભાવોના પદ્ચિહ્નો પર ચાલીને જ અન્ય વ્યકિત શ્રેષ્ઠતા પ્રાપ્ત કરી શકે છે.



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

(પરમપૂજ્ય ગુરુદેવની અમૃતવાણી)

# ધ્યાન શા માટે કરીએ ? કેવી રીતે કરીએ ? - ૪

મિત્રો, મેં મારા પોતાના મનના ભગવાન બનાવી લીધા છે. અમારા મનના ભગવાન આપે અમારી પૂજાની ઓરડીમાં જોયા હશે. માતાજી જે ધ્યાન કરે છે, તે ગાયત્રી માતાનું ધ્યાન ધરે છે. હું મારા પોતાના ગુરુનું ધ્યાન ધરું છું. ચોવીસ કલાક મને એક જ દેખાય છે. મારા આત્મોત્થાનનું શ્રેય જ્યારે ખૂલે છે, ત્યારે મને એ જ દાઢી દેખાય છે, એ જ ચમક દેખાય છે, મોટી મોટી તેજસ્વી આંખો દેખાય છે. લાંબા લાંબા વાળ દેખાય છે. હિમાલય પર રહેનાર એક વ્યકિત દેખાય છે, જે કદી ખાતા નથી, કદી પીતા નથી હંમેશાં તેમનું સૂક્ષ્મ શરીર જ કામ કરતું રહે છે. મેં તો તેમને જ ભગવાન પણ માની લીધા છે. ગાયત્રી માતાને પણ એ જ માની લીધાં છે. મારા મનની એકાગ્રતા તેમના પર જ કેન્દ્રિત થયેલી છે.

### ધ્યાનની સાચી રીત

મિત્રો, એકાગ્રતા જામવાને કારણે શું શું થતું રહે છે ? તેઓ મારી નજીકમાં જ દેખાતા રહે છે. હવે મને એ અનુભવ નથી થતો કે હું મારી પોતાની ઓરડીમાં એકલો રહું છું કે અમે બે રહીએ છીએ. મને એમ લાગે છે કે અમે બે રહીએ છીએ અને એક સાથે રહીએ છીએ. હવે મને બિલકુલ એમ લાગે છે કે રામ-લક્ષ્મણ કયારેક રહ્યા હશે, અર્જુન અને કૃષ્ણ કદીક રહ્યા હશે. એ જ રીતે હું મારા પોતાનામાં એ અનુભવ કરું છું કે અમે બે માણસો સાથેસાથે રહીએ છીએ, સાથેસાથે ચાલીએ છીએ અને સાથેસાથે ખાઈએ છીએ. દેવી કાલીમાતાની સાથે જેવી રીતે રામકૃષ્ણ પરમહંસ ખાતા હતા. બેટા, અમારા ભગવાનની સાથે અમે પણ એવી રીતે જ ખાતા રહીએ છીએ. આપે અમને જોયા જ કયાં છે ? જોવું હોય તો બેટા, અમારી આંખે જો જો તો શું આપ આંખથી જુઓ છો ? હા બેટા, આંખથી જ જોઈએ છીએ અને જોતા જ રહીએ છીએ. આપ પણ એવું ધ્યાન કરી શકો છો ?

જો આ રીતનું ધ્યાન આપની સમક્ષ ન આવતું હોય, મન ન લાગતું હોય તો આપે એ સમજી લેવું કે ગુરુ પ્રત્યે આપની શ્રદ્ધા અને વિશ્વાસ નથી. હા, જો સાચેસાચ શ્રદ્ધા અને વિશ્વાસ નથી, તો આપ ધ્યાન કરશો નહિ. જો આપની અંદર શ્રદ્ધા-વિશ્વાસ છે તો આપ એમ પણ ધ્યાન કરી શકો છો કે અમે ગુરુજીની પાસે બેઠા છીએ, તેમની ગોદમાં બેઠા છીએ. તેઓ અમને પ્યાર કરે છે, અમને સલાહ આપે છે. થોડાક દિવસો આપ આ રીતે જ ધ્યાન ધરજો. થોડાક દિવસો પછી અમારું અને આપનું અંતરંગ મળવા લાગશે, પછી આપ જો જો, આદાન -પ્રદાનનો ક્રમ શરૂ થઈ જશે. આપની વાતો અમારા સુધી આવે છે અને અમારી વાતો આપના સુધી જાય છે, જ્યારે આપ અને અમે વાસ્તવમાં મળવાનું શરૂ કરી દઈએ ત્યારે ? પરંતુ જો આપણા ચહેરા-સિકલ જ મળતાં રહેશે તો વાત બનશે નહીં. આપણે ભાવનાઓ પણ મેળવવાની છે, હૃદયને પણ મેળવવાનું છે, મનને પણ મેળવવાનું છે. આ રીતે જો આપણે અંતરથી મળીએ, તો પછી જો જો અમારું અને આપનું આદાન-પ્રદાન આપોઆપ ચાલુ થઈ જશે.

### ધ્યાન બંધ કરવાથી શું થશે ?

સાથીઓ, આપ લોકો કહો છો કે સંત મળવા મુશ્કેલ છે, ગુરુ મળવા મુશ્કેલ છે, ભગવાન મળવા મુશ્કેલ છે. ના બેટા, એ કાંઈ મુશ્કેલ નથી. કેવળ ધ્યાન કરવાનું જ મુશ્કેલ છે. ધ્યાન કેવી રીતે કરીશું ? જો ધ્યાન ન કરી શકીએ તો શું થશે ? જો બેટા, હું તને થોડાંક નામો જણાવું છું, જેઓ ધ્યાન ન કરી શકયા, પરંતુ કોઈક રીતે તેમણે ભગવાનની કૃપા પ્રાપ્ત કરી લીધી હતી, પરંતુ તે પચાવવાની તાકાત કોઈએ મેળવી' નહોતી એટલા માટે તેમને નુકસાન વેઠવું પડયું હતું. તે કઈ કઈ વ્યકિતઓ હતી ? બેટા, તેઓમાંથી એકનું નામ રાવણ હતું. રાવણે ખૂબ તપ કર્યું હતું અને તપથી શંકર ભગવાનને પ્રસન્ન કરી લીધા હતા અને કોઈક રીતે તેણે વરદાન પણ મેળવી લીધું હતું, આશીર્વાદ પણ મેળવી લીધા હતા. વરદાન અને આશીર્વાદ મેળવ્યા પછી રાવણને કંઈ મળ્યું ? ના, તે ખોટમાં જ રહ્યો, તેને નુકસાન જ થયું.

કોઈકને તાવ આવે છે, કોઈકનું મૃત્યુ થાય છે, પરંતુ રાવણનું મૃત્યુ ? રાવણે એવું ભયંકર મોત જોયું કે એવું કોઈ બીજાએ જોયું નથી. તેણે પોતાની સ્ત્રીઓને બળતી જોઈ, પોતાનાં બાળકોને બળતાં જોયાં, સગાંસંબંધીઓને બળતાં જોયા. આવું ભયંકર દશ્ય કયાંય જોયું છે આપે ? મૃત્યુ પામેલ વ્યકિતઓને તો જોઈ છે કે મૃત્યુ પછી તેને જલાવી દેવામાં આવી, પરંતુ જીવતા પુત્રોને, જીવતી પુત્રીઓને, જીવતા પુત્ર-પૌત્રોને બળતા શું કોઈએ કદી જોયા છે ? ના, મહારાજજી આવું દશ્ય અમે જોઈશું તો અમારું કાળજું ફાટી પડશે. હા બેટા, પરંતુ એકનું કાળજું ફટયું છે- કોનું ? રાવણનું. રાવણ જો તપસ્વી ન હોત, તો તે કોઈ દુકાનદાર હોત, બેટા, તેણે હજામત કરવાની કોઈ દુકાન ખોલી દીધી


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

હોત, ચાની દુકાન ખોલી હોત, તેનું 'રાવણ રેસ્ટોરન્ટ' હોત, તો ખૂબ આનંદથી લોકો આવત અને ચા પીવત. આનંદથી 'રાવણ ટી સ્ટૉલ,' 'ટી કોર્નર,' 'કોફી કોર્નર' ચાલતું હોત. તે પોતાનું ઘર બનાવી લેત અને બેન્કમાં હજાર - બે હજાર રૂપિયા જમા કરાવી લેત. પોતાનાં બાળકોને પોલીસમાં નોકરીએ લગાડી દેત અને ઈન્કમટેક્ષમાં ઑફિસર બનાવી દેત.પછી ન રાવણની પત્ની મરત, ન બાળકો મરત, કોઈ પણ મર્યું ન હોત.

મિત્રો, રાવણે ભજન તો કર્યું, પરંતુ તે બિચારાને હજમ કરવાની શકિત ન મળી શકી. તે કઠોર તપ કરતો રહ્યો અને જેવી શકિત પ્રાપ્ત થઈ કે પત્ની લાવીશ, પૈસા લાવીશ, મકાન બનાવીશ વગેરે મનસૂબા પૂરા કરવા લાગ્યો. તે અભાગીથી એવું ન બની શકયું કે મારા પિતા લોમશ ઋષિ જેવું જીવન જીવતા હતા, તેવું જીવન જીવું. જે કાંઈ કામમાં તે લાગ્યો તેમાં તેનો સર્વનાશ થઈ ગયો. તે કાંઈ જ ન કરી શકયો. કુંભકર્ણ પણ કાંઈ ન કરી શકયો. કુંભકર્ણએ પોતાની વાણીને શુદ્ધ ન કરી અને અશુદ્ધ વાણીથી જ જપ કરતો રહ્યો. જ્યારે સરસ્વતી દેવી સામે આવીને ઊભાં રહ્યાં અને કહ્યું કે વરદાન માગ, તો તેણે કહ્યું કે છ મહિના હું ઊંઘતો રહું અને એક દિવસ જાગતો રહું. કેમ એવી કઈ વાત હતી કે 'છ મહિના જાગું અને એક દિવસ ઊંઘું' એવું વરદાન ન માગી શકયો ? તેની બુદ્ધિ ખરાબ હતી. તેના મોંમાંથી નીકળી પડયું કે છ મહિના ઊંઘું અને એક દિવસ જાગું. તેને છળવામાં આવ્યો. જો તે નેપોલિયન બોનાપાર્ટ હોત તો એક દિવસ પણ ન ઊંઘત. નેપોલિયન એક દિવસ પણ ઊંઘતો નહિ અને જ્યારે ઊંઘવાનો સમય આવતો ત્યારે ઘોડાને વૃક્ષ નીચે ઊભો રાખી ઝટ સૂઈ ગયો, આરામ કર્યો અને ફરી ઘોડો લઈને ચાલી નીકળ્યો. તે બહુ આનંદથી પોતાનું કામ કરી લેતો હતો. કુંભકર્ણ કરતાં તો નેપોલિયન સારો હતો. તે ભજન ન કરતો, ન પૂજા કરતો, દિવસના સમયે પણ કામ કરતો અને રાત્રે પણ કામ કરતો. કુંભકર્ણનું શું થયું ? બેટા, તેની હાલત ખરાબ થઈ ગઈ. તેણે શો ફાયદો મેળવ્યો ? કાંઈ જ કરી શકયો નહિ.

મિત્રો, આ જ રીતે હિરણ્યાક્ષથી માંડીને હિરણ્યકશ્યપ સુધી, કંસથી માંડીને જરાસંધ સુધી અને મારીચિથી માંડીને સુબાહુ સુધી બધા જ તપસ્વીઓ હતા, તેઓ સૌ ભજન કરનારા હતા, પૂજા કરનારા હતા. પરંતુ તેઓ પોતે આત્મશોધન ન કરી શકયા. આત્મશોધનના અભાવે ભગવાનની કૃપા તો મળી. એવું તો હું નથી કહેતો કે કૃપા ન મળી, પરંતુ તેનાથી માણસ ફાયદો નથી ઉઠાવી શકતો. હા, તેનાથી પોતાનું નુકસાન જરૂર કરી શકે છે.

## અમારી સાધકોને ગેરંટી

આ શિબિરમાં બોલાવીને હું આપને નિમંત્રણ આપું છું કે આપ બ્રહ્મવર્ચસ્‌ની સાધનામાં આવવાની તૈયારી કરો. જે શકિતની આપ ખોજ કરો છો તે આપનાર એવો તો કોઈ હોવો જોઈએ કે જે આપી શકે ? બેટા, હું ગેરંટી આપું છું કે તે શકિત અમે આપને અપાવીશું. મહારાજજી, રામકૃષ્ણ પરમહંસ જેવા ગુરુ હોય અને અમે તેમના પગમાં પડી જઈએ, તો જે રીતે વિવેકાનંદમાં તેમની બધી શક્તિ આવી ગઈ હતી તેમ એવા જ ગુરુ અમને મળી જાય અને અમને વિવેકાનંદ બનાવી દે, તો બહુ સારું. અચ્છા બેટા, તારા માટે તો અમે આવા ગુરુ કયાંયથી પણ શોધી લાવીશું અને તેઓ તને શકિત આપી દેશે, પરંતુ તે પહેલાં તારે એક કામ કરવું પડશે, તારે વિવેકાનંદ બનવું પડશે. ના મહારાજજી, પહેલાં હું મારો ફોટો છાપામાં છપાવવા માટે તૈયાર છું, અમેરિકા જવા માટે મને વિમાનની ટિકિટ મળી જશે, હું ફરી આવીશ પણ ખરો અને સ્પીચ-પ્રવચન પણ આપી આવીશ. ના બેટા, સ્પીચ આપવાની વાત તો પછીની છે, પહેલાં તારે વિવેકાનંદ બનવું પડશે.

મિત્રો, કેવા વિવેકાનંદ બનવું પડશે ? અમેરિકામાં વિવેકાનંદ જેમને ત્યાં રોકાયા હતા, ત્યાં એક મહિલા હતી, જે તેમની સાથે મજાક કરવા લાગી, મશ્કરી કરવા લાગી. થોડાક દિવસો તે આ રીતે જ સેવા કરવા લાગી અને કહેવા લાગી કે આપની શિષ્યા છું, ફલાણી છું, ઢીંકણી છું. થોડા દિવસો પછી તેણે સાધુઓની સાથે કંઈક મજાકમસ્તી કરવાનું શરૂ કરી દીધું. અમેરિકામાં આવો કંઈક રિવાજ જ છે. વિવેકાનંદના ગુરુજીએ કહ્યું અરે, તો વાત છે. ? તેમણે લાલ લાલ આંખો કરી કહ્યું કે અટકી જા , તને હમણાં જ બતાવું છું. શું તને આ માટે શકિત આપી છે ? રામકૃષ્ણ પરમહંસની આંખોએ ત્યાંથી જ જોયું અને કહ્યું કે પોતાને માટે, વિલાસિતાને માટે મારી શકિતથી લોકોને પ્રભાવિત અને ચમત્કૃત કરીશ ? તેના દ્વારા જે લોકોમાં શ્રદ્ધા ઉત્પન્ન થશે, તેનાથી તું પોતાને માટે લાભ ઉઠાવીશ ? અચ્છા, ઊભો રહે, તને દેખાડું છું. આ દશ્ય જોઈને વિવેકાનંદ ત્યાં અમેરિકામાં કાંપવા લાગ્યા. તેમણે પોતે પોતાની જાતને મારી અને પોતે પોતાને ફટકાર્યા. કેવળ મારપીટ જ ન કરી, પરંતુ પોતાના મનને પણ ધોયું. તેમણે પોતાના મનને સમજાવ્યું કે અરે મૂર્ખ, તું સમજતું જ નથી કે તું શું કરવા જઈ રહ્યું હતું ?

## પોતાની જાતને એવી બનાવો તો -

સાથીઓ, વિવેકાનંદને જ્યારે ગુરુએ આંખો દેખાડી તે સમયે તો બીજું કાંઈ સમજાયું નહિ, તેમણે જોયું કે સામે જોરથી સ્ટવ સળગી રહ્યો છે. તેઓ ખાવાનું પોતાની જાતે જ



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

બનાવતા હતા. સ્ટવની ઉપર રાખેલી તેમની તાવડી તપી રહી હતી. તેઓ સળગતી તાવડી પર બેસી ગયા. તેનાથી તેમની બન્ને પૂંઠ દાઝી ગઈ. જ્યારે તે દાઝી ગઈ ત્યારે તેના પરથી ઊઠયા. તેમણે પોતાના મનને કહ્યું કે હવે તું કાંઈ સમજ્યું કે નહીં ? આગને અડીએ તો ફોલ્લા પડે કે નહીં ? હા સાહેબ, પડે છે. તો તું તેને સ્પર્શી રહ્યો છે; જે આગથી પણ પ્રચંડ છે. તેના સ્પર્શથી શું ફોલ્લા નહિ પડે ? વિવેકાનંદ ગુરુનો સંકેત સમજી ગયા. તે પછી ત્યાં મહિના સુધી રોકાયા, ઘેર જ વિશ્રામ કરતાં રહ્યા. એક મહિના પછી તેમણે પોતાનું કામ શરૂ કર્યું. એક વાર તેમણે કહ્યું, મહારાજ, આપ કુંડલી જાગૃત કરી આપશો ? રામકૃષ્ણ પરમહંસે કુંડલી જગાડી આપી. તો ગુરુજી, આપ પણ અમારી કુંડલી જગાડી દેશો ? હા બેટા, હું જગાડી દઈશ- તેના માટે તો હું વ્યાકુળ છું. જેવી રીતે ગાયના આંચળમાં દૂધ ભરાયેલું હોય છે અને તે પોતાના વાછરડાને પિવડાવવા વ્યાકુળ બની રહે છે, એવી જ હાલત અમારી છે. ગાયનું દૂધ આંચળમાં ફાટ ફાટ થતું રહે છે; તો સાહેબ, અમને પિવડાવી દો.. બેટા, એની જ તો અમે શોધ કરતા રહીએ છીએ, પરંતુ ગાય તો પોતાના વાછડાંને જ દૂધ પિવડાવે છે, કૂતરાંનાં ગલુડિયાંને નથી પિવડાવી શકતી. ગાય પોતાનાં વાછરડાંને પોતાનું દૂધ પિવડાવી શકે છે, પરંતુ કૂતરીનાં બચ્ચાંને નથી પિવડાવી શકતી, તેથી આપ પહેલાં ગાયનું વાછડું બનવાની કોશિશ કરો.

સાથીઓ, અમે આ બ્રહ્મવર્ચસ્ શિબિરમાં આપને એટલા માટે બોલાવ્યા છે કે આપ જે કર્મકાંડ કરો છો, જે ઉપાસના કરો છો, પૂજા કરો છો, ભજન કરો છો, હનુમાન ચાલીસાનો પાઠ કરો છો, જે કોઈનો પાઠ કરો છો, તેમાં એક કામ તો એ કરો કો તેમાં પોતાના વિચારોનો સમન્વય કરો. જેટલા સમય સુધી આપના જપ ચાલતા રહે, તેટલા સમય સુધી પ્રત્યેક ક્રિયાની સાથેસાથે, જપથી સાથે સાથે જે ભાવનાઓ જોડાયેલી છે, વિચારણાઓ જોડાયેલી છે, તેમાં પોતાના મનને પૂર્ણપણે સંલગ્ન રાખો, તેમાં બીજો વિચાર પ્રવેશવા ન દો. બીજા વિચારોને રોકો નહિ, તેની દિશા જ બદલી નાખો, તેને જપમાં જોડી દો, તે પોતે પોતાની મેળે જ રોકાઈ જશે.

એક મહાત્માએ પોતાના એક શિષ્યને કહ્યું કે ભજન કરતી વખતે તું વાંદરાનો વિચાર ન કરીશ. જેવો તે ધ્યાન કરવા બેસતો કે મનમાં એ જ વિચાર આવવા લાગતો કે વાંદરો આવી જશે. પરેશાન શિષ્ય જ્યારે મહાત્મા પાસે ગયો, ત્યારે તેમણે કહ્યું કે મેં તને ખોટું કહ્યું હતું. હવે હું તને સાચું કહું છું. હવેથી તું જ્યારે ધ્યાન કરે ત્યારે ગાયનું ધ્યાન ધર્યા કર. 'ગૌમાતા બેઠી છે, ગૌમાતા ઊભી રહી છે'.. આ રીતે જ્યાં સુધી તું ગૌમાતાનું ધ્યાન કરતો રહીશ, ત્યાં સુધી વાંદરો નહીં આવે. તો ગુરુજી, મનને ભાગતું રોકી દઈએ. બેટા, મન ભાગવામાંથી રોકાશે નહિ, મનને નહિ ભાગવા દઉં, મન ભાગી જશે તો રોકી દઈશ, મનને પકડી રાખીશ, મનને મારીશ. બેટા, આવું જો કરીશ તો મન ભાગશે જ. તો શું કરું ? મનને એક કામમાં જોડી દે. કયા કામમાં મનને લગાવું ? બેટા, આપણા ચિંતનની સાથે ભાવનાઓ જોડાયેલી છે. હવનમાં અમે આપને ભાવના બતાવીએ છીએ, જપમાં અમે ભાવના બતાવીએ છીએ, ઉપાસનામાં અમે ભાવના બતાવીએ છીએ, દેવપૂજનમાં અમે ભાવના બતાવીએ છીએ, દેવપૂજનમાં અમે ભાવના બતાવીએ છીએ. તેની સાથે મનને જોડી દો.

## પહેલાં અમારા વિચારોને વાંચો

મિત્રો, આપે અમારાં પુસ્તકો વાંચ્યાં નથી તે ધ્યાનથી વાંચો. આપ તો એ જ નાની અમથી વાત પૂછો છો કે લક્ષ્મી કમાવા માટે 'શ્રી' બીજ મંત્ર ત્રણ વાર બોલવાનો છે કે પાંચ વાર ? આપ તો કેવળ એ જ પૂછો છો કે જેનાથી લક્ષ્મી ફટાફટ ચાલી આવે અને એવું નથી પૂછતા કે ઉપાસનાની સાથેસાથે જેટલાં પણ કર્મકાંડ છે, તે કર્મકાંડોમાં જે શિક્ષણ સમાયેલું છે, પ્રેરણાઓ ભરી છે, દિશાઓ ભરી છે, તે બતાવી દો. બેટા, અમે પુસ્તકોમાં બેશક છાપ્યું છે, ગયા વર્ષે પણ અમે પિસ્તાળીસ મિનિટની ઉપાસના બતાવી હતી. તેનો એક વિશેષાંક પ્રગટ કર્યો હતો. તે વિશેષાંકમાં દરેકને જણાવ્યું હતું કે જ્યારે આપ જપ કરો, તો આ વિશે જપ કરજો. પૂજા-ઉપાસના વિશે - આજે પણ અમારું તે જ પુસ્તક છે તે તો કોઈ ખરીદતું નથી અને એમ કહે છે કે મહારાજજી, એવું પુસ્તક બતાવો જેનાથી લક્ષ્મી આવવા લાગે. ઠીક છે બેટા, તે પચ્ચીસ પૈસાની આવે છે, જા ખરીદી લે. હા મહારાજ, ચારપાંચ નકલો ખરીદીને લઈ જઈશ. જા ખરીદી લે બેટા, બધાની પાસે લક્ષ્મી આવી જશે. આ વિધિવાળું પુસ્તક તો લોકો ખરીદી લે છે, પરંતુ તેને કોઈ ખરીદતું નથી, કયા પુસ્તકને ? તે ઉપાસનાવાળા પુસ્તકને જેમાં એ બતાવવામાં આવ્યું છે કે ઉપાસના વખતે કર્મકાંડોની સાથોસાથ કેવી રીતે આપણા વિચારોનું ચિંતન ચાલવું જોઈએ.

ચિંતનની આવશ્યકતા પછી ત્રીજું જે ચરણ આવે છે, તે છે આપણી ભાવનાઓનું. ભાવના કોને કહે છે ? એ ઉમંગને ભાવના કહે છે, જે ક્રિયા વિના ચેન લેતી નથી, એ પ્રમાણે કર્યા વિના ચેન લેવા દેતી નથી. એવી કલ્પનાઓ જે આપના દિમાગમાં આવતી રહે છે કે અમે જપ કરીશું, સંત



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

બનીશું, મહાત્મા બનીશું, જ્ઞાની બનીશું, બ્રહ્મચારી બનીશું અને રોજ પ્રાર્થના કરીએ છીએ હે પ્રભુ, આનંદદાતા, જ્ઞાન હમકો દીજિએ. શીઘ્ર સારે દુર્ગુણોં કો દૂર હમસે કીજિએ.

તો કેમ ભાઈ, એકાદ દુર્ગુણને છોડવો તો નથી ને ? નહીં મહારાજજી, છોડવા-મૂકવાનું ચક્કર નથી. હું તો કેવળ ગીત ગાતો રહું છું. અરે, તો ગીત ગાવાથી શું વળશે અભાગિયા ?

મિત્રો, શું કરવું જોઈએ ? વિચારોની સાથેસાથે આપણી અંદર ભાવનાનો સમાવેશ થવો જોઈએ. ભાવનાનો અર્થ એ છે કે તેની અંદર તડપન પેદા થાય, એવો ઉમંગ પેદા થાય કે આપણે તેને કર્યા વિના રહી ન શકીએ. આપ જે પણ ક્રિયા-કૃત્ય કરો, કર્મકાંડ કરો, તેની સાથે ચિંતન પણ કરો કે આપણે દીપકની જેમ જીવીશું, આપણે આપણું આત્મશોધન કરીશું. જપ કરીશું, નૈવેદ્ય ચડાવીશું, એ રીતે જે પણ કૃત્ય હોય, આ ક્રિયાઓની સાથેસાથે વિચારોનો સમન્વય હોય. વિચારોના સમન્વય પછીથી જ્યારે આપના વિચાર જામવા લાગે, તો આપ એ કોશિશ કરો કે તેની સાથે ભાવ અર્થાત્ ઉમંગો પણ ઊભરે. અમે આ કરીશું, બસ આ જ કરીશુંનો સંકલ્પ જાગૃત થાય કે અમે શ્રેષ્ઠતા પ્રત્યે અસીમ શ્રદ્ધા રાખીશું. શ્રેષ્ઠતા પ્રત્યે અસીમ શ્રદ્ધા, જેને આપણે અસીમ પ્યાર કહીએ છીએ. આનાથી વધારે પ્રિય કોઈ ચીજ નથી. આપણને શ્રેષ્ઠતાથી અસીમ બીજું કાંઈ પ્રિય નથી. ભગવાનથી વધારે પ્રિય બીજું કાંઈ નથી. અનુશાસનથી વધારે પ્રિય બીજું કાંઈ નથી. આપણે બધાને નારાજ કરી શકીએ છીએ, પર તેને નારાજ નહિ કરીએ.

## ઉમંગો અંતરમાંથી જન્મે

મિત્રો, આ ઉમંગો જો આપણી અંદરથી પેદા થાય, તો આપના જીવનમાં ક્રિયાની વિશિષ્ટતા આવી જાય. કર્મકાંડની સાથે જોડાયેલ વિચાર, વિચારોની સાથે જોડાયેલી ભાવનાઓ, ભાવનાઓથી ઓતપ્રોત, રસવિભોર આપણું જીવન આનંદથી રસતરબોળ બની જાય, તો તેનું પરિણામ આપણા જીવનમાં સંતના રૂપમાં સામે આવશે. આ રીતે પછી આપ જુઓ કે તેથી સંત બનો છો કે નથી બનતા. પછી જુઓ કે આપને ભગવાનની કૃપા પ્રાપ્ત થાય છે કે નહિ ? આ બધી ચીજો આપને પ્રાપ્ત થતી આવે છે. શરત એ છે કે આપ આપની જાતને, આપના જીવનને, આપની વિચારણાઓને પોતાના ચિંતનને, આપના લક્ષ્યને, આપના આદર્શને સંતની યોગ્યતાને લાયક બનાવવાની કોશિશ કરો, જેવી ઉપાસના કરનારની હોવી જોઈએ. જો આપ થોડાં-ઘણાં ડગલાં માંડવા માટે તૈયાર હો, તો એ આપનું સૌભાગ્ય છે. લોકો તો ખોજ કરતા ફરતા રહે છે કે કોઈ એવી શકિત અમને મળે, જે આ વિષયમાં પારંગત હોય. બેટા, હું મારી વાત તો નથી કહેતો, પરંતુ મારા ગુરુ પારંગત છે. આપ પણ કહી શકો છો કે તેઓ પારંગત છે. તેમની અમે ખાતરી આપી શકીએ છીએ અને કહી શકીએ છીએ કે અમે આપની સહાયતા કરી શકીએ એમ છીએ.

મહારાજ, આપ આપના ગુરુજીનાં દર્શન અમને કરાવી દો. ગુરુજી હવે આપ હિમાલય જાવ તો મને પણ સાથે લઈ જજો. હા બેટા, લઈ જઈશ એમાં શું વાંધો છે. ? પછી તો ગુરુજીની કૃપા મળશે ને ? ના બેટા, કૃપા એમ નથી મળી શકતી ? પછી મને શો ફાયદો કરાવશો ? બેટા, તું પહેલાં વિચાર કરી લે, કૃપાનો વાયદો હું નથી કરી શકતો. હું તને સાથે લઈ જઈ શકું છું, દેખાડીશ પણ ખરો, પરંતુ દેખાડવાની સાથોસાથ એમ કહો કે કાંઈ વરદાન-આશીર્વાદ આપશો કે નહીં ?તને નહિ આપે. કેમ ? એટલા માટે કે તું વરદાનને પચાવી શકીશ નહિ. વરદાનને પચાવવા લાયક તારી સ્થિતિ નથી. બેટા, જો આપણે વરદાનને પચાવવા લાયક સ્થિતિ પેદા કરી લઈએ, તો ઘેર બેઠાં આપણને અનુદાન મળી શકે છે. અમારા ગુરુનો અમારા પર અનુગ્રહ છે. તેઓ હિમાલય પર રહે છે, જ્યાં જઈને અમે લઈ આવીએ છીએ, પરંતુ આપને તો અહીં બેઠાં મળી શકે છે. બ્રહ્મવર્ચસ્‌ને અમે આરણ્યક એટલા માટે બનાવ્યું છે કે એવી વ્યકિતઓ ઉપાસના કરવા માટે અહીં આવે, જેમણે જિંદગીભર ઉપાસના કરી છે, પરંતુ પ્રાપ્ત કશું થયું નથી, પરંતુ હવે થોડા સમયમાં પ્રાપ્ત કરી શકે છે.

મિત્રો, રામકૃષ્ણ પરમહંસે જે જન્મજન્માંતરો સુધી ઉપાસના કરી અને પ્રાપ્ત કર્યું, તેને વિવેકાનંદે થોડા દિવસોમાં પ્રાપ્ત કરી લીધું. આપ પણ થોડા સમયમાં પ્રાપ્ત કરી શકો છો, જે અમે લાંબી મુદતે મેળવ્યું છે. ગાયે ચોવીસ કલાક ઘાસ ખાઈને અને તે પચાવીને જે દૂધ પેટમાં જમા કર્યું છે, તે આપ પાંચ મિનિટમાં પી શકો છો. આપનું તે સૌભાગ્ય છે. આપ નાના બાળકો છો, દૂધ પી લો. ગાયે તેને ચોવીસ કલાકમાં તૈયાર કર્યું છે. તે બિચારી દિવસભર ફરતી અને ઘાસ ખાતી રહી છે, ત્યારે તેણે દૂધ જમા કર્યું છે. આપ તે પી લો, આ આપનું સૌભાગ્ય છે. આપ દૂધ પી શકો છો, પરંતુ આપે એટલું તો કરવું જ પડશે કે ગાયનું દૂધ પીવા માટે આપે ગાયના વાછરડા જેવા બનવું પડશે.

આપ ગાયના વાછરડા જેવા થાવ છો કે નહીં, જો થાવ છો, તો વિશ્વાસ રાખો, આપને તે બધું જ મળશે, જે એક સાધકને મળવું જોઈએ. આ શિબિરની સાથે અમે બ્રહ્મવર્ચસ્‌ની સાધનાને પણ જોડી છે. તેમાં કુંડલિની જાગરણનો પણ સમાવેશ છે. પંચકોશોનું અનાવરણ પણ સામેલ છે. તેમાં ઈશ્વરનો સાક્ષાત્કાર પણ સામેલ છે. તેમાં



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

મનુષ્યની ભીતર વિદ્યમાન આત્મતત્વનું જ્ઞાન થવાનું પણ સામેલ છે. તેના દ્વારા આપના નજીકના વાતાવરણમાં સ્વર્ગીય પરિસ્થિતિઓનું પેદા થવું એ પણ સામેલ છે. આ બધી વિભૂતિઓ, વિશેષતાઓ જે બતાવવામાં આવી હતી, તે બધે બધી સિદ્ધિઓ આપતું સ્વાગત કરે છે અને આપને બોલાવે છે તથા આપને પ્રાર્થના કરે છે કે આપ ઈચ્છો તો અમારો સ્વીકાર કરી શકો છો. આપને પ્રાર્થના કરવાની જરૂર નથી, દેવતા આપને પ્રાર્થના કરે છે કે આપ અમારો સ્વીકાર કરો; પરંતુ આપે તેની કિંમત ચૂકવવી પડશે. તે કિંમત એ સ્વરૂપે ચૂકવવી પડશે કે આપ આપનું જીવન વિશુદ્ધ કરો. શ્રેષ્ઠ દષ્ટિકોણ, ઉચ્ચ ચિંતન, આદર્શ જીવનનું સ્વરૂપ બનાવો, જો આટલું આપ કરી લો, તો આપને એ સિદ્ધિઓ અને તે ચમત્કાર તે રિદ્ધિઓ-સિદ્ધિઓ, જે વિશે ઋષિઓએ ઘણું માહાત્મ્ય દર્શાવ્યું છે અને વર્ણનો કર્યાં છે અને જે માટે આપને મેં પહેલા દિવસે બતાવ્યું હતું અને આ જે અંતિમ દિવસે પણ જણાવું છું કે તે બધે બધી સિદ્ધિઓ અને ચમત્કાર પ્રાચીનકાળના લોકોની રીતથી આજે પણ સુરક્ષિત છે, પરંતુ આની સાથે શરત છે. તે વિના શરતે મળશે નહીં.

## શરત વિના અનુદાન નહિ

મહારાજજી, શરત વિના જ અપાવો ને. ના બેટા, વિના શરતે તે મળશે નહીં. શરત વિના મને કલેક્ટર બનાવી દો ? ના બેટા, શરત વિના ન બની શકાય. કલેક્ટર બનતાં પહેલાં તારે ગ્રેજ્યુએટ બનવું પડશે. ગ્રેજ્યુએટ બનવાની સાથોસાથ તારે આઈ.સી.એસની પરીક્ષા પાસ કરવી જોઈએ. તે પછી તને કલેક્ટર બનાવી દઈશ. ના મહારજ, તે પહેલાં જ બનાવી દો. ગમે તેમ કરીને પણ આપ તો ઈન્દિરા ગાંધીને ખૂબ જાણો છો, મોરારજી દેસાઈ આપને મળનારાઓમાંના એક છે, આપ મને તો કલેક્ટર બનાવી જ દો. અરે, તેં કોઈ પરીક્ષા પાસ કરી છે ? હા, હું પાંચમી શ્રેણી પાસ છું. તો પછી કલેક્ટર કેવી રીતે બનાવી દઉં ? અરે, આપની તો ઓળખાણ-પિછાણ છે. એમ જ હવામાં ગુબ્બારા છોડે છે. અરે ભાઈ, તુક્કો ક્યાંય મારી શકાય ? ના સાહેબ, ભગવાનને ત્યાં એવો જ તુક્કો મારો કે અમારું બધું જ કામ પાર પડે, ના બેટા, એવું તો ન બની શકે.

મિત્રો, આને માટે આપણે પાત્રતાનો વિકાસ કરવો જોઈએ. પાત્રતાનો વિકાસ કરવા માટે મારા ગુરુએ મારા પર દબાણ કર્યું, ત્યારે મેં મારી પાત્રતાનો વિકાસ કર્યો. પાત્રતાનો વિકાસ જેમ જેમ થતો ગયો તેમ તેમ મને દેવતાનો, ભગવાનનો, ઋષિઓનો અનુગ્રહ મળતો ગયો. આપને માટે પણ તે જ માર્ગ છે, જે મેં આપને પહેલે દિવસે બતાવ્યો હતો કે અમને ગાયત્રી ઉપાસના કરતાં કરતાં જે ચમત્કાર અને સિદ્ધિઓ મળ્યાં, તેને આધારે આ રહસ્ય બતાવીને હું મારી વાત સમાપ્ત કરીશ. આપને હું ફરીથી એ કહું છું કે ઉપાસનાથી લાભ ઉઠાવવા માટે અતૂટ શ્રદ્ધા હોવી નિતાંત આવશ્યક છે. શ્રદ્ધા-અર્થાત્ ભગવાનના આદેશો પર ચાલવા માટે વિશ્વાસ. મેં આપને એક ખેડૂતનો કિસ્સો જણાવ્યો હતો કે કેવી રીતે તે બીજા ખેડૂતોને તારતો ગયો. ભગવાન પર તેને અતૂટ વિશ્વાસ હતો. ભગવાન પરના વિશ્વાસને આધારે જો આપ શ્રેષ્ઠ જીવન જીવવા માટે, આદર્શવાદી જીવન જીવવા માટે તૈયાર થાવ છો, તો આપ આપની નાવ પેલા કાંઠે તો લઈ જ જશો, અન્ય અસંખ્યોને પણ તારી દેશો, આપની નાવમાં બેસાડીને લઈ જશો.

## ત્રણનો ત્રિવેણી સંગમ

સાથીઓ, જો આપ આવું જીવન જીવી શકતા હો, તો મારી સલાહ છે કે એક શ્રદ્ધા, બે ચરિત્ર અને ત્રીજો ઊંચો ઉદ્દેશ- આ ત્રણેની ત્રિવેણી આપ મેળવો. આપ તપ કરો, કાંઈક ઉચ્ચ ઉદ્દેશ માટે ભગવાન પાસે માગો. કોઈ ઉચ્ચ કામ માટે. પછી જુઓ, કે તે મળે છે કે નથી મળતું ? એક બાળક જ્યારે પોતાના બાપ પાસે રૂપિયા માગે છે કે પિતાજી, મને પાંચ રૂપિયા આપો તો બાપ પૂછે છે - શા માટે ? કયા કામ માટે ? બાળક કહે છે કે સિનેમા જોવા જવું છે. પિતાજી કહે છે કે તું રોજે રોજ પાંચ રૂપિયા લઈ જાય છે અને બધા સિનેમામાં ખર્ચી નાખે છે. આમ કરીશ તો ભૂખે મરીશ અને ભીખ માગીશ. સો ગાળ દે છે. બીજી બાજુ એક પુત્ર કહે છે કે પિતાજી, અમુક ચીજની મંદી ઊભી થઈ છે. મંદીવાળી ચીજવસ્તુ ખરીદી લેવાથી આશા છે કે બે મહિના પછી આપણને તેમાંથી નફો મળી જશે. હા બેટા, ઠીક છે- ખરીદી લે. પિતાજી, પંદર હજાર રૂપિયા હોય તો આપણે માલ ખરીદી લઈશું અને વીસ હજાર રૂપિયામાં વેચી દઈશું. અચ્છા બેટા, તો હવે શું કરવું જોઈએ ? પિતાજી, પંદર હજાર રૂપિયાની વ્યવસ્થા કરવી જોઈએ. સારું બેટા, જો હમણાં જ કરું છું, જો, તિજોરીમાં કેટલા રૂપિયા છે ? નવ હજાર છે, અને જો એમ કર કે તારી માતાનાં ઘરેણાં લઈ જા અને છ હજારમાં ગિરવી મૂકી દે અને જો રૂપિયા ઓછા પડશે તો હું મારા પરિચિત પર ચિઠ્ઠી લખી આપીશ કે તમે, મારી જવાબદારી પર બે હજાર રૂપિયા આપો. પંદર દિવસની અંદર પાછા મોકલી આપીશ.

મિત્રો, તેને માટે તે કરજ કરે છે. પોતાની પત્નીનાં ઘરેણાં વેચી દે છે. નવ હજાર રૂપિયા તિજોરીમાં રાખેલા છે, તે કાઢીને આપે છે. હજાર રૂપિયા છુપાવીને રાખેલા હતા તે પણ આપી દે છે. બાપ બધા ખજાના ખોલી દે છે. બાપ શા માટે પુત્રને આપે છે ? એટલા માટે કે તે એવા કોઈ કામ માટે



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

ખર્ચ કરવા માગે છે કે જેનાથી બાપની ઈજ્જત-આબરૂ વધે. જે ઘરમાં તે રહે છે, તે બધાને ફાયદો થાય છે, એટલા માટે તે રકમ આપે છે. તો પછી બીજા બાળકને પાંચ રૂપિયા આપવા માટે શા માટે ના કહેતો હતો ? એટલા માટે કે તે પોતાના માટે માગે છે. મોજમજા માટે માગે છે, નકામી વાતો માટે માગે છે. એટલા માટે બાપ ઈન્કાર કરતો હતો. ભગવાન પણ અનુદાન આપવાનો એટલા માટે જ ઈન્કાર કરે છે કે આપ પોતાના માટે તે માગો છો, આપ ઉચ્ચ ઉદ્દેશ માટે ભજન કરો, ચરિત્રવાન બનો, શ્રદ્ધાથી આપનું અંતઃકરણ પરિપૂર્ણ કરો. ભજનની માત્રા ઓછી હોય કે વધારે, તે સાથે કાંઈ નિસ્બત નથી. આપ થોડું ભજન કરી લો, તેટલું પણ પર્યાપ્ત હોઈ શકે છે.

## શ્રદ્ધા જ છે ધુરી

મિત્રો, આપ એકાદ કલાક ભજન કરી લો, તો પણ પૂરતું છે. મહાત્મા ગાંધી અડધો કલાક ભજન કરતા હતા. વિનોબાજી અડધો કલાક ભજન કરતા હતા. આ લોકોનાં થોડાંથોડાં ભજન હતાં. થોડા ભજનમાં પણ ચમત્કાર સર્જાઈ શકે છે. શરત એ છે કે આપ તેમાં ખાતર-પાણી આપવા અને નિંદામણ કરવાનો ક્રમ નિરંતર ચાલુ રાખો. આનો અર્થ એ થાય છે કે શ્રદ્ધાનો સમાવેશ, ચરિત્રવાન બનવું અને ઉચ્ચ ઉદ્દેશ માટે ઉપાસનાઓ કરવી, પોતાને માટે નહિ. જો આપ આ ત્રણ કામો કરી શકતા હો, તો ઋષિઓની પરંપરાથી માંડીને આપણી પરંપરા સુધી-બધામાં એક જ વાત ચાલતી આવી છે કે જો આપે લોભ અને મોહ પર અંકુશ રાખવાનું શીખી લીધું હોય તો ભગવાનનો અનુગ્રહ આપને મળશે, ભગવાનનો પ્રેમ આપને મળશે. આપને જો લોભ અને મોહ સાથે જ પ્યાર છે તો પછી બન્ને ચીજો આપને મળી શકતી નથી. જો આપ એક વસ્તુ લેશો, તો બીજી આવી મળશે. પ્રકાશ તરફ ચાલીશું તો છાયા પાછળ આવી જશે. છાયા તરફ ચાલીશું તો પ્રકાશ પણ નહિ રહે અને છાયા પણ નહિ રહે.

મિત્રો, આપણે પ્રકાશ તરફ ચાલીએ તો છાયા આપણી સાથેસાથે ચાલે છે. છાયાને અનેક વખત ફેંકી હજારો વાર ધિક્કારી, વાંકી આંખો દેખાડી તો પણ તે આવી ગઈ. તેને મનાઈ કરો તો તે કહે છે તો પણ હું આવીશ. તેથી આપ પ્રકાશ તરફ ચાલો, છાયા તેની પાછળ પાછળ આવશે જ. છાયા ભણી ચાલશો, તો છાયા પણ આગળ આગળ ભાગશે. પછી આપ પ્રકાશને પણ ખોઈ બેસશો. બેટા, આ જ છે સિદ્ધાંત જેના આધારે હું સમગ્ર જીવનમાં તે મગજમાં ઉતારીને વ્યવહારમાં લાવતો રહ્યો. તેનું પરિણામ છે, જે આજે આપ જુઓ છો કે મેં પોતાની નાવ પણ પાર ઉતારી છે અને પોતાની નાવમાં બેસાડીને અસંખ્ય લોકોને પાર ઉતારી દીધા છે. આપ પણ આપની નાવ પાર ઉતારી શકો છો અને અસંખ્ય લોકોને તેમાં બેસાડીને પાર ઉતારી શકો છો, પરંતુ શરત એ છે કે આપનું અધ્યાત્મ સાચું હોય. સાચું અધ્યાત્મ કેવું હોય છે, તેનો પરિચય મેં આપને આ શિબિરમાં આપ્યો. મને આશા છે કે આપ આના પર વિચાર કરશો અને તેને અનુરૂપ આપના પોતાના જીવનને ઢાળવાની કોશિશ કરશો. જો આપ એવું કરી શકો તો હું આપને વિશ્વાસ આપું છું અને આશ્વાસન આપું છું કે આપની સાધના એવી જ સફળ બનીને રહેશે, આપનું ધ્યાન નિશ્ચિતપણે લાગશે, જેવું મારી સાથે થયું. આજની વાત અહીં સમાપ્ત.

॥ ૐ શાંતિઃ ॥

સંત પુંડરિકને જાણ થઈ કે કોઈક કારણસર પાટલિપુત્રના બે શ્રેષ્ઠિઓમાં કંઈ અંદરોઅંદર મનની મલિનતા પેદા થઈ છે. બન્ને તેમના શિષ્યો હતા. લોકોએ કહ્યું, તેમને સમજાવીને ફરીથી એકતા સ્થાપિત કરાવો. સંતે કહ્યું, સમજાવવાથી કામ નહીં ચાલે, તેમનામાં સદ્ભાવ પેદા કરવો પડશે.

સંતે કોઈને કંઈ ન કહ્યું -બન્ને આવતા અને તેમની પાસે બેસી રહેતા. ક્યારેક ક્યારેક સંત બન્નેને એકસાથે કામ બતાવી દેતા. બન્ને કામ કરતા. આશ્રમની સ્વચ્છતામાં, આગંતુકોને ભોજન કરાવવામાં, પૂજનની વ્યવસ્થા કરવામાં તેઓ એવી સ્થિતિ ઊભી કરતા કે બન્ને શ્રેષ્ઠિઓને સહકારપૂર્વક કામ કરવું પડતું. ગુરુ પ્રત્યેના શ્રદ્ધાભાવને કારણે બન્ને પૂર્ણ મનોયોગપૂર્વક કામ કરતા, સહયોગ આપતા-લેતા. એક બીજાના કામ પ્રત્યે સમ્માનનો ભાવ પેદા થયો, સદ્ભાવ વધ્યો અને કોઈના કંઈ પણ કહ્યા વિના તેમના મનની મલિનતા દૂર થઈ ગઈ. સંતે કહ્યું, સહકારથી સદ્ભાવ વધારવાનું સૂત્ર અહીં પણ ફળ આપી ગયું.



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

# ઋષિચિંતન : જન જન સુધી પહોંચાડવા શક્ય તેટલો પ્રયાસ કરવામાં પાછળ ન રહીએ

પૂજ્ય ગુરુદેવે લખ્યું છે-''નવનિર્માણની આવશ્યક વિચારધારા અમે અમારા અંતરંગનું ઝરણું ખોદીને વહાવી છે. તેનાથી પ્રત્યેક મનુષ્યના મનને સિંચવાનું કાર્ય અમારા ઉત્તરાધિકારીઓ કરશે. 'અખંડ જ્યોતિ' અમારી વાણી છે. અમારો અવાજ અનેક લોકો સુધી પહોંચી શકે, તે માટે પોતાના પ્રભાવ અને દબાણનો પ્રયોગ થવો જોઈએ. એ ભૂલવું ન જોઈએ કે તેના જ માધ્યમથી આટલું મોટું આંદોલન ચલાવાઈ રહ્યું છે; જેઓ તે વાંચે છે, તેઓ જ અમારી પ્રેરણાઓથી પરિચિત થાય છે અને હિલચાલ કરે છે. 'અખંડ જ્યોતિ'એ જનસાધારણને નવી દિશા ચીંધી છે, નવી રીતે વિચારવા વિવશ બનાવ્યા છે અને હૃદયંગમ કરાવ્યું છે કે આદર્શવાદી દર્શન અપનાવીને જ આપણે આજની અનેકાનેક ગ્રંથિઓનો ઉકેલ લાવી શકીએ છીએ. સંકટોનાં અનેક બંધનોમાંથી છુટકારો મેળવી શકીએ છીએ.''

પૂજ્યવરે લખ્યું છે - ''બીજાઓની જેમ અમારા પણ બે શરીરો છે. એક શરીર હાડ-માંસનું બનેલું છે અને બીજું વિચારણા અને ભાવનાનું. હાડ-માંસ સાથે સંબંધ રાખનાર કરોડો લોકો છે. ભાવશરીર જ વાસ્તવિક શરીર હોય છે. આપણે શરીર દ્વારા કોઈની જે ભલાઈ કરી શકીએ છીએ, તેની તુલનામાં આપણી ભાવનાઓ અને વિચારણાઓનું અનુદાન આપીને કેટલોય વધારે લાભ અપાવી શકીએ છીએ, પરંતુ અનુદાનનું ગ્રહણ તો તેઓ જ કરી શકે છે, જેઓ ભાવનાત્મક દૃષ્ટિએ આપણી સમીપ છે, જેમને આપણા વિચારો પ્રત્યે પ્રેમ છે, જેમને આપણી વિચારણા, ભાવના અને અંતઃપ્રેરણાનો સ્પર્શ કરવામાં અભિરુચિ છે, તેમના જ વિશે એમ કહેવું જોઈએ કે તેઓ તત્વતઃ આપણા નિકટવર્તી અને સ્વજન-સંબંધી છે. જેઓમાં અમારા વિચારોને વાંચવામાં રુચિ-આકાંક્ષા ન જાગી શકી, તેઓ શરીરથી આપણી સમીપ ભલે હોય, પરંતુ ભાવનાત્મક દૃષ્ટિએ હજારો કોસ દૂર છે. આ વિચારોને જેઓ નિરંતર વાંચશે, તેના જીવનમાં કોઈ આદર્શવાદી પરિવર્તન ન થાય તે સંભવ નથી. જો આપણી ભાવનાઓ ઊંચી છે, સજીવ છે, સશક્ત છે, તો એવું કોઈ કારણ નથી કે તે જ્યાં પહોંચે ત્યાં પોતાનું રચનાત્મક કામ ન કરે.'' પૂજ્યવરની વિચારધારા જન જનના ઘર ઘર સુધી પહોંચાડવાની અને નિયમિત સત્સંગ સ્વાધ્યાયની આવશ્યકતા પૂરી કરવાની દૃષ્ટિએ એક અનુપમ, અદ્ભુત અને અત્યંત આકર્ષક ગ્રંથ 'ઋષિચિંતનના સાંનિધ્યમાં' પ્રકાશિત કરવામાં આવ્યો છે. જેમાં ઈ.સ. ૧૯૪૦ થી ૧૯૬૬ સુધીના 'અખંડ જ્યોતિ' માસિકોમાંથી અંશો સંકલિત કરવામાં આવ્યા છે, જે આજના ત્રસ્ત વાતાવરણમાં જીવી રહેલા નિરાશ માનવને સાહસ, પ્રોત્સાહન અને દિશા દર્શાવવામાં સક્ષમ છે. વર્તમાન સમસ્યાઓનું નિરાકરણ કરનારી વિચારધારા તેમાં સમાયેલી છે. આ ગ્રંથ ૪૧૨ પૃષ્ઠોમાં વ્યાપેલ છે. તેનું મૂલ્ય રૂ.૨૦૦ છે. આ શાશ્વત ચિંતન તમામ ધર્મો અને જાતિઓનાં ભાઈબહેનો માટે જીવનોપયોગી છે. આ ગ્રંથના પ્રકાશનની આવશ્યકતા એટલા માટે ઊભી થઈ કે જે ભાઈબહેનો સ્વાધ્યાયમાં રુચિ દાખવે છે, પરંતુ આત્મનિર્માણ માટે સૂત્રો શોધી શકતાં નથી, જે ભાઈ-બહેનોની સ્વાધ્યાયમાં રુચિ નથી, તેઓ બધા દરરોજ એક વિચારનો સ્વાધ્યાય કરીને તેના પર ચિંતન-મનન કરે અને તેને આચરણમાં ઉતારવાનો અભ્યાસ કરે, જેથી સદ્‌વિચારોના સ્વાધ્યાયની પરંપરા ફરીથી જાગૃત થઈ શકે.

આંતરરાષ્ટ્રીય ગાયત્રી પરિવારમાંથી હજારો ભાઈ-બહેનોએ જન-જનની પાસે જઈને હજારો ઘરોમાં આ ગ્રંથની સ્થાપના કરાવી છે. ગુજરાતનાં ભાઈબહેનોએ પોતાની ધનરાશિ બ્રહ્મભોજમાં દાન સ્વરૂપે આપીને અડધી કિંમતે રૂપિયા ૧૦૦માં ઘરેઘરમાં સ્થાપિત કરાવવાનું તીવ્ર અભિયાન છેડયું છે. તમામ પ્રજ્ઞાપુત્રો, પ્રચારકોને અનુરોધ છે કે એક લાખ પ્રચારકોની શ્રેણીમાં પોતાનું નામ અંકિત કરાવવામાં અગ્રેસર બનીને ઓછામાં ઓછા ૧૦-૧૦ ગ્રંથો વાહનખર્ચ સહિત રૂ. ૧૬૦૦ મોકલીને મંગાવી લે. આથી વધારે મંગાવવા તે આપની શ્રદ્ધા, નિષ્ઠા, લગન અને શ્રમશીલતા પર આધારિત છે.

ભારતીય સંસ્કૃતિ જ્ઞાન પરીક્ષા કેન્દ્રની શાળાઓમાં ગ્રંથ સ્થાપન કરાવવાની પરંપરા શરૂ થઈ ચૂકી છે; પરીક્ષાકેન્દ્ર-સંચાલક પોતે પોતાનાં પરીક્ષાકેન્દ્રની સ્કૂલોમાં એક એક ગ્રંથ માટેનો જન-સહયોગ દાનવીર દાતાઓ પાસેથી એકત્રિત કરીને દરેક સ્કૂલમાં સ્થાપિત કરાવીને અનુરોધ કરે કે પ્રાર્થના પછી આ ગ્રંથનું એક પૃષ્ઠ દરરોજ બધા વિદ્યાર્થીઓને



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

સંભળાવે, જેથી વિદ્યાર્થીઓને સદ્દવિચારોનો લાભ મળી શકે. આ અમૂલ્ય ગ્રંથ ગીતા, રામાયણ, ગુરુવાણી, બાઈબલ, કુરાનની જેમ નિયમિત પાઠ કરવા માટે દરેક ઘરમાં સ્થાપિત કરાવવાનો પ્રયાસ યુદ્ધના ધોરણે આપણે બધાએ કરવો જ જોઈએ; જેથી પૂજ્યવરની આકાંક્ષા પૂરી કરવામાં આપણે સૌ સહયોગી બની શકીએ. શાખાઓ અંદરોઅંદર પાછા આપવાની શરતે ધન એકત્રિત કરીને ગ્રંથ મંગાવી લે અને વેચાણના માધ્યમથી પહોંચાડી શકે છે. સ્થાનિક પરિસ્થિતિ અનુસાર જે રીતે સંભવિત હોય, તે રીતે સ્વાધ્યાય પરંપરા પ્રચલિત કરવા માટે પ્રયાસ કરવો, તે આ યુગની મહાન સેવા છે.

### જન-જન સુધી પૂજ્ય ગુરુદેવનો વિચાર કેવી રીતે પહોંચે ? અભિનવ યોજના-

અનેક ભાઈબહેનોનો પ્રસ્તાવ-અનુરોધ આવ્યો કે મધ્યમ વર્ગ, નવી વ્યક્તિઓની પાસે આ વિચાર પહોંચાડવાનો પ્રયાસ મૂલ્યવાન ગ્રંથ દ્વારા સંભવિત નથી. ગરીબોની પાસે જેમને સ્વાધ્યાયમાં રુચિ નથી, ધનનો અભાવ નહીં, પરંતુ રુચિ ન હોવાને કારણે તેઓ ગ્રંથ ખરીદતા નથી, તેમના સુધી આ ગ્રંથ પહોંચી શકશે નહિ. તેથી પૂજ્ય ગુરુવરની પ્રેરણા અને આપના સૌના માર્ગદર્શન અનુસાર સાત દિવસના સ્વાધ્યાય માટે સાત પૃષ્ઠોનું ફોલ્ડર તૈયાર કરીને દાતાઓના સહયોગથી શપથ સમારંભમાં તેમનું વિતરણ કરવામાં આવ્યું છે. સૌને આગ્રહ કરવામાં આવ્યો છે કે આપ પણ પોતપોતાને ત્યાં દાતાઓ પાસેથી ધનસંગ્રહ એકત્રિત કરીને અથવા શક્તિપીઠ કે શાખાને નામે ન્યૂનતમ પાંચ હજાર ફોલ્ડરો છપાવીને વિતરણ કરાવી શકો છો. ફોલ્ડર દીઠ માત્ર એક રૂપિયાની કિંમત રાખવામાં આવી છે. મોકલવાનો ટ્રાન્સપોર્ટનો ખર્ચ સંસ્થા ભોગવશે. ન્યૂનતમ પાંચ હજાર રૂપિયાનો ડ્રાફ્ટ મોકલીને મંગાવી લો. નામ છાપવાની વ્યવસ્થા પણ સંસ્થા કરાવશે. પાંચ હજારથી ઓછી પ્રત મંગાવતાં ટપાલ ખર્ચ અલગ આપવું પડશે. નામ છપાવ્યા વિના પરસ્પર રકમ એકઠી કરીને પાંચ હજાર પ્રતો મંગાવી લો. એક એક રૂપિયાની કિંમતે વેચાણના માધ્યમથી જન-જન પાસે પહોંચાડવાની વ્યવસ્થા સમયદાતા પરિવ્રાજકો પાસે કરાવી શકો છો. આ ફોલ્ડર સમગ્ર વર્ષના વિચારો માટે ક્રમશઃ બાવન છપાતાં જશે. આ રીતે પ્રતિ સપ્તાહનો સ્વાધ્યાય એક રૂપિયામાં આપ કરોડો વ્યક્તિઓ પાસે કરાવવામાં સફળ થશો. આ ફોલ્ડર દેશની તમામ ભાષાઓમાં છપાવીને પણ જન-સહયોગ દ્વારા તેનું વિતરણ કરાવવાની યોજના છે, જેના વિશે 'જ્ઞાનયજ્ઞ નિધિ' યોજના શરૂ કરવામાં આવી છે. બધાં ભાઈબહેનોને તે વંચાવીને સમર્થ પરિજન પોતે સહયોગી બનીને વધારેમાં વધારે સહયોગી બનાવી શકો છો. વિસ્તૃત જાણકારી પત્ર લખીને મંગાવી શકો છો. આશા છે કે પ્રત્યેક કર્મઠ પરિજન ૫૦૦-૫૦૦ રૂપિયાની મૂડી રોકીને દસ ભાઈઓ મળીને પાંચ હજાર ફોલ્ડર વેચાણ દ્વારા પહોંચાડીને એક પ્રચાર કેન્દ્ર સ્થાપિત કરાવવાનો પ્રયાસ અવશ્ય કરશે. ભામાશાહોને અનુરોધ છે કે પોતાના ધનનો સદુપયોગ જ્ઞાનયજ્ઞમાં દાન આપીને વધુમાં વધુ રકમ મોકલીને વધારે ફોલ્ડરો મંગાવીને વિતરણ કે વેચાણ દ્વારા પહોંચાડી સહયોગી બનવામાંથી પાછળ રહેશો નહિ. ફોલ્ડર વિતરણ આંદોલન કરોડો વ્યક્તિઓની પાસે વિચાર પહોંચાડવા માટે શરૂ કરવું તે આપણા બધાનું ધાર્મિક કર્તવ્ય છે. રુચિ જાગૃત થતાં ગ્રંથ પણ મંગાવીને તેમનાં ઘરોમાં સ્થાપિત કરાવતા રહો. આપના દ્વારા કરવામાં આવતા પ્રયાસોની જાણ કરતા રહો. ◘

◎ મનુષ્ય અહંકારને મારીને જ પરમાત્માના દ્વાર સુધી પહોંચી શકે છે.

◎ ઈશ્વરચન્દ્ર વિદ્યાસાગર પાસે એક દિવસ એક ભિખારીએ એક પૈસો માગ્યો. વિદ્યાસાગરે પૂછ્યું-જો હું તને એક પૈસો આપું તો તું તેનું શું કરીશ ? બાળકે કહ્યું- કાંઈક ખાઈ લઈશ. જો બે પૈસા આપું તો ? કશુંક મા માટે લઈ જઈશ. જો તને એક રૂપિયો આપું તો ? તો કાંઈક ધંધો કરીને ભિક્ષાવૃત્તિ છોડી દઈશ. બાળકની ભાવનાથી પ્રસન્ન થઈને તેમણે તેને એક રૂપિયો આપ્યો. થોડાક દિવસો પછી તેમને તે જ બાળક મળ્યો. હવે તેની પાસે એક નાનકડી દુકાન હતી. વિદ્યાસાગરે સહાય કરીને તેની તે દુકાનને વધુ મોટી બનાવી આપી

◎ સ્વર્ણ જયંતી પુસ્તકમાળા, નવાં પુસ્તકો, ઋષિ ચિંતન ગ્રંથ અને ફોલ્ડરો, સંપૂર્ણ સાહિત્ય અને પ્રચાર સામગ્રી મંગાવવા ગાયત્રી જ્ઞાનપીઠ, જૂના વાડજ, અમદાવાદનો સંપર્ક કરશોજી.



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

## યુગ નિર્માણ યોજના હિન્દી માસિક માર્ચ ૨૦૦૩નો અંક ગો-વિજ્ઞાન વિશેષાંક
**(આ વિશેષાંકના કેટલાક લેખ આ પત્રિકામાં પ્રકાશિત થશે.)**

**આપણી આજની સમસ્યાઓ**

૧. દેશના ગ્રામીણ પરિવારોની ગરીબાઈ કેવી રીતે દૂર થશે ?

૨. દેશના ગ્રામીણ ભાઈઓને રોજગાર કેવી રીતે મળશે ?

૩. દેશના ગરીબ-ધનવાન બીમારોની બીમારી કેવી રીતે દૂર થશે ?

૪. દેશની વ્યક્તિ નીરોગી, લાંબું અને સક્રિય આયુષ્ય કેવી રીતે પ્રાપ્ત કરશે ?

૫. દેશનો નાગરિક બળવાન, બુદ્ધિમાન, પ્રાણવાન, પ્રતિભાશાળી કેવી રીતે બનશે ?

૬. દેશની ધરતી જે રાસાયણિક ખાતરના પ્રયોગથી ઉજ્જડ બનની જતી રહી છે તેને ફળદ્રુપ કેવી રીતે બનાવી શકાય ?

૭. માનવ જાતિ પર લાગેલું સૌથી મોટું કલંક ગોવધ કેવી રીતે દૂર થશે ?

૮. એકસો આઠ રોગોની એકમાત્ર દવા કઈ છે. ?

૯. આગામી પેઢીઓના કલ્યાણ માટે આપણે શું કરી શકીએ ?

૧૦. સમાજની અનેકતાને એકતામાં કેવી રીતે બદલી શકાય ?

૧૧. વૃક્ષોનું રક્ષણ કરીને પર્યાવરણને સંતુલિત કેવી રીતે બનાવી શકાય ?

૧૨. કુદરતી પ્રકોપો, જેમ કે ભૂકંપ, આંધી-તોફાન, દુષ્કાળ, પૂર, યુદ્ધ વગેરેથી વિશ્વને કેવી રીતે બચાવી શકાય ?

ઉપર્યુક્ત સમસ્યાઓનું સમાધાન કરવામાં માનવીનું સામર્થ્ય ખૂટી પડયાં છે. માણસ તેને ઉકેલવાનો જેટલો પ્રયાસ કરે છે તેટલી સમસ્યાઓ દિન પ્રતિદિન જટિલ અને જટિલ જ બની રહી છે.

ગોસેવા ધર્મ, અર્ધ, કામ, મોક્ષ પ્રાપ્ત કરવાનું સર્વ સુલભ, સરળ અને વૈજ્ઞાનિક સર્વશ્રેષ્ઠ સાધન છે. ગૌ, ગંગા, ગાયત્રી, ગીતા આ ચારે ભારતીય સંસ્કૃતિના સ્તંભો છે, જેના પર સંસ્કૃતિ ટકેલી છે. વેદ, શાસ્ત્ર, પુરાણ, મહાભારત, ગીતા વગેરે આર્ષગ્રંથોના અધ્યયન, ચિંતન, મનનથી એ સિદ્ધ થઈ ગયું છે કે ગૌમાતા આપણી શ્રદ્ધાનું કેન્દ્ર છે. વસ્તુતઃ ગૌમાતા સર્વદેવમયી છે.

પ્રેય અને શ્રેય અથવા સમૃદ્ધિ અને કલ્યાણ બન્નેની પ્રાપ્તિ માટે ગૌસેવા મહત્ત્વપૂર્ણ સાધન છે. મનુષ્યજીવનના લક્ષ્યને પ્રાપ્ત કરવામાં ગૌસેવા ખૂબ જ સહાયક છે. ભગવત-પ્રાપ્તિ માટે પણ ગૌસેવા સાધન છે. ગૌમાતા જન્મ આપનારી માથી કમ નથી. મા દૂધ પિવડાવીને આપણી પાસે જીવનભર સેવાની આશા રાખી શકે છે, પરંતુ ગૌમાતાને દાણા અને ઘાસ સિવાય કોઈ આવશ્યકતા નથી. ગૌમાતા તો જીવનભર દૂધ પિવડાવે છે. પૂજ્ય ગૌમાતા નારાયણ સ્વરૂપ છે. તેની આરાધનાથી સકળ ફળ મળે છે. વિશ્વનું કલ્યાણમય અને પવિત્ર પ્રાણી છે''ગૌ''-ગાય.

ભક્તિ, મુક્તિ અને શક્તિનું માધ્યમ ગૌસેવા છે. **લક્ષ્મીશ્ચ ગોમયે નિત્યં પવિત્રા સર્વ મંગલા ।** ગોબર (છાણ)માં પરમ પવિત્ર સર્વ મંગલમય શ્રી લક્ષ્મીજીનો નિવાસ છે. જેનો અર્થ એ છે કે ગોબરમાં બધી જ ધન-સંપત્તિ સમાયેલી છે. ગૌ યજ્ઞીય દેવસંસ્કૃતિનું મૂર્ત રૂપ છે. લોકકલ્યાણ માટે કરવામાં આવતું પ્રત્યેક કર્મ યજ્ઞ સ્વરૂપ જ છે. ઓછું ગ્રહણ કરવું તથા સમાજને અધિક આપવું, એ આચરણને શીખવનારી આપણી ભારતીય સનાતન સંસ્કૃતિને દેવસંસ્કૃતિ કહેવામાં આવી છે. ગાય ઘાસ, ભૂસું, છોતરાં, ખોળ, કુસકા-કણકી, થૂલી, વગેરે એવી સામાન્ય વસ્તુઓ ગ્રહણ કરે છે, જે મનુષ્ય માટે ગ્રહણ કરવા યોગ્ય નથી અને ઓછી મૂલ્યવાન હોય છે, પરંતુ બદલામાં અમૃત જેવું દૂધ, સહોદર જેવા બળદ, અત્યંત ઉપયોગી અને ઔષધિરૂપ ગોમય તથા ગોમૂત્ર આપે છે.

ચોખા, ઘઉં માણસ ખાય છે, પરંતુ ગાય તેનું ભૂસું ખાય છે. માણસ તેલનું સેવન કરે છે, ગાય તેનું ખોળ ખાય છે. મનુષ્ય દાળ ખાય છે, ગાય તેનાં છોતરાં અને કુસકા ખાય છે. આ રીતે ગાય સમાજ પાસેથી ઓછામાં ઓછું લઈને અધિકતમ લાભ પહોંચાડે છે. તેથી તે પ્રત્યક્ષ દેવતા છે.

એક વખત મનોહર રૂપ ધારિણી લક્ષ્મીજીએ ગાયોના



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

સમૂહમાં પ્રવેશ કર્યો અને કહ્યું કે હવે હું તમારા શરીરમાં સદા નિવાસ કરવા ઈચ્છું છું. તમે મહાન સૌભાગ્યશાળી હો, હંમેશાં સૌનું કલ્યાણ કરનારી હો, તમે જણાવો કે હું તમારા શરીરના કયા ભાગમાં રહું ? ગાયોએ કહ્યું-યશસ્વિની, તમે મારા ગોબર અને મૂત્રમાં નિવાસ કરો. અમારી આ બન્ને ચીજો બહુ જ પવિત્ર છે. ત્યારથી ગોબર અને ગૌમૂત્રમાં લક્ષ્મીજીનો નિવાસ થઈ ગયો. જો આપણે લોકો ગોબર અને ગૌમૂત્રનો સર્વશ્રેષ્ઠ ઉપયોગ કરીશું, તો ભારત સમૃદ્ધ બનશે. **માતરઃ સર્વભૂતાનાં ગાવઃ સર્વસુખપ્રદાઃ।** ગાયો સમસ્ત પ્રાણીઓને માતાની જેમ બધા પ્રકારનાં સુખો આપનારી છે. **ઈશ્વરઃ સ ગવાં મધ્યે ।** ગાયના મધ્યમાં ઈશ્વરની હાજરી હોય છે. સંપૂર્ણ ગોવંશ પરમ ઉપકારી છે. સૌનું કર્તવ્ય છે કે તન,મન, ધન લગાવીને ગોહત્યા પૂર્ણપણે બંધ કરાવીએ. ભારતમાં ગોવંશ પ્રત્યે કરોડો લોકોમાં આસ્થા છે. તેની ઉપેક્ષા ન કરવી જોઈએ.

ભારતની સૌથી મોટી સમસ્યાઓ ગરીબી, બેકારી, અને બીમારી છે, જે રોજે રોજ વધી રહી છે. એક-બે ગાયો એક પરિવારનું પાલન-પોષણ કરી શકે છે. **એક ગાયના ગોબર, ગૌમૂત્ર અને ગાયના દૂધનો સમુચિત ઉપયોગ કરવાથી એટલી આવક પ્રાપ્ત થઈ શકે છે કે તેનાથી એક પરિવારનું ગુજરાન ચાલી શકે. પંચગવ્યથી ૧૦૮ રોગોનો સફળ, સરળ ઈલાજ થાય છે. નેડેપ રીતથી ખાતર બનાવતાં ગોબરની ઉપયોગિતા ૧૨૦ ગણી વધી જાય છે. કામધેનુ ખાતર દ્વારા જ રાસાયણિક ખાતરનો પ્રયોગ બંધ કરીને ધરતી માતાને ઉજ્જડ બનવામાંથી બચાવી શકાય છે.**

ગૌ, ગંગા, ગીતા અને ગાયત્રી - આ ચાર સનાતન દેવ સંસ્કૃતિના સ્તંભો છે, આ ચારેયની સ્થિતિ ખૂબ જ દયનીય બની ગઈ છે. ગંગા પ્રદૂષિત બની રહી છે, ગીતાના ઉપદેશને જીવનનું અંગ બનાવવામાં આવતો નથી. ગાયત્રીના દર્શન (ફિલોસોફી)ને વ્યવહારમાં ઉતારવામાં આવતું નથી. બધાને બધા પ્રકારનાં સુખો આપનારી ગૌમાતા, લાખોની સંખ્યામાં રોજ કપાઈ રહી છે. દુઃખનું આ જ કારણ છે.

જ્યાં સુધી સમસ્ત ભારત દેશમાં જન-જનના માનસમાં ગોપાલન-ગોભકિત પૂર્ણરૂપે જાગૃત નહિ થાય, ત્યાં સુધી આ રાષ્ટ્રનું કલ્યાણ સારી રીતે થઈ શકવાનું નથી. જ્યાં સુધી **ગોવધ બંધ નહિ થાય, ત્યાં સુધી દેશ કદી પણ સમૃદ્ધ બની શકશે નહિ, ભલે લાખો યોજનાઓ બનતી રહે. ગૌમાતાની કૃપાને લક્ષ્મી દેવી, સરસ્વતી દેવી, મહાકાલી દેવી અને બધાં દેવી-દેવતાઓની કૃપા માનવી જોઈએ.**

**જો આપણે ગોબર અને ગોમૂત્રની ઉપયોગિતા જાણી લઈએ, તેનો શ્રેષ્ઠતમ ઉપયોગ કરવા લાગીએ, તો દેશમાંથી ગરીબી, બેરોજગારી અને બીમારી દૂર થઈ જશે અને કોઈ પણ સ્થિતિમાં ગાયને કોઈ વેચશે જ નહીં. ગોવધ આપોઆપ બંધ થઈ જશે. ગાય આર્થિક દૃષ્ટિએ પણ આજીવન ઉપયોગી છે. ગાય દૂધ ન આપે તો પણ ઉપયોગી છે.**

શ્રી નારાયણ દેવ પાંઢરી પાંડેનો ૨૫ વર્ષનો શ્રમ બહુ જ મહત્ત્વપૂર્ણ છે. તેમણે નેડેપ પદ્ધતિ શોધીને વૈજ્ઞાનિકો અને ખેડૂતોને ચકિત કરી દીધા છે કે કેવી રીતે **ફક્ત એક કિલો ગોબરમાંથી ત્રીસ કિલો સર્વોત્તમ શ્રેણીનું ખાતર બને છે. જો આ પદ્ધતિનો પ્રયોગ સમગ્ર દેશમાં કરવામાં આવે તો આપણને રાસાયણિક ખાતરની જરૂર જ નહીં પડે. વિદેશી મુદ્રાની અપાર બચત થશે. ધરતી ઉજ્જડ-વેરાન થતી બચી જશે. ગોવધ બંધ થઈ જશે.** નેડેપ પદ્ધતિથી બનેલું ખાતર ફક્ત ગોબરમાંથી બનેલા ખાતર કરતાં ચારગણું વધારે અસરકારક હોય છે. એટલે કે ગોબરની ઉપયોગિતા ૧૨૦ ગણી વધી જાય છે. અમૃત પાણી, મટકા ખાતર અને અમૃત સંજીવની ખાતરો ગોબર, ગોમૂત્રમાંથી બને છે, જે અત્યંત ઉપયોગી છે.

**દૂધ ન આપનારી એક ગાય અથવા બળદના ગોબરનું ખાતર બનાવવામાં આવે, તો જેટલો ચારો ખાય છે તેનાથી પાંચ ગણી કિંમતનું ખાતર બનાવવા લાયક ગોબર આપે છે. ગોમૂત્રમાંથી દવા બનાવવામાં આવે, તો દર મહિને હજારો રૂપિયાનો લાભ થાય છે. એટલે કે ગોવંશ કદી પણ બિનલાભદાયી નથી હોતો. આપણા લોકોના અજ્ઞાનનો આ દંડ, ગોવંશને પ્રાણદંડ રૂપે મળી રહ્યો છે.**

**જેઓ હિન્દુ ધર્મશાસ્ત્ર પર વિશ્વાસ ધરાવે છે તેમણે ચતુર્વર્ગ (ધર્મ, અર્થ, કામ, મોક્ષ) સિદ્ધયર્થ શાસ્ત્ર વિધાન અનુસાર ગૌસેવા કરતાં કરતાં ગોધનની વૃદ્ધિ કરવી જોઈએ અને જેઓ ધર્મશાસ્ત્ર પર આસ્થા નથી રાખતા,**



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

**તેમણે 'અર્થ'ની સિદ્ધિ માટે અર્થશાસ્ત્રના નિયમો મુજબ ગોપાલન કરતાં કરતાં ગોવંશની વૃદ્ધિ કરવાનો પ્રયત્ન કરવો જોઈએ.**

રઘુવંશ પણ ગાયની સેવાથી જ ચાલ્યો હતો, જેમાં ભગવાન રામનો જન્મ થયો હતો. ગોપાલન, ગૌસેવા, ગૌદાન આપણી સંસ્કૃતિની મહાન પરંપરા છે. ગૌસેવા સુખ અને સમૃદ્ધિનો માર્ગ પ્રશસ્ત કરે છે. એ લક્ષ્મી પ્રાપ્તિ, વિદ્યા પ્રાપ્તિ અને પુત્ર પ્રાપ્તિનું સાધન છે. ગૌસેવાથી મનુષ્યનાં પાપો નષ્ટ થાય છે. ગૌમૂત્ર, ગોબર, ગોદુગ્ધ, ગોદધિ, ગોઘૃત વગેરે તમામ પદાર્થો અતિપાવન, આરોગ્યપ્રદ, આયુર્વર્ધક અને શકિતવર્ધક છે. જ્યાં ગાયો નિવાસ કરે છે ત્યાં સર્વત્ર સુખ અને શાંતિનો વાસ હોય છે.

**ગૌકે રોમ રોમસે સાત્વિક વિકિરણ વિસરિત હોતા હૈ ।** ગાય સ્વભાવે સાત્વિક, સૌમ્ય અને સંતોષ આપનારી હોય છે. તે સાત્વિકતા, બળ, ઓજસ અને સ્ફૂર્તિથી પરિપૂર્ણ હોય છે. ગાય સ્વભાવથી ધીર અને ગંભીર છે. તેના રોમ રોમમાંથી સાત્વિક વિકિરણ થાય છે. તેના પ્રભાવ ક્ષેત્રમાં આવવાથી મનુષ્યની ચિત્તવૃત્તિ શાંત બને છે. સાત્વિક મન અને બુદ્ધિથી જ પરમાત્માની પ્રાપ્તિ કરી શકાય છે. લૌકિક કામનાઓની પૂર્તિ તો સાધારણ બાબત છે.

**ધર્મપ્રેમી સજ્જનોએ ગોસંવર્ધન પ્રત્યે જનશ્રદ્ધા વધારવી જોઈએ. સમાજસેવી ભાઈ-બહેન ગામે ગામ જઈને ગ્રામીણ ભાઈબહેનોને ગાય પાળવાનું મહત્ત્વ સમજાવે. જો આપણે લોકો ગૌવધ બંધ ન કરાવી શકયા, તો આવનારી પેઢીને હવા, પાણી અને ભોજન દુર્લભ બની રહેશે.** આગામી પેઢીના લોકો કહેશે કે અમારા પૂર્વજો હતા તો ખૂબ જ સમજદાર, પરંતુ ગોપાલનનું મહત્ત્વ ન સમજી શકયા અને તેની રક્ષા ન કરી શકયા. જો રાષ્ટ્ર પ્રેમીઓએ સાર્થક પ્રયાસો ન કર્યા, તો ભવિષ્યમાં ગાયનાં ચિત્રો જ જોવા મળશે. ભવિષ્યમાં લોકો પોતાના આર્ષ ગ્રંથોમાં ગૌમાતાની ઉપયોગિતા વિશે વાંચશે અને ગાયને પોતાની વચ્ચે નહિ પામે, તો વર્તમાન પેઢીને વારંવાર ગાળો દેશે કે કેવા લોકો હતા, જેઓ પોતાની માતાની રક્ષા ન કરી શકયા. ગોપાલ, ગોવિંદ અને ગોકુળનાં ગીતો ગાતા રહ્યા, તેમનાં મંદિરો બનાવીને મૂર્તિઓને પૂજતા રહ્યા, પરંતુ તે ગોપાલની પ્યારી ગાયનું રક્ષણ ન કરી શકયા. "ગોપાલ જય જય"નું કીર્તન કરતા રહ્યા, ગૌમાતાની જય બોલતા રહ્યા, પૂજા ગોવર્ધન (ગૌ બઢાવો આંદોલન)ની કરતા રહ્યા અને ભેંસો પાળતા રહ્યા, ગાયને કપાતી જોતા રહ્યા.

**ગૌમાતાની રક્ષાના હેતુસર બધા ધર્મપ્રેમી, ગૌપ્રેમી અને રાષ્ટ્રપ્રેમી સજ્જન આ માસિકના માર્ચ ૨૦૦૩માં પ્રકાશિત થનાર 'ગો-વિજ્ઞાન વિશેષાંક'ની વધુમાં વધુ નકલો મંગાવીને પોતાના ક્ષેત્રના ગાયો અને શહેરોમાં પ્રત્યેક વ્યકિત સુધી પહોંચાડવાનો અને વંચાવવાનો પ્રયત્ન કરે. આ વિશેષાંક ગૌ ક્રાન્તિના ક્ષેત્રમાં જનમાનસને ઢંઢોળીને જનચેતના જગાડવામાં સમર્થ બનશે એવી આશા છે.** પરિજનોને નિવેદન છે કે ગૌ-વિજ્ઞાન વિશેષાંકની વધારાની નકલોનો ઓર્ડર શકય તેટલો જલદી મોકલે, જેથી પ્રથમ વારમાં પ્રકાશિત થઈને આપને સમયસર મળી શકે. આ વિશેષાંકમાં ગાયની ઉપયોગિતા તર્ક, તથ્ય અને પ્રમાણો દ્વારા સિદ્ધ કરવામાં આવી છે. આપના દ્વારા વિતરણ કરાયેલ વિશેષાંક ક્રાન્તિકારી ભગવાન શ્રીકૃષ્ણ દ્વારા ચલાવવામાં આવેલ **'ગોવર્ધન આંદોલન'**માં સહયોગી થશે. આપની આ શ્રદ્ધાંજલિ ભગવાન શ્રીકૃષ્ણ પ્રત્યે આપની શ્રદ્ધા-નિષ્ઠાને વધારનારી સિદ્ધ થશે.

સંતોષની બાબત એ છે કે યુગ નિર્માણ મિશન દ્વારા ગત વર્ષોમાં પ્રકાશિત ગૌ-સાહિત્ય, યુગ નિર્માણ યોજના માસિકનો ગો-સંવર્ધન સ્તંભ, કેલેન્ડર, સ્ટીકર્સ, પોકેટ બુકો, ગાયત્રી તપોભૂમિની ગો-સંવર્ધન પ્રશિક્ષણ શિબિર, શાંતિકુંજમાં યોજાનારી શિબિરોએ દેશભરમાં ગો-સંવર્ધન, ગોપાલન, અને ગોરક્ષા પ્રત્યે એક હવા ઊભી કરી છે. અમારા પરિજનોએ આ બાબતમાં બહુ જ અભિનંદનીય કાર્યો કર્યાં છે. તેની ચર્ચા આ વિષયનાં આયોજનોમાં મોટા મોટા મંચો દ્વારા પણ કરવામાં આવે છે. મિશનની પ્રામાણિકતાને ટકાવી રાખવા માટે આપણે આ આંદોલનને નિરંતર આગળ ધપાવવાનું છે અને ધ્યેય-પ્રાપ્તિ સુધી આપણા પ્રયાસો કરતા રહેવાના છે. આ માટે આપ સૌ પરિજનોનો સહયોગ જરૂરી છે.

*જો દુઃખ પછી સુખ ન આવતું હોત, તો તેને કોણ સહન કરત ?*



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

# આ સામયિકની આવશ્યકતા અને અમારા પ્રયાસો

'યુગ શકિત ગાયત્રી' માસિક પ્રગટ કરવાની આવશ્યકતા એટલા માટે ઊભી થઈ કે તેના દ્વારા નવા માનવીનું, નવા સમાજનું નિર્માણ કરવાનું એક સુગઠિત સુવ્યવસ્થિત આંદોલન ચલાવવાનું હતું. 'અખંડ જ્યોતિ' માસિક એક વિચાર પત્રિકા છે. તેનો ઉદ્દેશ ભાવનાત્મક મનોભૂમિનું નિર્માણ કરવાનો છે. દર્શન, અધ્યાત્મ અને ધર્મ તેના વિષયો છે. તેની સાથોસાથ પૂરક રૂપે રચનાત્મક પ્રવૃત્તિઓનું વ્યાવહારિક સ્વરૂપ સમજાવવા માટે યુગ શકિત ગાયત્રી માસિક પ્રકાશિત કરવામાં આવ્યું, જેથી આદર્શવાદી આસ્થાઓને કાર્ય રૂપે પરિણત કરવાનું વ્યાવહારિક માર્ગદર્શન આપી શકાય.

આ માસિકના અમારા આત્મીય વાચકો અત્યાર સુધીમાં તેના નિયમિત સ્વાધ્યાયથી અનિવાર્ય રૂપે લાભાન્વિત થયા હશે. આ ઋષિઓના જ્ઞાનનો પ્રસાદ છે, જેનો લાભ તેઓ પોતે તો ઉઠાવી જ રહ્યા છે, આ પ્રસાદને પોતાનાં આત્મીય પ્રિયજનો, સગાં સંબંધીઓ, મિત્રો અને પરિચિતો સુધી પહોંચાડવાનો પ્રયાસ પણ કરવો જોઈએ. ઋષિચિંતનનાં સૂત્રોથી જે લાભ આપને મળ્યો છે, તેને અન્ય પરિજનો સુધી પહોંચાડવામાં પોતાનો સમય, ધન, પ્રભાવ અને શ્રમનો ઉપયોગ કરવો જોઈએ. વિશ્વની આ વિષમ વેલાએ ભાગ્યે જ કોઈ વ્યકિત એવી હશે, જે સમાજની દુર્દશાને જોઈને પણ ચુપ બેસી રહે. અહીં અમે અમારા પરિજનોને આ માસિકના વિસ્તાર માટે કેટલાંક સૂચનો આપીએ છીએ.

૧. પ્રત્યેક સક્રિય પરિજનને અમારો અનુરોધ છે કે તે પોતાના સહયોગીઓના માધ્યમથી આ માસિકના ઓછામાં ઓછા ૧૦૦ સભ્યો બનાવવાનું લક્ષ્ય લઈને કાર્ય કરે.

૨. જે ભાઈ-બહેન આ માસિક એકસાથે મંગાવે છે તેઓ પોતાના તમામ વાચકોના માધ્યમથી પાંચ પાંચ સભ્યો બનાવવાનો અનુરોધ કરે, જેથી સભ્ય સંખ્યા પાંચ ગણી વધીને ઋષિઓની વિચારધારા જન જન સુધી પહોંચી શકે.

૩. પ્રત્યેક આત્મીય વાચક બંધુને અનુરોધ છે કે આપણું માસિક ઓછામાં ઓછા ૧૦ નવા પાઠકોને વંચાવવાનો પ્રયાસ કરે. સમર્થ પરિજન માસિકની બે નકલો મંગાવે. એક નકલ પોતાની ફાઈલમાં રાખી મૂકે, જેથી સંકલિત થઈને પરિવારની જ્ઞાનસંપત્તિ રૂપે સ્થાયી રૂપે પરિવાર પાસે રહે. બીજી નકલ વધુમાં વધુ ભાઈબહેનોને વંચાવવા ઉપયોગમાં લે.

૪. સમર્થ પરિજન, શાખાઓ, પ્રજ્ઞામંડળ, શકિતપીઠો પરસ્પર સહકારથી ધનસંગ્રહ કરીને માસિકદીઠ રૂપિયા પાંત્રીસ લેખે વાર્ષિક લવાજમ મોકલીને ૫૦ થી ૧૦૦ નકલો મંગાવીલે. પોતાના ક્ષેત્રના બેરોજગાર ભાઈઓ તથા સમાચારપત્ર વિક્રેતાઓના માધ્યમથી વેચાણ દ્વારા યુગ વિચારને જન જન સુધી પહોંચાડવાનો પ્રયાસ કરે. પ્રત્યેક નકલ પર એક અંકની કિંમત ચાર રૂપિયા છાપવામાં આવી છે. એક રૂપિયો બચત કરી વેચાણ કરનાર પરિજનોને પારિશ્રમિક રૂપે આપતા રહે. જ્ઞાનરથોના માધ્યમથી પણ વેચાણ કરી શકો છો.

૫. ભાવનાશીલ પરિજન પોતાની ધનસંપત્તિથી પોતાનાં પ્રિયજનો, સગાં-સંબંધીઓ, મિત્રો અને વ્યાપારી સંબંધીઓને એક વર્ષના સભ્ય બનાવીને આ માસિક તેમને ભેટ સ્વરૂપે પહોંચાડી શકે છે. જન્મદિન, લગ્નદિન, આદિ માંગલિક પ્રસંગો તથા પર્વ તહેવાર પર આ માસિકનું લવાજમ જમા કરાવીને આ માસિક તેમને ભેટ સ્વરૂપે મોકલી શકો છો.

૬. ધાર્મિક અને સમાજસેવી પરિજન વિદ્યાલયો, આશ્રમો અને મંદિરોને નામે વાર્ષિક લવાજમ ૫૫ (પંચાવન રૂપિયા) અથવા આજીવન લવાજમ ૭૦૦ રૂપિયા જમા કરાવીને આ માસિક ભેટ સ્વરૂપે પહોંચાડી શકે છે.

૭. આ પત્રિકાના પ્રસારની જવાબદારી વિશેષ રૂપે સમગ્ર દેશમાં સંગઠિત ૩૫૦૦ યુગ સેનાઓના યુગસેના નાયકો અને યુગસૈનિકો પર નાખવામાં આવી રહી છે. પ્રત્યેક યુગસેનાએ ઓછામાં ઓછા ૧૦૦ નવા સભ્યો બનાવવાનો પ્રયાસ અવશ્ય કરવો જોઈએ.



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

# નિસ્ત્રૈગુણ્યો ભવાર્જુન

(કર્મસંન્યાસયોગ નામના ગીતાના પાંચમા અધ્યાયની સાતમી કડી)

**પાછલા અંકમાં પરિજનોએ વાંચ્યું કે સકામ કર્મ કરનાર વ્યકિત ફળમાં આસક્તિના કારણે બંધનોમાં બંધાય છે, જ્યારે સાચો કર્મયોગી આત્મનિષ્ઠાથી ઉપજેલ ભગવત્પ્રાપ્તિ રૂપી શાંતિને પ્રાપ્ત થાય છે. (બારમો શ્લોક). આજના આસ્થા સંકટના આ યુગમાં દિવ્યકર્મીના કયા કર્તવ્યો હોવા જોઈએ તે વિશે બતાવવામાં આવ્યું હતું. ભગવાને આગળ એ પણ કહ્યું કે આ માનવી કાયા નવદ્વારવાળી એક નગરી છે, ભગવાનનું એક મંદિર છે. સંયમી વ્યકિત પોતાના અંતઃકરણને વશમાં રાખીને કોઈ પણ કર્મોમાં કર્તાભાવ ન રાખતાં આનંદપૂર્વક પરમાત્મામાં સ્થિત થઈને રહે છે. સંયમ સાથે યજ્ઞીય કર્મોમાં લાગી જવું બન્ને અનિવાર્ય છે. આ તપ અને યોગનો સાર્થક સમન્વય છે, જેની પરિણતિ ભગવાન 'આસ્તે સુખં'–સુખમાં સ્થિત રહે છે (તેરમો શ્લોક)માં બતાવે છે. કશું ન કરતાં, ન કરાવતાં કોઈ કેવી રીતે યજ્ઞીય કર્મ કરી શકે છે, એના પ્રમાણ રૂપે રમણ મહર્ષિ તથા પૂજ્ય ગુરુદેવનાં ઉદાહરણ આપવામાં આવ્યા. ગીતા વારંવાર યુવાન માનસિકતાવાળા તથા સંન્યસ્ત ભાવવાળા કર્મઠ દિવ્યકર્મીઓનું આહ્વાન કરે છે. ચૌદમા શ્લોક દ્વારા એ બતાવવામાં આવ્યું હતું કે આ ત્રિગુણમયી પ્રકૃતિ જ છે જે કર્તાપણાની, કર્મોની અને કર્મફળ સંયોગની રચના કરે છે. સ્વાભાવિક રીતે જ બધું થઈ રહ્યું છે (સ્વભાવસ્તુ પ્રવર્તતે). હવે આ જ શ્લોકની વિસ્તૃત વ્યાખ્યા સાથે પછીનો ક્રમ આ અંકમાં.**

## અંદરની શાંતિ-પરમાત્માની પ્રાપ્તિ

આ ત્રણેય શ્લોકોનો અર્થ જોવામાં લાગે છે કે આ જુદા જુદા અર્થવાળા છે તથા અહીં કોઈ અન્ય સંદર્ભમાં શ્રીકૃષ્ણ અર્જુનને કહી રહ્યા છે, પરંતુ આવું નથી. એકની ફળશ્રુતિ બીજામાં અને બીજાની ત્રીજામાં બતાવીને શ્રીકૃષ્ણ હવે મૂળ પ્રકરણ પર આવી ગયા છે. પહેલામાં એ કહેવામાં આવ્યું છે કે આસકિતના બંધનોમાં બંધાઈને ભગવત્પ્રાપ્તિ રૂપી શાંતિ મળી શકતી નથી. બીજામાં એ કહેવામાં આવ્યું છે કે કાયારૂપી (નવદ્વારોવાળી) આ મંદિરથી, જેમાંથી સતત પરમાત્મા પ્રકાશતો રહે છે, એવા ઉપકરણથી 'વશી' સંયમી વ્યકિત એ બધા સેવાકાર્યો યજ્ઞીય ભાવે કરી શકે છે, જેથી તેને સત્-ચિત્-આનંદ પરમાત્માની અનુભૂતિ થાય, તે હંમેશાં પોતાની અંદર એ ચિરસ્થાયી શાંતિનો આનંદ લેતી રહે, પરંતુ આ ત્યારે જ શકય છે, જ્યારે આપણી ત્રિગુણમયી પ્રકૃતિથી વિરુદ્ધ ચાલીશું. દિવ્યકર્મીએ મુકત થવા માટે પ્રકૃતિના કર્મોથી હટીને અક્ષરપુરુષની સ્થિતિમાં આવવું પડશે, ત્યારે જ તો આપણે ત્રિગુણાતીત થઈ શકીશું. જે પોતાને અક્ષર બ્રહ્મ, અવિકારી પરમપુરુષ તથા પરબ્રહ્મનો એક ઘટક માનશે, તે પોતાને નિર્ગુણ આત્માના રૂપમાં જાણી લેશે, તે પ્રકૃતિના કર્મને સાક્ષીભાવે સ્થિર શાંતચિત્તે જોશે, પ્રકૃતિ અને તેનાં કર્મથી પ્રભાવિત નહિ થાય. પ્રભુ સ્તરથી, વિભુ સ્તરની સત્તા કર્મ, કર્તૃત્વ કે કર્મફળ સંયોગની રચના નથી કરતી, પરંતુ તે તો ક્ષર ભાવમાં પ્રકૃતિ દ્વારા થતા બધા કર્મોને માત્ર જોતી રહે છે. આ જ ભાવ ચૌદમા શ્લોકમાં વર્ણવાયો છે.

## વિભુ સ્તરની અક્ષર-પુરુષોત્તમ સત્તા

વાચકોને આ વિષય થોડો જટિલ તો લાગતો હશે, પરંતુ વિગત અંકના અંતિમ બે ઉપશીર્ષકો (સ્વભાવસ્તુ પ્રવર્તતે તથા મુકિતનો પંથ)થી એ ભાવ સમજમાં આવી ગયો હશે કે અવિદ્યારૂપી પ્રકૃતિ તથા પરબ્રહ્મ, અક્ષ-પુરુષોત્તમ ભગવાનમાં શું ફરક છે તથા આપણે કોની શરણમાં જવું જોઈએ. કોણ આપણને ચિરસ્થાપી શાંતિ આપી શકે છે. ભગવદ્સત્તા વિશે આગળ જતાં યોગેશ્વરે તો એમ પણ કહ્યું છે કે તે તો આ જન્મમાં કોઈ પણ પ્રાણીના પાપ અને પુણ્યને પોતાનાં માનીને તેમને પોતાના માથે લેતી નથી (પંદરમા શ્લોકનો પૂર્વાર્ધ), તો પછી આપણે કેવી રીતે તેને નિમ્નસ્થિતિમાં લાવીને પ્રકૃતિ સમાન માની લઈએ છીએ. 'આ તો અંદર બેઠેલા પરમાત્મા કરાવી રહ્યો છે,' આવું કહેનાર એ સમજી જ શકતો નથી કે પરમાત્મા તો એનાથી પણ પર છે. તે તો પોતાની આધ્યાત્મિક વિશુદ્ધ દિવ્ય સ્થિતિમાં સતત વિદ્યમાન છે. શ્રીકૃષ્ણ કહે છે કે આ તો અજ્ઞાનના કારણે થાય છે કે તેનાથી જન્મેલ અહંકાર એ બધાને



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

માનવીએ ઉપલબ્ધ કર્યો છે, આમ કહીને પોતાનું માની લે છે. તે કર્તાપણાની જવાબદારી પોતાના ઉપર લઈ લે છે અને સ્વયંને તે જ રૂપમાં જોવાનું પણ પસંદ કરે છે, નહિ કે પોતાના અસલ સ્વરૂપમાં. અજ્ઞાનનું આ સામ્રાજ્ય જ બધા વિભ્રમો-અહંતાઓ-અણસમજોનાં કારણ છે. એણે જ જ્ઞાનને, સાચા અર્થમાં યથાર્થ જ્ઞાનને ઢાંકી રાખ્યો છે. શ્લોક પંદરમો છે-

**નાદત્તે કસ્યચિત્પાપં ન ચૈવ સુકૃતં વિભુઃ ।**
**અજ્ઞાનેનાવૃતં જ્ઞાનં તેન મુહ્યન્તિ જન્તવઃ ॥**
**(૫/૧૫)**

તે સર્વવ્યાપી પરમાત્મા કોઈના પણ પાપકર્મને કે કોઈના શુભકર્મને ગ્રહણ કરતો નથી. એ તો અજ્ઞાનથી જ્ઞાન ઢંકાયેલું છે, જેનાથી બધા અજ્ઞાની મનુષ્ય મોહિત થઈ રહ્યાં છે.

## અવિદ્યા-અજ્ઞાન જ મૂળ કારણ

બધી માયા એ અજ્ઞાન-અવિદ્યાના કારણે છે, જેણે જ્ઞાનને ઢાંકી રાખ્યું છે. આ જ્ઞાન પ્રાપ્ત થઈ જાય તો પછી પૂછવું જ શું. આની જ પ્રાપ્તિ માટે તો પ્રત્યેક કર્મયોગી-દિવ્યકર્મી સતત પ્રયત્નશીલ રહે છે. આ અજ્ઞાનના કારણે જ તો આજે બધા ખોટાં કાર્યો થઈ રહ્યા છે. એ જ સાચું દેખાઈ રહ્યું છે, જે ખોટું છે. સાચા અર્થમાં આત્મભાવમાં જીવતા લોકો આવા હોતા નથી, તેઓ ત્રિગુણમયી પ્રકૃતિથી નિયંત્રિત થઈને શુભ-અશુભ કર્મ કરતા નથી, પરંતુ પરમાત્મસત્તામાં સ્થિત થઈને તે આત્મજ્ઞાનને પ્રાપ્ત કરીને જ બધા કાર્યો કરે છે.

અહીં ભગવાને મનુષ્યને, જે અજ્ઞાની છે, સહજ રૂપમાં જંતુ કહ્યો છે. આપણે સામાન્ય રીતે કીડા-મંકોડા, તેમજ મૂક જીવધારીઓ માટે જીવજંતુ શબ્દનો પ્રયોગ કરીએ છીએ, જેમનું જીવન પેટ-પ્રજનન સુધી જ સીમિત હોય છે. ભગવાને અહીં એ મનુષ્યને પણ, જે સુરદુર્લભ માનવી તન પ્રાપ્ત કરીને એવી શ્રેષ્ઠ સ્થિતિમાં છે તેમ છતાં અજ્ઞાનની સ્થિતિમાં જીવી રહ્યો છે, તેને 'જંતુ', 'એનીમલ', 'વિહંગ' કહ્યો છે.

## 'જંતુ'થી દિવ્યકર્મીની યાત્રા

ગીતાના કાવ્યની શોભા યોગ્ય સ્થાને યોગ્ય શબ્દોની પસંદગીમાં જ છે. અહીં જંતુ નામ આપીને એમણે પોતાના મનની બધી વાતો જાણે કહી દીધી છે કે આત્મજ્ઞાનરૂપી કસ્તુરી નાભિમાં રાખીને પણ આમતેમ જ્ઞાનની શોધમાં ફરે છે, એમણે તો તેને અજ્ઞાનથી સ્વયં ઢાંકી રાખ્યો છે. કોઈ અવસર મળ્યો હોત તથા આ અજ્ઞાનના આવરણથી મુકત થઈ શકાયું હોત તો જાણવા મળત કે મનુષ્ય વાસ્તવમાં શું છે ? તે તો અસીમ શકિતનો ભંડાર છે. સ્વયં સાક્ષાત્ પરમાત્મા તેનામાં છે. ગુરુ આવી જ સ્થિતિમાંથી પોતાના શિષ્યને, જે પૂર્ણ સમર્પણ ભાવની સાથે તેની પાસે આવે છે, તેને ઉગારે છે અને જ્ઞાનનો સુરમો આપીને તેની દૃષ્ટિ ખોલી નાખે છે-

**અજ્ઞાનતિમિરાન્ધસ્ય જ્ઞાનાંજનશલાકયા ।**
**ચક્ષુરુન્મીલિતં યેન્ તસ્મૈ શ્રીગુરવે નમઃ ॥**

ચોથા અધ્યાયમાં પણ ભગવાને જ્ઞાનનો મહિમા ગાયો હતો (૩૮ અને ૩૯મો શ્લોક) તથા વારંવાર એમ કહ્યું હતું કે જ્ઞાનની નૌકામાં બેસીને તો પાપીથી પાપી વ્યકિત પણ તરી જાય છે (૩૬મો શ્લોક). અહીં પણ ભગવાન એ જ જ્ઞાનનું માહાત્મ્ય વર્ણવી રહ્યા છે. તે પણ ત્રિગુણાતીત થઈને પરમસત્તાને સમજવા પ્રેરિત કરવા માટે. આ સમજ્યા વિના આપણે આત્મિક પ્રગતિના ક્ષેત્રમાં એક ડગલું પણ આગળ મૂકી નહિ શકીએ.

## ભગવાનનું સાચું સ્વરૂપ

શ્રીકૃષ્ણે તેથી જ કહ્યું છે કે (**વિભુઃ**) સર્વવ્યાપી ઈશ્વર કોઈનું પાપ (**કસ્યચિત્ પાપં**) અને પુણ્ય પણ (**સુકૃતં ચ એવ**) ગ્રહણ કરતો નથી (**ન આદત્તે**). અજ્ઞાનરૂપી અવિદ્યાથી (**અજ્ઞાનેન્**), સર્વત્ર સચ્ચિદાનંદઘન પરમાત્મા વ્યાપ્ત છે, આવું જ્ઞાન (**જ્ઞાનં**) ઢંકાયેલું રહે છે (**આવૃતં**). તેનાથી જ (**તેન**) જીવ, સાંસારિક મનુષ્ય (**જન્તવઃ**) મોહને પ્રાપ્ત થાય છે અર્થાત્ આત્મસ્વરૂપ જ્ઞાન ભૂલીને આત્માને સંસારી જ માની બેસે છે, પરિણામે મોહમુગ્ધ થઈને ભટકી જાય છે (**મુહ્યન્તિ**). શબ્દોના વિગ્રહથી ગીતાના ઉપદેશને સારી રીતે સમજી શકાય છે. પરમહંસ શ્રીરામકૃષ્ણદેવ કહેતા હતા, "વેદાંત અનુસાર નિર્ગુણ ભાવથી પરબ્રહ્મ (બ્રહ્મ) અવ્યકત આત્મા છે અને તે જીવનું પાપ-પુણ્ય ગ્રહણ કરતો નથી (કર્મફળ ભોગી થતો નથી). સગુણ ભાવે તે બ્રહ્મ તો જીવની પરમગતિ તથા કર્મફળ આપનાર ઈશ્વર છે." તેઓ કહેતા હતા કે જે અખંડ સચ્ચિદાનંદઘન છે, તે જ લીલાસ્વરૂપ થઈ વિવિધ રૂપ ધારણ કરીને આવે છે. વાસ્તવમાં માયા જ અજ્ઞાન છે. તે જ અહંબુદ્ધિને જન્મ આપે છે, જે જીવના મોહબંધનનું તથા આત્મસ્વરૂપનું જ્ઞાન ખોઈ બેસવાનું કારણ બને છે. આ


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

અહંરૂપી અજ્ઞાન મટી જાય ત્યારે જ બ્રહ્મ આત્મારૂપે પ્રગટ થાય છે, સાચા દિવ્યશકિતશાળી રૂપે પૂર્ણ જ્ઞાન સાથે અવતરિત થાય છે. ચૈતન્ય ચરિતામૃતમાં ભગવાન કહે છે- **અદ્વય જ્ઞાન-તત્વ કૃષ્ણેર સ્વરૂપ । બ્રહ્મ આત્મા ભગવાન તિન સાર-રૂપ ।।**

### દષ્ટિકોણ યોગ્ય હોય, જ્ઞાન પ્રકાશિત થાય

દષ્ટાંતથી સમજીએ. આ શરીરરૂપી મશીનને ચલાવે છે તો ઈંધણ જ, પરંતુ તેને કયાં જવાનું છે એ ચિંતન તો મગજ તથા શરીરધારી મનુષ્યનું ઈચ્છાતંત્ર કરે છે. આ મશીનને ચલાવનાર કેટલો સમર્થ છે, તેનો જે ભોજન કે પ્રાણવાયુના રૂપમાં ગ્રહણ કરવામાં આવી રહ્યું છે એ ઈંધણ સાથે કોઈ સંબંધ નથી. જો મશીન ચલાવનાર પોતે જ હોશમાં ન હોય તો ઈંધણથી ઉત્પન્ન શકિત તે ઉપકરણ-કાયાનો નાશ જ કરી દેશે. જો આપણા મન-બુદ્ધિ જાગૃત-સાવધ હોય તો આપણી જીવનયાત્રા સુખદ હોઈ શકે છે. આપણી અંદર જીવનશકિત સતત કામ કરી રહી છે. એ ચેતનાના સ્તરે આત્મસત્તા રૂપે વિદ્યમાન છે. તે કોઈથી પ્રભાવિત-અપ્રભાવિત (બાહ્ય કાર્યો કે અણઘડ વિચારોથી) કયારેય થતી નથી. જો વ્યકિતનો દષ્ટિકોણ જ ખરાબ હોય, ભાવનાઓ જ દૂષિત હોય તો આ ગરબડ જીવાત્માના વિનાશનું કારણ બનશે. જો કે જ્ઞાન અજ્ઞાનથી ઢંકાયેલું છે, વાસનાઓએ તેને જકડી રાખ્યો છે, સત્ય સંબંધી જાણકારી મનુષ્ય સુધી પહોંચતી નથી તો મિથ્યા ધારણાઓ આપણા જીવનમાં વસી જાય છે. આ અજ્ઞાનરૂપી આવરણને ત્રિગુણમયી (સત્, રજ, તમથી યુકત) પ્રકૃતિથી પ્રભાવિત ન થતાં પોતાની આત્મસત્તાને વિકસિત કરીને હટાવવું જોઈએ. આ જ આત્મજ્ઞાનની પ્રાપ્તિનો, જીવનસાધનાનો એકમાત્ર માર્ગ છે. જીવને જીવનભર પુરુષાર્થમાં પ્રયત્નશીલ રહેવું પડે છે. જે અજ્ઞાનરૂપી આવરણથી જલદી મુકત થઈ મોહથી મુકત થઈ જાય છે, તે મોક્ષમાં પ્રતિષ્ઠિત થઈ આનંદમય જીવન જીવે છે. કુંઠાઓ રહિત જીવન, સંતાપ-તનાવ-વિક્ષુબ્ધતા રહિત જીવન જીવવાનો એક જ માર્ગ છે કે જે અજ્ઞાનરૂપી આવરણમાં જીવ મોહિત થઈ ખોટા કાર્યોમાં લાગેલો છે તથા જેનાથી જ્ઞાન ઢંકાયેલું છે, તે કોઈ રીતે હટી જાય. પછી તે સાધના (જ્ઞાન)નો માર્ગ હોય, ગુરુ પ્રત્યે ભકિત અને સમર્પણ હોય, અથવા દિવ્યકર્મી રૂપમાં કર્મયોગનો માર્ગ હોય, તેના માટે બધા ખુલ્લાં છે. ત્રિગુણાતીત થતાં જ અજ્ઞાન મટી જાય છે, વાદળ હટી જવાથી જ્ઞાન જાજવલ્યમાન સૂર્યની જેમ પ્રકાશિત થઈ ઊઠે છે અને જીવ કહી ઊઠે છે, સોડહમ્. હું પણ તે જ છું, જે આ પરમાત્મા છે.

### યુગનિર્માણ યોજનાની પ્રગતિયાત્રા

પરમપૂજ્ય ગુરુદેવ જીવન પર્યંત આ જ પુરુષાર્થમાં વ્યસ્ત રહ્યા. આ જ અજ્ઞાનના આવરણથી મુકત થવા માટે તેમણે લોકો માટે ગાયત્રી સાધનાને પ્રતિબંધોથી મુક્ત કરાવી. સ્વયં કઠોર તપ કરી તે સ્વરૂપમાં પહોંચી ગયા, જ્યાં ઉત્કીલન-શાપ વિમોચન સ્વયં ગુરુસત્તારૂપી અવતારી ચેતના કરે છે. ગાયત્રી ત્રિપદા છે. અજ્ઞાન, અભાવ અને અશકિત આ ત્રણેયને મિટાવવાનું સામર્થ્ય ધરાવે છે. ચેતનાતત્ત્વનું એકમ આ જ પરમતત્ત્વ છે. ઉપાસના (ભકિતયોગ), સાધના (જ્ઞાનયોગ) તથા આરાધના (કર્મયોગ) દ્વારા આપણી ગુરુસત્તાએ જન-જનને પોતાની ઋતંભરા-પ્રજ્ઞા વિકસિત કરવા માટે પ્રેરિત કર્યા. બધાની જીવનસાધના નિખરી, દષ્ટિકોણ બદલાયા અને મુગ્ધતાની સ્થિતિમાંથી નીકળીને તેઓ જંતુમાંથી દિવ્યકર્મી બન્યા તથા સદ્બુદ્ધિનો આશ્રય લઈ તેઓ આત્મિક પ્રગતિના પંથે વધતા રહ્યા. પોતાના સ્વયંનું જ્ઞાન તેમને સ્વાધ્યાયથી થવા લાગ્યું. શ્રેષ્ઠ વિચારોનું સ્નાન તેમના સ્વભાવને ઉચ્ચસ્તરીય ભાવમાં પ્રતિષ્ઠિત કરાવતું ગયું. જીવનોદ્દેશ્યની જાણકારી એ ધ્યાનથી થઈ, જેમાં એમણે જાણ્યું કે તેઓ કોણ છે - એક સામાન્ય જીવ નહીં-વિશિષ્ટ પ્રયોજન માટે જન્મેલા પ્રજ્ઞા પરિજનો, જેમણે ઊલટાને ઊલટાવીને સીધું કરવાનું છે, વિચારક્રાંતિ કરવાની છે. પોતાની સાથે બીજાનાં ચિંતન પર છવાયેલ ધુમ્મસને પણ દૂર કરવાનું છે. આ જ યુગનિર્માણ યોજનાની પ્રગતિયાત્રા છે. ગીતાકારના સંદેશને આ યુગના સંસ્કૃતિ પુરુષ-યોગેશ્વર સ્તરની સત્તાએ કેવી કુશળતાથી સામાન્યજન સુધી પહોંચાડયો છે, તેને શાંતિકુંજના પ્રજ્ઞા અભિયાનને અને યુગનિર્માણની પ્રક્રિયાને નજીકથી જોઈને જ સમજી શકાય છે. ત્યારે સમજાશે કે દેવસંસ્કૃતિ વિશ્વવિદ્યાલયનો વાસ્તવિક ઉદ્દેશ શું છે ? અજ્ઞાનનું આવરણ આત્મસત્તા પરથી હટાવવું-વ્યકિતને તેના યથાર્થ સત્યનો બોધ કરાવવો. હવે ગીતાના સંદેશ પર આવીએ.

### નિર્લિપ્ત-નિર્ગુણ સ્થિતિ

જીવ નિર્ગુણ-આત્મસ્થિતિમાં જેવો પાછો આવીને આત્મજ્ઞાનને ફરી પ્રાપ્ત કરે કે તે પ્રકૃતિના મુગ્ધ કરાવી દેતા લીલાજગતથી, કર્મબંધનોથી મુકિત મેળવી લે છે. ત્યારે પ્રકૃતિના ગુણ તેને સ્પર્શતા નથી. તે અલિપ્ત બની



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

રહે છે. મન-પ્રાણ-શરીર બધા રહે છે, પ્રકૃતિ પોતાનું કાર્ય પણ કરતી રહે છે, પરંતુ આંતરિક સત્તા નિરપેક્ષ જ બની રહે છે. ''આ ઉચ્ચ સ્થિતિને પ્રાપ્ત કરી જીવ સ્થિર, મુકત, સર્વસાથી અક્ષરબ્રહ્મ થઈ જાય છે,'' આવો શ્રી અરવિંદનો મત છે. તેઓ કહે છે કે આ પૂર્ણત્વ નથી. આત્મામાં તો મુકિત છે, પરંતુ પ્રકૃતિમાં અપૂર્ણતા છે. એ માટે કોઈ સંન્યાસની વાત કહી શકે છે, પરંતુ ગીતા કર્મસંન્યાસ (સર્વ કર્માણિ સન્યસ્ય)ની વાત કહે છે, કેમ કે તેમાં બ્રહ્મને આંતરિક અર્પણ છે. ક્ષર ભાવમાં બ્રહ્મ પ્રકૃતિના કર્મને પૂરેપૂરો સહારો આપે છે, જ્યારે અક્ષર ભાવમાં બ્રહ્મ પ્રકૃતિના કર્મને સહારો આપવા છતાં પોતાના મુકત સ્વરૂપને કાયમ રાખે છે.

જ્યારે એક આદર્શ દિવ્યકર્મી પોતાના જ્ઞાનની મદદથી કર્મ કરવા છતાં ત્રિગુણાતીત બની જાય છે તો તે શ્રીકૃષ્ણના આદેશનું પાલન કરે છે, જેમાં ભગવાને આદેશ આપ્યો હતો- ''નિસ્ત્રૈગુણ્યો ભવાર્જુન ।'' આવી સ્થિતિમાં તે ભગવાનના પ્રિય નિર્દેશ 'મન્મના, મચ્ચિત્તઃ, મદ્‌ભાવમ્'ને પ્રાપ્ત થઈ જાય છે. આ જ આપણું સૌનું પણ લક્ષ્ય હોવું જોઈએ. કોઈ મહામાનવની લોકયાત્રાનું ચરમબિંદુ દિવ્યજન્મની પરમસિદ્ધિમાં રૂપાંતરિત થવું જોઈએ. શ્રી અરવિંદ કહે છે કે જ્યારે આ સંસિદ્ધિ પ્રાપ્ત થઈ જાય છે, ત્યારે પુરુષ પોતાને પ્રકૃતિના સ્વામીના રૂપમાં જાણે છે અને ભાગવત્ ઈચ્છાનો એક ભાગ બનીને તે પોતાની પ્રકૃતિની ક્રિયાઓને દિવ્યકર્મમાં રૂપાંતરિત કરવામાં લાગી જાય છે. આવી જ વ્યકિત ઉચ્ચસ્તરીય મહાપુરુષ બને છે, અક્ષય કીર્તિને પ્રાપ્ત કરે છે તથા જન-જનનું કલ્યાણ કરે છે. આજે યુગ એમની જ શોધ કરી રહ્યો છે. ગીતાના પંદરમા શ્લોકની વ્યાખ્યા આપણને આવા જ ચૈતન્ય જીવંત દિવ્યકર્મીની ઓળખ કરાવે છે. યુગ પરિવર્તન આવા જ મહાપુરુષ કરે છે. સદાય આવું થતું આવ્યું છે અને હવે આ યુગમાં પણ આવું જ થવાનું છે એ સુનિશ્ચિત માની લેવું જોઈએ.

## સૂર્યવત્ પ્રકાશિત અંતરાત્મા

જ્ઞાન પ્રાપ્ત થઈ જાય અને ત્રિગુણાતીત સ્થિતિ પ્રાપ્ત થઈ જાય તો સમજવું કે ઘણું કામ થઈ ગયું. જ્ઞાન તો અંદર હતું જ, માત્ર તેના પર ભ્રાંતિઓનો પડદો પડી ગયો હતો, તેથી વાસના, તૃષ્ણા, અહંતા જ સર્વસ્વ દેખાતા હતા, જ્ઞાનનું વાસ્તવિક સ્વરૂપ સમજમાં આવતું ન હતું. કોઈ કામના વિના, કર્મફળની ચિંતા વિના જીવન જીવવાની રીત જ્ઞાન પર છવાયેલ પડદાનું અનાવરણ જ છે. ત્યારે જ મનુષ્ય અંદરની શાંતિ સાથે પ્રસન્નતાપૂર્વક જીવન જીવી શકે છે. તેથી જ શ્રીકૃષ્ણ આગળના (સોળમા)શ્લોકમાં કહે છે-

**જ્ઞાનેન તુ તદજ્ઞાનં યેષાં નાશિતમાત્મનઃ ।**
**તેષામાદિત્યવજ્જ્ઞાનં પ્રકાશયતિ તત્પરમ્ ॥**

પરંતુ (**તુ**) જે લોકોનું (**યેષાં**) એ (**તત્**) અજ્ઞાન કે મોહ (**અજ્ઞાનં**) આત્મા કે બ્રહ્મના (**આત્મનઃ**) તત્ત્વજ્ઞાન દ્વારા (**જ્ઞાનેન**) નષ્ટ કરી નાખવામાં આવ્યું છે (**નાશિતં**), એ લોકોનું (**તેષાં**) તે (**તત્**) જ્ઞાન (**જ્ઞાનં**) સૂર્યની જેમ અજ્ઞાનાંધકારને નષ્ટ કરી દે છે (**આદિત્યવત્**),આત્મતત્ત્વને-સચ્ચિદાનંદઘન પરમાત્માને (**પરમ્**) પ્રકાશિત કરી દે છે (**પ્રકાશયતિ**).

કેવું સ્પષ્ટ અને સાચું પ્રતિપાદન છે. ઉપમા પણ કેવી સુંદર છે. ભાવાતીત અક્ષર પરબ્રહ્મની સત્તાનો અનુભવ સર્વોચ્ચ સત્યને પ્રકાશિત કરી દે છે. આપણને વાસ્તવમાં આત્મબોધ કરાવી દે છે. હવે આ ગૂઢ અર્થવાળા શ્લોક તથા એનાથી બીજી કઈ ઉપલબ્ધિઓ થાય છે, તેની વ્યાખ્યાવાળા આગલા શ્લોકોનો ક્રમ આગામી અંકમાં.

**(ક્રમશઃ)**

દેવતાઓએ વિષ્ણુ ભગવાનને કહ્યું. ''સ્વર્ગમાં રહીને ઘણા દિવસ થઈ ગયા તેથી હવે કંટાળો આવવા લાગ્યો છે. આનાથી પણ કોઈ સારા લોકમાં મોકલી આપો.'' વિષ્ણુએ 'હા' કહ્યું અને મનુષ્યલોકમાં મોકલી દીધા. સાથે જ એ પણ કહ્યું. ''સુખ અને સૌંદર્ય ત્યારે દેખાશે જ્યારે તમે કરુણા જીવિત કરશો અને સેવાધર્મનું રસાસ્વાદન કરશો.''

દેવતા વિમાનોમાં બેસીને મનુષ્યલોક જવા નીકળ્યા. પરંતુ ત્યાં તો બધા લોકો દુઃખમાં ડૂબેલા હતા. દેવતાઓએ તેમની સેવા કરવાનો નિશ્ચય કર્યો. કોઈ મેઘ બનીને વરસવા લાગ્યો. કોઈએ ઊષ્મા અને ઊર્જા પ્રસરાવી. કોઈ રાત્રે શીતળતાયુકત પ્રકાશ વહેંચવા લાગ્યો. કોઈએ વનૌષધિનું રૂપ લીધું અને અપરિગ્રહી બનીને લોકોની કષ્ટમુકિતનો ઉપાય બતાવવા પરિભ્રમણ કરવા લાગ્યા.

ઘણા દિવસો પછી વિષ્ણુ ભગવાને નારદને દેવતાઓની સ્થિતિ જાણવા પૃથ્વી પર મોકલ્યા. એમણે આવીને ઉત્તર આપ્યો. ''દેવતા લોકસેવાના આનંદને સ્વર્ગ કરતાં વધારે માની રહ્યા છે અને તેમની પાછા વળવાની ઈચ્છા નથી.''



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

# બલિહારી ગુરુ આપની-૧

### દીક્ષાથી મળી દિશા :

પૂર્વ દિશામાં તારાની ચમક થોડી ઝાંખી થવા લાગી હતી. અંધકાર જતો દેખાવા લાગ્યો ને પોતાના માળામાં સૂતેલાં પક્ષીઓનો કલરવ સંભળાવા લાગ્યો. ત્યારે શ્રીરામ પોતાના પૂજાખંડમાં આસન બિછાવવા લાગ્યા. બેસીને 'અપવિત્રઃ પવિત્રો વા સર્વાવસ્થાં ગતોઽપિ વા.....' મંત્ર બોલીને પ્રાતઃકાલીન સંધ્યાની વિધિ કરી રહ્યા હતા.

મહામના માલવીયજીએ મંત્રદીક્ષા વખતે વિધિવિધાન સમજાવ્યાં હતાં. એ પણ કે સંધ્યાવંદન બન્ને સમય થવું જોઈએ. એ માર્ગદર્શનમાં સંધ્યાનો ઉપક્રમ, સ્થાન અને સમયનો નિર્દેશ પણ હતો. શ્રીરામ એમના કહેલા શબ્દો હંમેશાં યાદ રાખતા હતા અને થોડા મહિનાના અભ્યાસ પછી તો સ્વભાવમાં જ વણાઈ ગયા હતા. શાસ્ત્રોમાં સંધ્યા માટે જે સ્થાનોને ઉત્તમ ગણાવવામાં આવ્યાં છે, તેમાં પુણ્યક્ષેત્ર, નદીકાંઠો, પવિત્ર જળાશય, પર્વતની ગુફા કે શિખર, એકાંત બગીચો, દેવમંદિર કે પોતાનું ઘર એ મુખ્ય છે. શ્રીરામ પહેલાં તો ગામની બહાર દેવમંદિરમાં બેસીને સંધ્યાવંદન કરતા હતા. પિતાના સ્વર્ગવાસ પછી ઘરમાં જ બેસવા લાગ્યા. વિશાળ હવેલીના એક રૂમમાં પૂજાસ્થાન બનાવી લીધું. રૂમનો દરવાજો પૂર્વ દિશામાં ખૂલતો હતો. દરવાજાની બહાર તુલસીનો છોડ હતો. સંધ્યા માટે બેસતી વખતે મોં પૂર્વ તરફ રહેતું હતું. અર્ધ્ય આપવાનો હોય ત્યારે તેઓ બહાર આવતા અને છોડની પાસે ઊભા રહીને સૂર્ય નમસ્કાર કરી એવી રીતે જળ ચડાવતા કે એ જમીન પર ન પડતાં તુલસીના ક્યારામાં પડે.

મંદિરમાં સંધ્યાવંદન કરતી વખતે અર્ધ્ય માટે ઊઠીને ક્યાંય જવું પડતું ન હતું. જે જગ્યાએ બેસતા, ત્યાં જ સામે એક પાત્ર રાખીને, ઊભા થઈને જળ ચડાવતા. માના કહેવાથી ઘરમાં જ ઉપાસના શરૂ કરી તો અર્ધ્ય માટે બહાર જવાનું જરૂરી થઈ પડ્યું. જે સાવધાનીથી સ્થાનની પસંદગી કરી તેવી જ સાવધાની સમય નિર્ધારણમાં પણ રાખી. તે સંપૂર્ણપણે નિભાવવાનો પ્રયત્ન કર્યો. પ્રાતઃસંધ્યા સોનેરી સૂર્યોદય થતાં પહેલાં શરૂ થઈ જવી જોઈએ અને સાંજની સંધ્યા સૂર્યાસ્ત પહેલાં.

શ્રીરામ સવારે ચાર વાગ્યે ઊઠી જતા. સ્નાનાદિથી પરવારતાં અને સંધ્યાવંદન માટે બેસવામાં એક કલાકનો સમય લાગતો. હવેલીના પરિસરમાં બનેલા કૂવામાંથી તેઓ પોતાની જાતે પાણી ખેંચતા. બહાર દીવાનો પ્રકાશ ફેલાતો. તેથી કોઈ મુશ્કેલી રહેતી ન હતી. જો કે હવેલીમાં લોકો જાગી જતા, તેમ છતાં શ્રીરામ એ વાતની પૂરેપૂરી કાળજી રાખતા કે ડોલ મૂકવાનો કે પાણી પડવાનો અવાજ ન થાય, ચૂપચાપ સ્નાનાદિથી પરવારતા. કોઈને અણસાર સુધ્ધાં આવતો નહિ.

સંધ્યા શરૂ કર્યા પછી શ્રીરામ જપ અને ધ્યાનમાં પૂર્ણપણે તન્મય થઈ જતા. સમયગાળાની દૃષ્ટિએ એમની સંધ્યા ચાલીસ મિનિટમાં પૂરી થઈ જતી હતી, પરંતુ આ સમયગાળામાં પણ તેઓ પૂરેપૂરા તન્મય બની જતા. ગાયત્રી મંત્રની એક માળા અને સૂર્યોદયના સોનેરી પ્રકાશનું ધ્યાન કરવામાં છ મિનિટ લાગે છે. સિદ્ધ થયા પછી ચાર મિનિટ લાગે છે. આ સ્થિતિમાં ગણતરીમાં થોડી ચૂક થવાની સંભાવના રહે છે. ગાયત્રી દીક્ષા લીધા પછી શ્રીરામ પાંચ માળા સવારે અને બે માળા સાંજે જપતા હતા. તન્મયતા એટલી રહેતી કે ભૂલ-ચૂકને અવકાશ જ રહેતો ન હતો. સવાર-સાંજની સંધ્યામાં બધું મળીને એક કલાકનો સમય લાગતો. ધ્યાન-ધારણાનો ક્રમ જપ પછી પણ યથાસમય ચાલતો રહેતો.

### ઐતિહાસિક ઘડી

વિક્રમ સંવત ૧૯૮૩ની વસંતપંચમી હતી. અંગ્રેજી તારીખ અનુસાર ૧૮મી જાન્યુઆરી, ૧૯૨૬નો દિવસ. શ્રીરામની ઉંમર લગભગ પંદર વર્ષની હશે. તેઓ સંધ્યાવંદન કરી રહ્યા હતા. ગાયત્રી જપ કરતાં કરતાં પૂર્ણપણે તન્મય હતા. સુખાસનમાં બેઠેલા શ્રીરામના ફક્ત હોઠ હાલી રહ્યા હતા. મુખમાંથી કોઈ ધ્વનિ સંભળાતો ન હતો. જપની ઉપાંશુ અવસ્થા હતી, જેમાં હોઠ તો હલે છે, મુખની અંદર સ્વરયંત્રમાં પણ સ્ફુરણ થતું રહે છે, પરંતુ અવાજ આવતો નથી. મોં બંધ કરીને માનસ જપમાં સમય વધારે લાગે છે અને વિસ્મરણની આશંકા પણ રહે છે. માલવીયજીએ એટલા માટે જ ઉપાંશુ જપને શ્રેષ્ઠતા આપી હતી. આ જપની સાથે પૂર્વ દિશામાં ઊગતા સવિતા દેવતાનું ધ્યાન. બંધ નેત્રોથી ભ્રૂકુટિમાં જે ક્ષિતિજ દેખાઈ રહી છે, એ જ જાણે ઉદયાચલ છે. ભ્રૂમધ્યની આકૃતિ પણ એવી જ બને છે, જેમ પર્વતના બે ગોળાઈ મળી રહ્યા હોય અને એમના સંધિસ્થળ પર



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

નવા આલોકનો ઉદય થતો હોય.

ઊગી રહેલા આલોક વખતે ચેતના-જગતમાં સોનેરી આભા ફેલાવા લાગી. પ્રકાશની ચાદર બિછાતી આગળ વધતી રહી હતી. પોતાનું અસ્તિત્વ નિસર્ગના આ વિસ્તારથી અભિભૂત થઈ રહ્યું હતું. શરીર, મન, બુદ્ધિ, ચિત્ત અને એથી આગળના સત્તાના જેટલા પણ લોક હોઈ શકે છે, તે તમામમાં એ પ્રકાશથી જીવન-ચેતના વ્યાપી રહી હતી. સવાર થતાં જ રાતની નીંદર પોતાની મેળે દૂર થાય છે, એમ જ ચેતનામાં છવાયેલી ક્લાંતિ દૂર થઈ રહી છે અને નવો ઉત્સાહ છલકાઈ રહ્યો છે. સવારની તાજગી અસ્તિત્વના રોમરોમમાં ફેલાઈ રહી છે. સોનેરી પ્રકાશનું ધ્યાન કરતાં એ અનુભૂતિ પણ પ્રગાઢ થતી જતી હતી.

જે ક્ષણની ઘટનાનો ઉલ્લેખ હવેની પંક્તિઓમાં કરવામાં આવી રહ્યો છે, તે ક્ષણે જપ અને ધ્યાનની કઈ અવસ્થા ચાલી રહી હતી એ કહેવું મુશ્કેલ છે. જે પ્રકારના ઉલ્લેખો મળે છે એમાં એ અવસ્થા મનોમયની જ કહી શકાય. આ અવસ્થામાં ચિત્ત સંકલ્પ-વિકલ્પથી મુકત થઈ જાય છે. યોગશાસ્ત્રોમાં 'નિર્વાત નિષ્કંપ દીપશિખા' કહેતાં આવા જ ચિત્તનું વર્ણન કરવામાં આવ્યું છે. વાયુરહિત સ્થાનમાં સળગતા દીપકની જ્યોત જે રીતે કાંપતી નથી, તેવી રીતે હંમેશા કાંપતું અને ડોલતું રહેનાર ચિત્ત પણ સંકલ્પ-વિકલ્પના વેગોનો અભાવ થવાથી સ્થિર થઈ જાય છે. કેટલાક યોગીઓના મતાનુસાર એ ધ્યાનમાં ઊંડા ઊતરવાની અને સમાધિની નજીક પહોંચી જવાની અવસ્થા છે.

## પ્રકાશ-શરીરનું અવતરણ

પોતાના આસન પર બેઠેલા શ્રીરામ મનોલય અથવા સમાધિની ભૂમિકામાં છે. એ ભૂમિકામાંથી પસાર થતાં જપના અંતિમ ચરણ સુધી પહોંચે છે. જપ પૂરા થાય છે, સવિતા દેવતાનાં ચરણોમાં જપ-નિવેદન કરતાં હાથ જોડીને બેઠા જ હતા કે રૂમમાં અચાનક વીજળી ચમકી. આંજી નાખતો પ્રકાશ છવાઈ ગયો. વીજળી ચમકીને તરત જ પ્રકાશ અદશ્ય થઈ જાય છે, પરંતુ રૂમમાં એ પ્રકાશ સ્થિર રહ્યો. પ્રકાશ ચમકતો હતો, પણ તેની પ્રખરતા શાંત-શીતલ થઈ ગઈ. સૂર્યની સોનેરી આભા અને ચંદ્રમાની ચાંદની જેવો શીતળ અને શાંત.

જે વખતે પ્રકાશ ચમકયો હતો, તે વખતે રૂમમાં જાણે હજારો સૂર્ય એકસાથે ચમકી ઊઠયા હતા. એ સમયે આંજી નાંખતી આભા જ્યારે ધીરેધીરે સ્થિર થઈ ગઈ, તો રૂમમાં એક સૌમ્ય આકૃતિ પ્રકટ થઈ. લાંબી જટા, અત્યંત કૃશ શરીર, પરંતુ દેદીપ્યમાન. આકૃતિ ક્ષીણ જરૂર દેખાતી હતી, પણ સ્વરૂપમાં તેજસ્વિતા અને બળનો પૂર્ણ સમાવેશ હતો. એ કૃશકાયા પોલાદની બનેલી લાગતી હતી. આકૃતિ દિગંબર હતી. આસપાસ આભામંડળ છવાયેલું હતું અને શરીર કયાંક કયાંક બરફની ચાદરથી ઢંકાયેલા જેવું લાગતું હતું. સાધક શ્રીરામ એ સૌમ્ય આકૃતિને જોઈને હર્ષિત થયા. મનમાં રાહતનો ભાવ જાગ્યો. ક્ષણભર પહેલાં જે ભય વ્યાપી રહ્યો હતો, તે દૂર થઈ ગયો. એ આકૃતિને જોઈને મનમાં ઉલ્લાસ ઊભરાવા લાગ્યો. ઈચ્છા થઈ કે ઊઠીને પ્રણામ કરે. સંધ્યાકર્મમાં પ્રદક્ષિણા કર્મ હજી બાકી હતું. એ દિવ્યમૂર્તિએ શ્રીરામના ભાવો વાંચી લીધા અને બેસી રહેવાનો સંકેત કર્યો. શ્રીરામ બેઠાબેઠા એ આકૃતિને જોતા રહ્યા, જાણે સવિતા દેવ ઋષિ રૂપે પ્રકટ થયા.

આકૃતિ નજીક આવી. એવું લાગતું નહતું કે એ થોડાં ડગલાં માંડીને આગળ આવી હોય. એમ લાગતું હતું કે જાણે અંતર આપોઆપ ઘટી ગયું. સમીપતા એટલી રહી કે બેઠાં બેઠાં જ હાથ આગળ લંબાવીને ચરણસ્પર્શ કરી લે, ચરણસ્પર્શની જરૂર ન પડી, માથું આપોઆપ ચરણોમાં નમી ગયું. એ દિવ્ય આકૃતિએ પોતાનો હાથ શ્રીરામના માથા પર મૂકી દીધો. એ સ્પર્શ વ્યકિતત્વમાં જે ઝંકાર જગાવી ગયો એને શબ્દોમાં વ્યકત કરી ન શકાય. મનીષીઓએ એ પ્રકારની અનુભૂતિઓને હજાર રીતે કહેવાની કોશિશ કરી છે અને કોશિશ કર્યા પછી થાકીને ચૂપ થઈ ગયા છે. ઉપનિષદોએ તેને આ રીતે વ્યકત કર્યું છે કે જે સાંભળે છે (કાન) તે બોલતા નથી અને જે બોલે છે (મોં) તે સાંભળતું નથી. કબીરે એને 'ગૂંગે કેરી સરકરા' કહીને ગાયું છે. સ્વાદ તો આવે છે, પણ કહેવું મુશ્કેલ છે.

## સમય જાણે થંભી ગયો

એ સ્પર્શે શ્રીરામની સામે એક અલગ જ સંસાર ખોલી દીધો. એ સંસારમાં વાણીની જરૂર ન લાગી, સમય પણ થંભી ગયો અને સ્થાન તો જાણે પોતાની સીમા જ ભૂલી ગયું. દેશ-કાળથી પર એ અનુભૂતિમાં માર્ગદર્શક સત્તાએ પાછલા કેટલાય જન્મોની યાત્રા કરાવી દીધી. એ યાત્રા સ્મૃતિઓમાં ઊતરીને નહિ, શુદ્ધ ચેતનાના જગતમાં પ્રવેશીને સંપન્ન થઈ હતી. એ જગતમાં પ્રવેશ કરતાં જ શ્રીરામ પોતાને વારાણસીમાં ઉપસ્થિત અનુભવી રહ્યા છે. એ ક્ષણને અનુભવ કહેવો એય કદાચ ખોટું હોય. તેઓ વારાણસીમાં જ હતા. પૂજાખંડમાં જે રૂપ, અવસ્થા ને વેશમાં હતા તેનાથી તદ્દન અલગ પોતાને એક અજાણરૂપે જોયા, પણ


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

એવું ન લાગ્યું કે કોઈ આશ્ચર્યલોકમાં હોય. અપરિચિત હોવા છતાંય એ સમય, સ્થિતિ અને સ્વરૂપ સહજ લાગી રહ્યું હતું, જાણે પોતાની ચેતનામાં જ બની રહ્યું હોય અને પોતે એ સ્થિતિના નાયક હોય.

એક દશ્યમાં સ્વામી રામાનંદ કાશીના ઘાટ પર સ્નાન કરવા જઈ રહ્યા છે. પગથિયાં પર સૂતેલું કોઈ, રામાનંદ પાસેથી રામનામની દીક્ષા લેવાની આશામાં આતુર છે. પહેલાં પ્રયત્ન કરી જોયો હતો, પણ ગુરુના સહયોગીઓએ અંત્યજોને રામનામની દીક્ષા આપવામાં આવતી નથી એમ કહી મના કરી દીધી. તે પોતાની મેળે ભલે જપ કર્યા કરે, ગુરુમુખે સાંભળવાની યોગ્યતા એમનામાં નથી. એ 'કોઈ' સંત કબીર હતા અને પૂજાખંડમાં માથે હાથનો સ્પર્શ પામીને શ્રીરામ આ બધું અનુભવી રહ્યા હતા, તેઓ પોતાને પગથિયાં પર સૂતેલા પણ જોઈ રહ્યા હતા. બ્રાહ્મમુહૂર્તમાં સ્વામી રામાનંદ ગંગાસ્નાન માટે આવ્યા. પગથિયાં પર કબીરે પોતાની જાતને એવી સંકોરી લીધી કે કોઈને દેખાય નહિ. ઘાટનાં પગથિયાં ઊતરતાં જ એમનો જમણો પગ કબીરના શરીર પર પડયો અને ખબર પડી કે કોઈને વાગ્યું છે. આ જાણ થતાંની સાથે જ સ્વામીજીના મુખમાંથી 'રામ-રામ'નો ધ્વનિ ગૂંજ્યો. કબીરે તત્ક્ષણ ઊઠીને સ્વામીજીના પગ પકડી લીધા અને કહ્યું, હું ધન્ય બની ગયો, પૂજ્યવર ! મને ગુરુમંત્ર મળી ગયો.

આ ઘટના પછી સ્વામી રામાનંદે કબીરને વિધિવત્ પોતાના શિષ્ય તરીકે સ્વીકાર્યા. કાશીના વિદ્વાનો, આચાર્યો, સાધુઓ અને મહામંડલેશ્વરોએ આનો પ્રચંડ વિરોધ કર્યો. એમને ધર્મદ્રોહી ઠરાવ્યા. રૂઢિઓ અને પરંપરા પ્રત્યે અતિશય આગ્રહ રાખનાર સ્વામી રામાનંદ પર આની જરાય અસર ન પડી.

કબીર કપડાં વણીને પોતાનો નિર્વાહ ચલાવતા હતા. કામ કરતાં કરતાં જ તેઓ સાધકો અને જિજ્ઞાસુઓને ધર્મોપદેશ આપતા હતા. એવું દેખાઈ રહ્યું હતું કે કેટલાક લોકો એમના ઘરે બેઠા છે. ચર્ચાનો વિષય અધ્યાત્મ સુધી જ સીમિત નથી, ઘર-પરિવાર, સમાજ અને સમકાલીન ઘટનાઓ પર પણ વાતચીત થાય છે. નિર્વાહ પૂરતાં કપડાં તૈયાર થઈ ગયા પછી કબીર પોતે એ વેચવા જતા. કોઈ ભાવ નહિ, જેણે જે મૂલ્ય આંક્યું અને આપવા ઈચ્છ્યું, તે લઈ લીધું. પછી ઘરે આવી ગયા. આ રીતના સોદામાં ક્યારેય નુકસાન નથી થયું.

એક સત્સંગમાં કોઈએ પૂછ્યું, "કબીર સાહેબ ! આપનો પરિવાર ખૂબ ખુશ છે. સુખી દામ્પત્યનું રહસ્ય શું છે ?" સાંભળીને કબીર ક્ષણભર ચૂપ થઈ ગયા. પછી પત્નીને બૂમ પાડી, "લોઈ ! ખૂબ અંધારું છે. દીપક પ્રગટાવી લાવો." (લોઈ એમનાં પત્નીનું નામ હતું.) સાંભળનાર ભારે દ્વિધામાં પડી ગયા. ભર બપોરનો સમય હતો. મધ્યાકાશમાં સૂર્ય પ્રકાશી રહ્યો હતો. જે જગ્યાએ કબીર સત્સંગીઓ સાથે બેઠા હતા ત્યાં પણ પૂરતો પ્રકાશ હતો. અબૂઝ સ્થિતિમાં રહેલા લોકોને વધુ આશ્ચર્ય તો ત્યારે થયું, જ્યારે લોઈ દીપક પ્રગટાવીને આવી અને કબીર પાસે પડેલા એક બાજઠ પર મૂકીને ચાલી ગઈ. કબીરે કહ્યું, "પતિ-પત્નીમાં આ રીતનો વિશ્વાસ હોય તો દામ્પત્ય ખૂબ આનંદથી ચાલે છે. લોઈ પણ જાણે છે કે ભર બપોર છે અને દીપકની જરૂર નથી, છતાંય કહ્યું તો એણે સંદેહ ન દર્શાવ્યો. એ કહ્યા મુજબ ચૂપચાપ પોતાનું કામ કરીને ચાલી ગઈ."

પરિવારની આવક મર્યાદિત હતી અને આગંતુકોની વણઝાર ચાલુ જ રહેતી, આવનારની સરભરા પણ થતી. ઘરમાં હંમેશાં તંગી રહેતી. પુત્ર કમાલ મોટો થયો. પરિવારમાં રહેતી તંગીનો સારી રીતે ખ્યાલ હતો. તેણે વ્યાપાર-વ્યવસાયમાં ધ્યાન આપ્યું. પુત્રને વ્યાવહારિક અધ્યાત્મની દીક્ષા આપી. એવા જ સંસ્કાર પણ આપ્યાં.

(ક્રમશઃ)

રેખાગણિતના અનેક સિદ્ધાંતોના શોધક યૂકિલડ પિતાનો વિરોધ હોવા છતાંય કામમાં ડૂબેલા રહેતા. એક દિવસ તેમના પિતાએ કહ્યું, આ બેવકૂફીનું કામ જો તું છોડી નહિ દે, તો મારી સંપત્તિમાં ભાગ મેળવી શકીશ નહિ. યૂકિલડે કહ્યું, આપ આપનું ધન ભલે ભાઈઓને આપી દો, મને મારા કામમાં એટલો આનંદ આવે છે કે એની સામે આપની દોલત તુચ્છ છે,

યૂકિલડે પિતાના ધનનો લોભ ન છોડયો હોત, તો દુનિયાને ગણિતના ઉચ્ચ સિદ્ધાંતોનો લાભ આપવામાં સફળ ન થયા હોત. નાનકડા લોભમાં મોટા લાભથી વંચિત રહી જાત.



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

અપનો સે અપની બાત

એક યક્ષ પ્રશ્ન :

## આ કાર્યોને તમો ક્યારે ગતિ આપશો

સંક્રાંતિકાળથી પસાર થઈ રહેલ પૂરી વિશ્વ-વસુધા આજે સાંસ્કૃતિક-આધ્યાત્મિક સ્તરે કરાઈ રહેલ તે ક્રિયા કર્મોને નિહાળી રહી છે, જે ભવિષ્યનું નિર્ધારણ કરશે. પરિવર્તન સુનિશ્ચિત છે. આ દિવસોમાં થવાનું છે, એ પણ નિશ્ચિત છે. સૃષ્ટાનો સંકલ્પ પણ પ્રકટ થતો જઈ રહ્યો છે, પરંતુ સાથે જે બજારવાદ-ઉપભોગવાદ પર ટકેલ સભ્યતા પણ સંવેદના મૂલક આધ્યાત્મિક મૂલ્યોથી બનેલ સંસ્કૃતિનો સંઘર્ષ પણ સાફ દેખાઈ રહ્યો છે. મૂલ્યોને ગુમાવી બજારમાં મૂલ્ય મેળવવું, એ આજની સભ્યતા શીખવાડી રહી છે. જે કંઈ છે તે પૈસા જ છે તથા વિજ્ઞાનના સાધન આપણને સુખ આપી રહ્યા છે તે મૂલ્ય વગરનું જીવન જીવીને વ્યક્તિ ઉદ્વિગ્નતા, તણાવ, બેચેની, વ્યાધિઓના શિકાર થવું વધુ પસંદ કરી રહ્યા છે. તેને વિધિની વિડંબણા કહેવી કે અસુરતાનું કુચક્ર. ચારેય બાજુ નાગા ડાંસ દેખાય છે. મોટા ભાગે વિદેશીકરણ આવી ગયું છે. આપણી પોતાની મૂળ ધરોહર વનૌષધિઓ, જળ, માટી, પાક જ નહીં, વેદ જે ધર્મનું મૂળ છે, તેને જન્મ આપનાર ગાયત્રી મંત્ર સુધી પેટન્ટ કરાઈ રહેલ છે. શિક્ષા હવે જન સામાન્ય માટે ના રહી, માત્ર પૈસાવાળા જ ભણી શકે. ગરીબોની હવે શિક્ષા ના રહી.

ઈન્ટરનેટે એક 'વેબવર્લ્ડ બનાવી દીધું, ગ્લોબલની નીચે એક ગામ બનાવી દીધું', જેની પરિધિમાં આખું વિશ્વ આવી ગયું, પણ એ મૂલ્યવાળું ન હતું, યંત્રવાળું તથા બજારૂ હતું. તેથી જાણકારીની આપ-લે સુધી ઠીક છે, પણ વિશ્વને એક પરિવાર બનાવવાનું કાર્ય એનાથી ન થયું, ન થશે. તે તો વૈદિક સૂકત 'અયં નિજઃ પરો વેતિ..........'ના આધારે જ થશે. આપણે સભ્યતાથી સંસ્કૃતિ તરફ, વિદેશીકરણથી સ્વદેશી તરફ, શહેરોથી ગામો તરફ, બહિર્મુખી બજારૂ જીવનથી પારિવારિક જીવન તરફ તથા શિક્ષાથી વિદ્યા તરફ પાછા વળવાની યાત્રા કરવી પડશે. આ કાર્ય વિજ્ઞાન અને અધ્યાત્મના પરસ્પર એક બીજાના સમન્વયની ધરી પર સ્થાપિત થશે તથા તેને આજના બાળકો, કાલની યુવા પેઢી સંપન્ન કરશે. આપણા રાષ્ટ્રપતિ મહામહિમ એ. પી. જે. કલામે વગર કારણે જ આ શિશુ વર્ગને પોતાનું લક્ષ્ય નથી બનાવ્યું. તેની પાછળ દૂર દૃષ્ટિ છે, ૨૦૧૫-૨૦૨૦ ની વચ્ચે ભારતને દરેક દૃષ્ટિએ વિકસિત કરી વિશ્વના મહાનાયકના રૂપમાં સ્થાપિત કરવું.

આપણે પાઠકના સંબંધે શું કરવું જોઈએ ? આપણે ઉત્પ્રેરકની ભૂમિકા નિભાવવી પડશે. યુગ નિર્માણ યોજનાને

## આ વર્ષની ત્રિવિધ યોજના સમજો, પોતાની જવાબદારી સંભાળો

ક્યાં જઈને રોકાશે આ ક્રમ, કંઈ સમજમાં આવતું નથી. પાછલા દિવસોમાં પ્રદૂષણ તથા ઋતુવિષમતાના મારના લીધે અડધું ભારત ધુમ્મસની લપેટમાં આવી ગયું. સૂર્યોદય થઈને અસ્ત પણ થઈ ગયો, પણ લગભગ ત્રણ અઠવાડિયાથી વધુ નવ વર્ષના આરંભનો સમય એવો વીત્યો કે આખો દિવસ પાસેનું પણ બરોબર દેખાતું ન હતું. લાગે છે આ જ ધુમ્મસ પૂરી માનવ જાતિ પર, તેના ચિંતન પર છવાઈ ગયું છે. ભ્રાંતિઓ જ જોર કરતી દેખાય છે. દૂરદર્શિતા, સમજદારી, જ્ઞાનની વાતો લોકોને રુચિવાળી નથી લાગતી.

સમાધાન એક છે, દેવ સંસ્કૃતિ. જે માનવમાં દેવતા બનાવનાર મૂલ્યોને વિકસિત કરે, તે ભારતીય સંસ્કૃતિ. એનાથી પારિવારિકતાવાળો સમાજ ફરી બની શકશે તથા વિશ્વ-વસુધા એક વિશાળ કુટુંબની માફક રહી શકશે.

જન્મ તો મહાકાલની સત્તાએ, ઋષિઓની હિમાલયમાં રહેલ સંસદે આપ્યો છે, પરંતુ તેમાં કાર્ય કરવાનો સમય આપણા માટે હવે આવ્યો છે. અત્યાર સુધી તો છાવણીમાં રસદપૂર્તિ, સેનાની રગડાઈ-વ્યાયામ આદિ જેવા કાર્ય ચાલી રહ્યા હતા. હવે મોરચા પર ચાલવાનો સમય આવી ગયો છે. વાસંતી ઉલ્લાસ વારે-વારે અંદરથી એ જ ઉછાળો મારી રહ્યો છે. જો આ પંદર-સત્તર વર્ષમાં કામ થઈ ગયું તો સમજી જવું જોઈએ કે ભાવિ પેઢી માટે સતયુગી સપનોનો મહેલ ઊભો થઈ ગયો.

આ દિવસોમાં બે કાર્ય સૌ પરિજનોના દરેક કાર્યની મૂળ ધરીમાં થવા જોઈએ, તે છે જીવન સાધનાનો નિખાર તથા બીજું વિદ્યા વિસ્તાર જીવન સાધના દરેક પળની હોય છે. ઉપાસના-પ્રાર્થના થોડીવારની, થોડી ક્ષણોની થોડા કલાકોની હોઈ શકે છે, પણ સાધના તો દરેક શ્વાસે થવી


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

જોઈએ. સાધનાનો અર્થ છે-પોતે પોતાની પર પોતાનું નિયંત્રણ, પોતે પોતાને સાધવું, ક્ષરિત થઈ રહેલ વૃત્તિઓ પર કઠોરતાથી અંકુશ લગાવવો. તેને સંયમ કહ્યો છે તથા સંયમ-સાધના શબ્દોનો એક સાથે ઉપયોગ થાય છે. સમય, અર્થ, ઈંદ્રિય તથા વિચારોનો- ચાર સંયમ કરાય છે, ત્યારે જીવન દેવતા પ્રસન્ન થાય છે તથા કલ્પવૃક્ષની માફક મનોકામના પૂર્ણ કરે છે. પોતાના પર કડક દૃષ્ટિ, સ્વયંને જવાબદાર નાગરિક માનીને દરેક ત્રુટિની (પોતાની) સમીક્ષા, અવલોકન, સુધાર તથા નવી આદતોનું, સારી આદતોનું નિર્માણ - એ આપણા સૌનું કર્તવ્ય છે, યુગ-નેતૃત્વ સંભાળવા, હવે ખાસ જવાબદારી ઉઠાવવાની છે. જેટલી એ નિખરશે, એટલો જ આત્મસંતોષ તથા લોક-સન્માન મળશે. દેવી કૃપા તો વરસશે જ.

જીવન સાધનાને નિખારે છે સ્વાધ્યાય. સ્વનું પર્યવેક્ષણ-અધ્યયન તથા શ્રેષ્ઠ વિચારોમાં સતત સ્નાન. વ્યક્તિત્વ સારા વિચારોથી શુધ્ધ રહેશે તો વિચાર જાતે જ વિદ્યા વિસ્તાર યોજનાને પોતાનું એક અંગ બનાવવું. જે પણ પુસ્તક, પત્રિકા, ઓડિયો બુક, કેસેટ બીજાને આપવાનું, વંચાવવાનું, સંભળાવવાનું હોય તેને પહેલા પોતે વાંચવું સારી રીતે મનન કરવું. જેટલું વધુ મનન થશે તેટલો જ પોતાનો વિશ્વાસ પ્રચંડ થઈ જશે તથા ગુરુવરના વિચારોની આગને સતત સક્રિય બનાવશે. મન ઉલ્લાસિત તણાવમુક્ત રહેશે.

હવે આ વિચારોની આગ બીજાઓ સુધી પહોંચાડવાની છે. જ્ઞાનયજ્ઞથી મોટું કોઈ પુણ્ય નથી. ભલે તે સ્ટીકર્સ હોય, પછી તે સૌજન્યથી છપાવેલ ફોલ્ડર્સ-પત્રકો હોય અથવા નાના-નાના પુસ્તકો બને તેટલા જન-જન સુધી પહોંચાડવા જોઈએ. બહુ અણમોલ ખજાનો મિશનની પાસે પરમ પૂજ્ય ગુરુદેવના વિચારોના રૂપમાં છે. તે સાહિત્યના ભિન્ન-ભિન્ન રૂપો-બ્રોશર્સ, ઓડિયો, વીડીયો કેસેટસ્ તથા વી.સી.ડી. તથા સ્ટીકર્સ આદિ રૂપોમાં છે. તેને જન-જન સુધી અલગ-અલગ ભાષાઓમાં પહોંચાડવું જોઈએ. આ સાધના સંગઠન સશક્તીકરણ વર્ષના ઉત્તરાર્ધમાં જે ઝોલા પુસ્તકાલય, જ્ઞાનરથ, વીડીયો રથ ફરીથી ગતિ પકડે તો આનંદ આવી જાય. પતન-નિવારણની સર્વ શ્રેષ્ઠ સેવા એનાથી થશે.

હવે આ બે મૂળ કાર્યક્રમોની ધરી પર આ વર્ષનો એક મહત્ત્વપૂર્ણ કાર્યક્રમ છે. તે છે રચનાત્મક પીઠોનું નિર્માણ તથા રચનાત્મક દીપયજ્ઞ, મહાયજ્ઞ, મહાસંમેલનોના આયોજન. આપણું દેવસંસ્કૃતિ વિશ્વ વિદ્યાલય આ રચનાત્મક અભિયાન માટે જ સૃજિત થયું છે. તેનું લક્ષ્ય જ છે દેવમાનવોનું નિર્માણ તથા તેના દ્વારા રાષ્ટ્રનો સાંસ્કૃતિક નવો ઉમંગ. શિક્ષા, સ્વાસ્થ્ય, સ્વાવલંબન તથા પર્યાવરણ-ગ્રામવિકાસ આપદા પ્રબંધન એ ચાર કાર્યક્રમ એટલા માટે સાધનાની ધરી પર આ વિશ્વ વિદ્યાલય માટે છે.

આપણે અનૌપચારિક શિક્ષાનું, વિદ્યા તથા શિક્ષાનું સાર્થક સમન્વયનું મોડલ ઊભું કરવાનું છે. નૂતન શિક્ષા પધ્ધતિ એના માટે બનાવવી પડશે. જે જે સ્થાનોએ ભારતીય સંસ્કૃતિ જ્ઞાન પરીક્ષાઓ થઈ, ત્યાં સંસ્કૃતિ મંડળોનું નિર્માણ તથા તેના દ્વારા દરેક વિદ્યાલયમાં, મહાવિદ્યાલયમાં મૂલ્યના આધારે શિક્ષાનો પ્રચાર-પ્રસાર આજની સૌથી મોટી જરૂરિયાત છે. સાંસ્કૃતિક ચેતના પણ એનાથી ગતિ પકડશે. સ્વાસ્થ્યની દૃષ્ટિએ પ્રાકૃતિક, વનૌષધિવાળા તથા વૈકલ્પિક ચિકિત્સા પધ્ધતિઓનું પ્રશિક્ષણ હવે જગા-જગાએ આપવું પડશે. જગા-જગાએ સ્મૃતિ ઉપવન લગાવવા હવે જરૂરી છે, જ્યાં જડી-બુટ્ટીઓની ધરોહરના રૂપમાં પિતૃઓની સ્મૃતિ સુરક્ષિત રાખી શકાશે. દવાખાનાં બનાવવાં એટલા જરૂરી નથી, જેટલા સાચી જીવનશૈલી શીખવાડનારા સ્વાસ્થ્ય-સંવર્ધન કેન્દ્ર જરૂરી છે.

આપણું સ્વાવલંબન સ્વદેશી પર આધારિત છે તથા ગામો તરફ ફરી પાછા વળવાની નીતિ પર ટકેલ છે. ગોવંશને જીવિત રાખવું તથા તે આધાર પર ગામોનો વિકાસ પાછો લાવવો એક એવો પુરૂષાર્થ છે, જે ભારતની અર્થ વ્યવસ્થાને શીર્ષ પર પહોંચાડી શકે છે. ગૌ ઉત્પાદો તથા વનૌષધિને સાથે જોડી ગ્રામોદ્યોગોની શૃંખલા ઊભી કરી શકાય છે. બેરોજગારી આનાથી દૂર કરી શકાશે. શહેરીકરણ - ઔદ્યોગીકરણ - અપરાધ તથા પ્રદૂષણનો ઉપચાર એ જ છે કે ગામોને સ્વસ્થ-સ્વાવલંબી બનાવવામાં આવે. એની સાથે પર્યાવરણ પણ સુધરશે તથા ગામ વિકાસ, ગામ આપદા પ્રબંધન યોજનાઓ સાકાર થઈ ગામતીર્થ અભિયાનને ગતિ આપશે. ૨૦૦૫ ના અંત સુધી આખા ભારતના લગભગ સાડા આઠસો જિલ્લાઓના પંદર હજાર તાલુકાઓમાં આપણે એક-એક ગામતીર્થ રચનાત્મક કેન્દ્ર ઊભા કરવાના છે.

વસંત પંચમીથી હોળી સુધીનો સમય વાસંતી ઉમંગોથી ભરેલો મનાય છે. આ ચાલીસ દિવસના સમયમાં મન તરંગિત રહે છે તથા નવા-નવા સંકલ્પ મનમાં ઉભરાય છે. આ અવધિમાં એ સંકલ્પ લેવાય જે બતાવાયા તથા તેને એપ્રીલની ચૈત્ર નવરાત્રિમાં ફળીભૂત કરી દેવાય તો એનાથી મોટી સમજદારી શું હોઈ શકે ? ◎


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

# યુગ નિર્માણ સમાચાર

**પાલનપુર** ગાયત્રી શક્તિપીઠ, પાલનપુર રાષ્ટ્રીય તહેવારો વિશેષ રૂપે ઉજવે છે, આ તહેવારો પૈકી પ્રજાસત્તાક દિનની ઉજવણી શક્તિપીઠના પ્રાંગણમાં ધ્વજવંદન તેમજ બાળકો દ્વારા સાંસ્કૃતિક કાર્યક્રમો દ્વારા કરવામાં આવી.

પૂજ્ય ગુરૂદેવ તેમજ વંદનીય માતાજીના આશીર્વાદ અને પ્રેરણાથી પાલનપુર શહેરની તમામ પ્રાથમિક શાળાઓ તેમજ હાઈસ્કૂલના વિદ્યાર્થીઓ માટે એક ચિત્ર સ્પર્ધાનું આયોજન બપોરે ૨ થી ૬ વાગ્યા સુધી રાખેલ હતું જેમાં ત્રણ જુથ પાડેલ હતા. જુથ 'અ' માં બાળમંદિરથી ધો. ૩, જુથ 'બ' માં ધોરણ ૪ થી ૬ સુધી તેમજ જુથ 'ક' માં ધોરણ ૭ થી ૯ સુધીના કુલ ૧૮૯૦ બાળકોએ ભાગ લીધેલ હતો.

જુથ 'અ' માં ચિત્રના વિષયો હતા (૧) બાગમાં ઝુલો (૨) સુર્ય (૩) પતંગ તથા જુથ 'બ' માં (૧) વૃક્ષ બચાવો અને ઉછેરો (૨) જળ એજ જીવન (૩) આપણા તહેવારો પૈકી કોઈ પણ એક તહેવાર, જુથ 'ક' માં (૧) વ્યસન છોડો જીવન બચાવો (૨) સ્વચ્છતા ત્યાં પ્રભુતા (૩) આપણું ગાયત્રી શક્તિપીઠ.

દરેક બાળકોને પ્રાર્થનાબુક, મંત્રલેખન બુક તેમજ લાલ બોલપેન શક્તિપીઠ તરફથી આપવામાં આવેલ જેના દ્વારા મીશનનો સંદેશ બાળકો દ્વારા ઘર-ઘર સુધી પહોંચાડવાનો નમ્ર પ્રયાસ કરવામાં આવેલ હતો.

**અમદાવાદ**–અખિલ વિશ્વ ગાયત્રી પરિવાર શાંતિકુંજ હરિદ્વારના તત્વાવધાનમાં આસોપાલવ ગાયત્રી પરિવાર દ્વારા શહેરના નારણપુરા વિસ્તારમાં ૫૧ કુંડીય ગાયત્રી મહાયજ્ઞનું આયોજન કરવામાં આવ્યું. ગાયત્રી મહાયજ્ઞ પાછળ મુખ્ય ઉદ્દેશ વિશ્વમાં ચાલી રહેલા કુદરતી અને માનવ સર્જીત પ્રકોપો સામે રક્ષણ મેળવી શાંતિનો સંદેશ ફેલાવાનો હતો.

**સુરત**– ગાયત્રી પરિવાર વરાછા રોડ સુરતના ઉપક્રમે પ્રજ્ઞાપુરાણ મહાકથાનું આયોજન સિધ્ધ કુટીરના પટાંગણમાં બ્રહ્મચારી સ્વામીશ્રી સુખદેવજી બાબાના સહયોગથી સંપન્ન થયું. શ્રી જનકભાઈ ધાનાણીના નિવાસ સ્થાનેથી 'પોથી યાત્રા' નો પ્રારંભ કરવામાં આવેલ. કળશ સાથે ૫૧ બહેનો પીળા વસ્ત્રોમાં આગળના ભાગે ચાલતી હતી. વરાછા રોડના અગ્રણ્ય સામાજિક કાર્યકર ભાઈઓ તથા પરિજનો સાથે પૂ. ગુરુદેવ, ગાયત્રી માતા, પૂ. વંદનીયા માતાજીના સ્થાપિત ફોટા બગીમાં બીરાજવામાં આવેલ, વાજતે ગાજતે સૂત્રોચ્ચાર, ગાયત્રી મંત્ર ધૂન સાથે પ્રજ્ઞા પુરાણ પોથી યાત્રા સિધ્ધ કુટીરના પટાંગણમાં પહોંચી. પ્રજ્ઞા ટોળી દ્વારા કળશધારી બહેનોનું પુષ્પવૃષ્ટિથી સ્વાગત કર્યા બાદ કથાનો પ્રારંભ કરવામાં આવેલ.

**થોરડી** યુગ નિર્માણ ગાયત્રી પરિવાર જ્ઞાન પ્રચાર કેન્દ્ર અંતર્ગત બાળ સંસ્કાર કેન્દ્ર શ્રી બાપાલાલભાઈના સંચાલન તળે તાજેતરમાં કાર્યરત થઈ છે. પ્રારંભથી જ ૭૫ જેટલા બાળકો સાથે ૩૦ જેટલી મહિલાઓ પણ તેમાં જોડાઈને ખૂબ જ ઉત્સાહપૂર્વક સંસ્કાર શિક્ષણ અને ધર્મજ્ઞાન મેળવ્યું. વહેલી સવારે પ્રભાતફેરી સાંધ્ય પ્રાર્થના ગાયત્રી મંત્ર જાપ-લેખન સમૂહ પ્રાર્થના નિયમિત અને શિસ્તબધ્ધ થાય છે. વ્યસનમુક્ત અભિયાન પણ ચલાવી રહ્યા છે.

**સારસા** ગાયત્રી શક્તિપીઠના પ્રયત્નોથી આ વર્ષે સત્યનારાયણ કથા પ્રસંગે બસો એકાવન સ્થાપનનું આયોજન થયું હતું. સારસા, ખંભોળજ, વહેરા, ચિખોદરા જેવાં આજુબાજુના ગામો તેમજ મધ્યમ અને સામાન્ય આર્થિક સ્થિતિવાળાના અતિ ઉત્સાહને લીધે સ્થાપનની વ્યવસ્થા પણ ઓછી પડી હતી. આશરે ચાર કલાક ચાલેલ આ જ્ઞાનયજ્ઞનો બધાએ શાંતિપૂર્ણ રીતે એક ચિત્તે રસાસ્વાદ માણ્યો હતો. નડીયાદના વરિષ્ઠ પ્રજ્ઞાપુત્ર શ્રી અરવિંદભાઈ પટેલે આ આયોજન કર્યું હતું. મુખ્ય સ્થાપન પર પૂજન વિધિ સંસ્થાને દેવ સંસ્કૃતિ વિદ્યાલય માટે આશરે એક કરોડ રૂપિયાની કિંમતનું આંબાવાડીયું ભેટ આપનાર ભૂતપૂર્વ ધારા સભ્ય સ્વશ્રી શનુભાઈ મહીજીભાઈ પટેલનાં દીકરી શ્રીમતિ રમાબેન પટેલે (મુંબઈ) કરી હતી.


**અમદાવાદ**- અહીંના યુનિવર્સિટી રોડ પર આવેલાં કાશીરામ અગ્રવાલ હોલમાં ૭ દિવસ માટે થયેલ પ્રવચન 'મનનો જમણવાર', પ્રસંગે સેટેલાઈટ શાખા દ્વારા 'બ્રહ્મભોજ સાહિત્ય સ્ટોલ', રાખવામાં આવ્યો, ૭ દિવસ દરમ્યાન ત્રણ ખંડ ઉપનિષદ, 'ઋષી ચિંતનના સાનિધ્યમાં', ' ગાયત્રી મહાવિજ્ઞાન ' અને ' વેદોનો દિવ્ય સંદેશ ' રૂા. ૧૧,૦૦૦નાં પુસ્તકોનું વેચાણ થયું.

સેટેલાઈટ શાખા દ્વારા સુવર્ણ જયંતિ વર્ષ દરમ્યાન મંત્રલેખન પણ બીજા સાહિત્ય સાથે બ્રહ્મભોજમાં આપવાની વ્યવસ્થા કરવામાં આવી છે. સેટેલાઈટ શાખા દ્વારા ૧૫૦૦ 'ઋષી ચિંતનના સાનિધ્યમાં'નું બ્રહ્મભોજમાં વહેચાણ થયું. તાજેતરમાં ૧૦૦ ઋષી ચિંતન વડોદરા માંજલપુર શાખાને મોકલવાની વ્યવસ્થા કરવામાં આવી.



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

R.N.I. 23434/71 YUG SHAKTI GAYATRI GUJRATI MONTHLY REGD.No. AG/MTR-39/03-05
Licened to post without Prepayment. LICENCE- AG/MTR-01




ભક્તિ ધામ-કૈલાશમઠ નાસિકથી થયેલ શુભારંભ.



'મહાકાલ' જ્યોતિર્લિંગનું વિશેષ પૂજન



ત્ર્યંબકેશ્વર તીર્થના
પવિત્ર જળથી
મહાકાલ વિગ્રહનો અભિષેક થયો.

માલિક યુગ નિર્માણ યોજના ટ્રસ્ટ મથુરા માટે મૃત્યુંજય શર્મા દ્વારા પ્રકાશિત તથા યુગ નિર્માણ પ્રેસ મથુરામાં મુદ્રિત અને
યુગ નિર્માણ યોજના ટ્રસ્ટ મથુરાથી પ્રકાશિત સંપાદક ડૉ. પ્રણવ પંડ્યા, સહ સંપાદક



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.